॥ શ્રી ॥

સુરેખા હરણ.

રચનાર.

કવિ, છગનલાલ હરજીભાઈ દ્વિવેદી-ઉમરેઠ વાસી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર-સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદ.

પીરમસાના રોજા પાસે શ્રી " સત્ય સાગર " પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ પોચાભાઈ નકુભાઈએ છાપ્યું.

આવૃત્તી ૧ લી. પ્રત ૨૦૦૦.

સને ૧૯૧૫.

કીંમત ૦—૮—૦

ॐ श्री.

સુરેખા હરણ.

મંગલાચરણ સાર્દુલ.

આપોને આનંદ શ્રી ગણપતી, ભાનુ શ્રી લક્ષ્મી પતી;
ગૌરી દેવ મહેશ્વરા પરણમુ, કરૂણા કરીદ્યો મતિ.
રાખોને આરોગ્ય લક્ષ્મી સહને, વાસો કરી રે'સદા;
આજ્ઞાંકિત રહે સહુ સદનમાં, વિઘ્નો ન આવે કદા. ૧

દોહા.—સહસ્ત્ર કર પદ નાસિકા સહસ્ત્ર યુગ અનંત; અછેદ ભેદ જરા અમર સૌમાં તુજ મહંત. ૨ સકળ સાર કરૂણા નિધિ નગમ તત્વ ઑંકાર; વંદીપાયે લાગિયે કરો સકળ સ્થળ સાર. ૩ રાગ. કલ્યાણ—દેવ અરહંત સેવિ ધ્યાનતા અમો ધરૂં, સાહ્ય થાવ સદ્ય શ્રી સુરેખાહર્ણ વિસ્તરૂં; આપ્ય વાણિ માત સર્સ્વતિ સદા જીભે વસી, કાલિદાસને કરી સહાય સાહ્ય ઇશ્વરી—દેવ૦ ટેક. વ્યાસ મુનિયે કથી સુસાર ભારતે ભરી, ગોવિંદના ગુણારવિંદ કારણેજ ઉચ્ચરી; સાર તેહ સદ્ય આજ ગુર્જરી ગીરા કથું, વિભુતિ રૂપ વિશ્વની કવિ ગીરા નમી વદું—દેવ૦ ૨ પ્રશ્ન એક પુછિયો શ્રી ચંદ્ર ધ્યાન માનમાં, હવી કૃપા પ્રભુપદે સહાય રહેવા સાનમાં; દીન દોહલા થયે ન કોઈ સાહ્ય થાયરે, દાખલા દિયો કવિ શ્રી જકત જાણ માંહ્યરે-દેવ૦ ૩ એક દેશ કારણે શ્રી જગતને ઉધ્ધારણે; હામ કામ દામ જ્ઞાન માન કેરે ધારણે; હિત્ત હિંદ વાધવા ને હિકમતે વધારવા, વિસ્તરૂં સુરેખાહર્ણ શ્યામ ભક્તિ ધારવા. દેવ૦ ૪ ચંદુલાલ ચિત્તમાંય ધ્યાન ધરિને રહો, ભક્તિ ધ્યાન જ્ઞાન માન ઉરમાં સદા ચહો; પિંડ આજ આવિયો પશુ તજી મનુષ્યનો, કહે કવિ છગન મગન લગન્ન લાગે ખુશનો. દેવ૦ ૫ સાખી—સર્ગ વિષે કિરિટિ ગયો, વસ્યા પાંડવ વંનરે; વદુર ગ્રહે હસ્તિનાપુરમાં, શું થાતું તે દીનરે. ૬

કડવું ૧. રાગ ચોપાઈ.

વૈશંપાયન એણી પેર બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, સુરેખાહર્ણ મહિમાય. ૧ સારી રેખા કર્મ તણી તો, સરવે થાયે સાહ્ય; પડતી જ્યારે આવે ત્યારે, કોનવ થાયે સાહ્ય. ૨ ગમતું તો ગોવિંદનું થાયે, અન્ય કલ્પના જુઠી; જાવું સર્વ ઉઘાડે હાથે, આવ્યા બાંધી મુઠી. ૩ જે જન સમજ્યા તે જન જીત્યા, બાકી ગોથાં ખાયે; સુરેખ રેખા કર્મની તો કો કાળે નવ જાયે. ૪ રાજસુય પાંડવે કીધો, સભા ભરી તે કાળ; પાળક પુત્રી હલધરનીનું, કીધું વેવીશાળ. ૫ પાંડવના દીન પડતા આવ્યા હાર્યા રમિયા દુત; બાર વરસ વનવાસ સેવવા, ચાલ્યા તજી ઘરસુત્ર. ૬ સ્વર્ગે અર્જુન ગયો શીખવા અહીં થઈ શી રીત, અભિમન્યુ સુભદ્રા કુંતા, વિદુર ગ્રહે રહે પ્રીત. ૭ ખાવા પુરું અન્ન મળે નહિં, દોહ્યલે દહાડા કાઢે; એવામાં એક કૌતુક નિપન્યું, ઘટવુ તે દ્રષ્ટાંતે. ૮ સુરેખાનો વહિવા કીધો, બલભદ્ર જે કાળ; ત્યાર પછી પડતા દીન જોઇ, ઉપન્યો મંન વિચાર. ૯ શ્રીહલધર શોચે મન વિશે, નથી આપણે પુત્ર; લ્હાવો જે લેવાનો છે તે, પાલકથી છેઉ મુક્ત. ૧૦ તેમાં આવી વિઘન પડીયું, હવે કરૂં શું હુય! થયા રંક પાંડવો આજે, હવેજ કરવું શુંય? ૧૧ જાન થકી હું તો નવ શોભું, કાકો ભક્ત વિદુર; છાપાં તિલક તુલશીમાળા, માંડે ભવાઇ ભુર. ૧૨ સોબતીયા પણ ભંગી જંગી, તબુરાના રંગી; મંજીરા જો સાથે હોય તો, ઝાત રહે ના ઢંગી. ૧૩ એની સાથે દાઢી પીળું, બેસુ તે નહિ શોભું; આખર કહે બીચારો સર્વે, એહ વાતનું ગાંભુ ૧૪ માટે સર્વે કહે મુજ સારો વળી કહે કર્યું ઠીક: વિહવા તોડી કરૂં અન્ય તો, કીરતી અધીક. ૧૫ મન વિચારે મગ્ન થયું છે, ત્યાં આવ્યા કૃષ્ન; આવો કહીને માન દીધું, પછી પુછીયું પ્રશ્ન? ૧૬ કહો ભાઇ! હવે શું કર્યું થઈ સુરેખા મોટી; વ્હીવા કરીયે આપણે પણ, જાન ભગતડે ખોટી. ૧૭ અભિમન્યુમાં કાંઇ રહ્યું નહિં, ભત સાથે ભખળ્યો; લગ્ન કરતાં મારો આત્મા અતિ ઘણો છે કકળ્યો. ૧૮ માટે ભાઇ વિહવા તોડી, બીજે ઠામે કરીયે; લ્હાવો પહોચે આપણને, વળિ દેશાંતર વખણાઇએ. ૧૯ સગાભાઇ દુર્યોધનનો સુત, લક્ષમણો છે રૂડો; રાજ કાજનો ધણી રણીને, કયમ કહેવાયે કુડો. ૨૦ અભિમન્યુનો કીધો નિશ્ચય, દીન થયો છે વાંકો; પાંચે પાંડવ વનમાં વસિયા, તેર વરસનો ટાંકો. ૨૧ પુરણ તો પસ્તાવો થાયે, મન થયું ઉદાસ: મન વિચારો મનમાં રહેછે, સુઝે નહિ કોઇ પાસ. ૨૨ નિર્ધનનો સુત આવે વરવા,

મળે ન મુજને લ્હાવો; કન્યાકાળ થયો કુંવરીને, અભિમન્યુ તેડાવો. ૨૩ આવે એકલો, નગ્ર ન શોભે, નહોય જોડે જાન; ભીષ્મ દ્રોણ ને દ્રુપ કદિ આવે, દોશી કુંતા જાણ. ૨૪ સુંદરિયોમાં બ્હેન શુભદ્રા, વહેવારે વિદુર; ટીલું ત્રણ ગજનું તાણે તે, ભક્ત જનમના ભુર. ૨૫ તાલને કીડતાલ સાથે, લાવે તો મંજીરા; છપ્પન છાપાં કરે છાતીએ, વળિ વગાડે વીણા. દશ વીશ માળા ધરે કોટમાં, હાથ ધરે ઝાંઝરીયા; તાન ચઢે ને કરે ચાળા, રૂપ ધરે નિજ તરીયા. ૨૭ રાગ રાગડા તાણે લાંબા, ગોવિંદ ગોવિંદ ગાયે; બડબડ બડબડ મુખથી કરતો, જીભ ચંચળાવતો જાયે. ૨૮ સંસારે લ્હાવો ના વીતે, હાસ્ય કરે સૌ લોક; ગરિબને ઘર નહિં દઉ કન્યા, વહિવા કીધો ફોક. ૨૯ છત્રપતિ દુર્યોધન છેતે, ગૃહસ્થ ભુપાળ; ભાનુમતિ મહા મતિવંત રાણી, લખમણ તેનો બાળ. ૩૦ આજ થકી તેને દઉ કન્યા, અન્યા કહે ન કોય; જાન જથો સાથે લઈ આવે, આનંદ અંતર હોય. ૩૧ જાન આવશે ભારે અહિંયાં, શોભીશું આપણ તો; કહો ભાઇ શું ખોટું કહું છુ, અભિસન્યુ મેલો પડતો. ૩૨ એમ વિચારી વીર મોરારી, તમને પુછવા પ્રશ્ન; દ્વારપાળને મેં મોકલિયો, ત્યાં આવ્યા મન તૃષ્ણ. ૩૩ વદો વડાવીર અહો વિઠલ, એહ કલ્પના ખરી. હસ્તિનાપુર છત્રપતીને, લખોજ કંકોતરી. ૩૪ કૃષ્ન કહે કે કંકોતરી, સમજાવો શુભ અર્થ; બલિભદ્રજી બોલ્યા મુખથી, વ્હીવા કીધો વ્યર્થ. ૩૫ થયા નિર્ધન સુત સતિના, પધાર્યા વન પ્રીતે; કુંવર એકલો વરવા આવે, મને ન લ્હાવો વીતે. ૩૬ માટે વ્હીવા ફોક કરીને, કરૂં હું રૂડીપેર; સુત સભાગી છત્રપતીનો, કરેજ પુત્રી લ્હેર. ૩૭ કરૂ રાય કેરો કુટુંબી, એહ લક્ષ્મણો નામ; કયાં કર્યું કોઇ કહેશે નહિને, થાય આપણું કામ. ૩૮ જાન આવશે ભારે અહિંયા, શોભિશું આપણ તો; કહો ભાઇ? શું ખોટું કહું હું, અભિમન્યુ મ્હેલો પડતો. ૩૯ શુભ સભો આંગણિયે આવે, તેથી રૂડા થઇએ; વીતે ઓરીયો અબળાઓને; માટે લક્ષ્મણો ચહીએ. ૪૦ છત્રપતિ દુર્યોધન બ્હાદુર, છે એની બહુ ચઢતી; પાંચ પાંડવો નિર્ધન બનિયા, વનવશ્યા થઈ પડતી. ૪૧ રઝળતી રખડી કયાં જીવ જાશે, તેર વરસ શી વાત; તેમાં વળિ જો જાહેર થાય તો, અન્ય તેર નીખ્યાત. ૪૨ ઠામ ઠેકાણું ઘર ભુમિ નહિ, મુજ પુત્રી શું ખાશે; શુભ સગામાં ઓઢી પહેરી, કયે ટાંકણે જાશે. ૪૩ માટે એતો નથી ગોઠતું, વ્હીવા મ્હેલો પડતો; દુર્યોધન સુત લક્ષ્મણ સાથે વ્હીવા કરીએ જડતો. ૪૪ તમને બોલાવા માટે મેં, કિંકરને હાકોટયો; ત્યાંતો આવિ ચઢીયા પોતે, ધનધન દહાડો મોટો. ૪૫ કહો ભાઈ શું કરશું હાવે? રસ્તો કોઇ બતાવો

મારૂં મન તો એમજ કહેછે, અભેમન્યુજ ખટાવો. ૪૬ વલણ—કૃષ્ન કહે હો મોટા ભાઈ! એ શી બોલ્યા વાતરે; દાસ છગન કહે ભાણેજ મુકી, બીજાની શી ખ્યાતરે. ૪૭

કડવું ૨ જું.

કૃષ્નોવાચ:—છંદ મનહર. વીરા હે વડિલ મારા, વિચાર સુઝયાન સારા: વેર્વીશાળ તણી બુદ્ધિ. દીસે નહિ તુજમાં: કથિ કથિ કથે કશું, પુછેછે શું મને નશું; મન સુઝયું કાજ કરો, એતો મને પુછ માં; કદી પુછેછે તો કહુ, બ્હેન ને ભાણેજ સહુ; સાથે વૈર બાંધવું તે, જ્ઞાન વસ્યુ તુજમાં: પસંદ પડે ન મુજ. કારણ કહું તે તુજ: સુણ બળદેવ સુજ, વસી જેહ મુજમાં. ૧ વેર વધે ભાણેજને, ભગિનીની સાથે આજ; વ્હાલાને વિપત પડે, દુશમન થાઇયે; એતે નીતિ ન્યાય કયાંનો, ભાઇ કહું વેદો તમે, ઉમ્મર મુકીશું ડુંગર? પુજવાને? જાઇએ; વિપત વખત માટે, સારા સગા જુઓ આજ; વિગત સગાના સમે, સ્વારથ શું સાધિયે: ન્યાય થકી જગત સનાન ચાલે ધર્મ ધરી: ન્યાય મુકી અધર્મ તે, આપે કેમ બ્હોરિયે. ૨ ઉમ્મર મુકીને પુંજે ડુંગર તે ધન કરી; સગો મુકી સુઝે તુજ, એહવાત આગળી: તોડવું હતું તો શાને, કરયું વેવિશાળ તેનો; કર્યા પછી શોચ કરી, ફેરો નહિ વાકળી: સત્ય સત્ય કહું આજ, ફેરો તે શુભ ન સાજ. ન્યાય તોડનાર તણી. ઉડાવીએ ઝાકળી; તે તો તમે ન્યાય તજો, અન્યાયના સાજ સજો; મને તેમાં હા ભીડાવો એ વાચા કે વાકળી. ૩ સંકટ સમજો મન, મદદ તો એને કરો; સંકટ તજાવો દુર, સ્વધર્મ વિચારીયે; સંકટ સમયે સંગી, સંગ તજી તજી જાય: ધિક્કારને પાત્ર તેહ, અવગુણી પ્રમાણિયે; ગુણ કેડે ગુણ દશગણો કરે જેહ જન, પણ અપકાર પર ઉપકાર (પ્ર) માણિયે; ખાઈ આવી ખવરાવો તેમાં તો શો પાડ કરો, પોષનાર પરમારથ પુન્યવંતો જાણીયે. ૪ આતો બેઉ અર્થ સધે, સંબંધ સગાનો વધે, સારૂ લાગે બ્હેનને ને, વંશ ભગિનિ વધે; હુંતો વિહવા તોડી કરો, નહિ કહું જીભ થકી; **કહું જો કદાપિ તો તો દોષિ ભગિનિ થાઈએ; ઘર શોભશે તો રૂડુ અભિમન્યુ આવે ઘેર, લક્ષમણા આવ્યેથી ઘર, લજવીજ મારિયે. હોય જો વિનાશ કાળ સુલટ ઉલટ સુઝે; કુબુદ્ધિ આ કયાંથી આવી વિઘન પ્રમાણિયે. ૫ રાજ ગયું**

દ્રવ્ય ગયું છત્ર સહુ પુરૂં થયુ, અભિમન્યુ તણું કર્મ લીધું નથી કોઈએ; એ-
કને મુકીને કરો બીજી જગા વેવિશાળ, યદુ કુળમાંહિ એવું નથી કરયું કો-
ઇએ, લોપો તમે કુળ ધર્મ તેતો નહિ વાત રૂડી; લક્ષમીને ચલિત જાણો સ્થી-
ર નથી કયાંહિયે. કાયા માયા સહુ જાય વચન તો સત્ય થાય; સત્ય તણો જય
સદા પાપે ખે પ્રમાણિયે. ૬ ગીતિ—બ્હેન અને ભાણેજ? દુભાય ને નહિ ધર્મ
કદિ કહાવે; દાસ છગન તે સુણી હલધર વચનો ક્રોધે વદાયે. ૭

કડવું ૩ જુ.

હલધર ઉવાચઃ—રાગ શાર્દુલની દેશી. જાણું છું હું વાત આજ સહુએ પેગામ ત્હારાં પરાં, કરવું હોયે કાજ નોય વદતો* ના હોય વચનો ખરાં; પુછયાનું પરમાણનો લહે નહિ, ફાંફાં મરાવે નરાં, તે તો તારી વાત મેંજ લહી-છે ધાર્યા કર્યા જે ઘણાં. ૧ હાવ તે નહિ થાય કાજ કંઇએ સમ્મત્તિ દેવી પડે, ચાલે નહિં મુજશુ જરાય તુજનું ને હું કહું તે કરે! તો તો ત્હારી વાત માન્ય કરિને હું માન તુંને દઉં, માટે સંમ્મત થાય આજ મુજશુ લાહો વિશેષે લઉં. ૨ કે' હલધારી સુણ હો વિરા! વાત તારિ મેં વરણી, પરણી શુભદ્રા અર્જુનને, એ પણ તારી કરણી; કરણી પણ શરણે આવેલા, તાંતર વાંતર તરણી; તરણી અરણી મથતાં અગ્નિ, તેવી છે આજરણી. ૩ શું હરણી સિંહજ સમ આવે, લક્ષ્મણ સહ અભિમન્યુ! પરણાવાને તું પ્રેરેછે, મ્હારે કરવું અન્યું. અભિમન્યુનો વિહવા કેડી, લક્ષ્મણની સહ નેહ; ત્હારી કીરતી ઉજ્વળ છે તે તડીક લઇને તોડું. ૪ નથી માનવું મ્હારે કોનુ? મન મ્હારે જે આવ્યું; આજે નિશ્ચય તે તો કરવું, નહિ થાયે તુજ ફાવ્યું! પાળક પુત્રી સુરેખા મુજ, આછું એને ના'વે એવું મારા મનમાં આવ્યું કરૂં મરજી અનુસારે. ૫ આતો મેં તુ-જને બોલાવ્યો સ્હેજ જણાવા વાત, લાહો મારે લેવાનો છે તે ઝાઝી આવે ખ્યાન; કહ્યું તેમાં થયું શું ભાઇ, સારૂં કયાં નથી મળતું, શાક બજારે લેવા જઈએ, જોઇએ સારૂં નરતું! સાત પેઢીનો સંબંધ ધરવો, કયમ સારૂં ના

---

* આ બે છંદ કૃષ્નને ઉદેશી કહ્યા છે, તે વદતો વ્યાઘાત છે. જેમ વદતો ને બદલે વદતી લઈ વાંચતાં બંને છંદનો વલણ વટાવ સ્ત્રી પ્રતિ ચારકે પુરા પ્રેમી નિજ પતિની ઉકિત છે. એ અર્થ ચમત્કૃતિ અને ગોણ રહસ્ય.

જોઇએ ! માઇ કાંગલાં જ્હોરી હારે જગમાં પત શું ખોઇએ ? દાઝેબળતો હોય તું હું પર, એમ મને તો લાગે; છત્રપતિનો લ્હાવો લેવા, મારૂં મન અનુરાગે. ૭ કોટિ કલ્પે નહિં કરે એ, તું જાણે છે એવું, બળદેવે શુભ સગો શોધ્યો, ભંગ થાય કરે તેવું ! ૮ વલણ—થાયે ભંગ વિચાર સૌ, ન કરૂં કોટિ ઉપાયરે; દાસ છગન અભિમન્યુ સાથે, લગ્ન કરૂં ન કદાયરે. ૯

કડવું ૪ થું.

કૃષ્ણ ઉવાચઃ—રાગ ચાલનો.—કૃષ્ન કહે હો મ્હોટાભાઇ ! તમને માઠું લાગે, ખરૂં કહું છું હું તો મ્હારે, તમ મન તો અનુરાગે. ૧ શંકા મનમાં થતિ હોયને નવ આવે વિશ્વાસ; કરો તમારા મનનું માન્યું ? મારે શીછે ખાસ. ૨ તમે તમારે જેમ લખાવો તેમ લખું આ ટાણે; દોષ મને દેશો નહી કોઈએ, કરજો મન પરમાણે. ૩ કરો સુખેથી હસ્તિનાપુર, વેવિશાળ મુજભાઈ ! ભલા તમારા માટે કીધું પડ્યું શું વાંકુ કાંઈ ? ૪ કંકોતરીનો લાવો લખીએ, બોલ્યાશ્રી જદુરાઇ; પત્ર લેઇને લખવા બેઠા, ક્ષણું વારની માંહિ. ૫ દુવાત ખડિયો લાવ્યો સેવક, કાગળ પણ તે લાવ્યો શ્રી મોરારિ લખવા બેઠા, બહુ ઉમળકો આવ્યો. ૬ વલણ—ઉમળકાથી કેવું લખાવે, સુણો તે ચંદુલાલરે: આખે કૃષ્ન બળદેવ લખાવે, દાસ છગન નિરધારરે. ૭

કડવું ૫ મું.

હલધર ઉવાચઃ—રાગ કંકોત્રીનો ચોપાઈ—સ્વસ્તીશ્રી હસ્તિનાપુર ગામ, મધ્યે શીરોમણી છત્ર ઠામ. છત્રપતિ શુભ શોભાયમાન, રાય દુર્યોધન ગુણગ્રામ. ૧ લખીતંગ દ્વારિકા ગામ, બલભદ્રના પ્રેમ પ્રણામ; છે સર્વ કુશળ સમાચાર, અધિકાંક આનંદ અપાર. ૨ એહ વાત વિસ્તારી વરણું, મમ પુત્રી સુરેખાનું શરણું, સોંપ્યું અરજુન સુતને સભામાં, તેથી નવ આવ્યા કંઇ વભામાં ! ૩ તેહ ઙિહવા કરીને ફેક, આજ જોડું છું તમ ઓક* તમસુત શ્રી લ-

* ઓક—ઘર આજથી તમારે ઘેર ઙીવા જોડું છુ અને અભિમન્યુ સાથે કરેલો ઙીવા ફેક કરૂં છું.

ક્મણુ નામ, મમ સુતા સુરેખા ભિધાન. ૪ લગ્ન વૈશાખ પુરણીમા લીધું, આમ તમ સહુ કારજ સિધ્યું; શુકલ દ્વાદશિને દીન આવો, રૂડી ચતુરંગિણી જાન લાવો. ૫ ઘર ગામ શોભે જેમ મારૂં, લેઇ આવજો ધુમધામ ચારૂ; નહિ આવો તો ખોટું થાશે, લગ્ન કાળ કન્યાનો જાશે. ૬ થોડું લખ્યું ઘણું કરી જાણો, વ્હેલા પધારો ઉમંગ આણો, ચાર દીન રહેજો મુજધામ, જેથી શોભશે ઘર ને ગામ. ૭ એમ પુરણ લખી ગીરિધારી, વિરા પ્રત્યે વદેછે મોરારી; થઇ કુંકુમ પત્રી પુર્ણ, માગ્યુ કુંકુમ રહ્યું અપુર્ણ; લેવા કુંકુમ ઉઠયા વિરા, બલભદ્ર થઇને અધિરા. ૮ હવે કૃષ્ન કલમ ચલાવે, દુષ્ટ દુર્યોધનને જણાવે; જોઇ વિચાર કરી આવજે અતિ મનમાં ન મલકાવજે. ૯ સ્હામે કિરિટિકેરો સુત ! લેશું દહિથરૂં કાગકપુત ! જોઈ વિચારી ડગભરો રાય, નવ જા ... ... ન્યાય. ૧૦ સિંહભક્ષ તે લેશું શિયાળ, નથી દીઠું સુણ્યું કો કાળ; હંસ ભક્ષ શું ખાશે કાગ, કુવાશિ ભ્રમર કયાં બાગ. ૧૧ એવા શબ્દ છાના લખીયા, નથી જાણતા હલધર બળિયા; લખ્યુ છાનુ જેહ છબિલે ! તેતો બલદેવ વિણ એકિલે ! ૧૨ આવ્યા હલધર કંકુ લાવ્યા, કુંકાવટિ મહીં તે પલાળ્યા; લખીતંગ તમારો શુભેચ્છું, બલભદ્ર છે સ્નેહનો તરસુ. ૧૩ લખી લખીતંગ કીધી બંધ, કુંકુમ છાંટી બાધે બંધ; તેડયા સેવક દીનાનાથ, જાવા હસ્તીનાપુર પાથ. ૧૪ આપી એક સેવકને હાથ, દેજો હસ્તીનાપુર નાથ; થયો તુરત વિદાય સ્વાર સાથે ચાલ્યા અનુચર ચાર. ૧૫ આવ્યા હસ્તિનાપુર માંય, ભરી સભા દુર્યોધન ત્યાંય; સ્વાર ઉતર્યા અશ્વથી હેઠા, ગયા સભામાં છત્રપતિ બેઠા. ૧૬ કુંકુમ પત્રી જોઈ રાજન, વદે શકુની પ્રત્યે વચન; કરી જુહાર પત્રી આપી, જોઇ હરખ્યા અતિશે વાપી. ૧૭ ઉથલો—પાપી હરખ્યો મન વિશે, કંકોત્રી નિરખી સારરે; દાસ છગન દુર્યોધનને, દીધી મામાને નિરધારરે. ૧૮

કડવું ૬ ઠું.

રાગ સામેરી.—વૈશંપાયન એણીપેર બોલ્યા, સુણુ જન્મેજય રાય: વિસ્તારી તુજને સંભળાવું, કૃષ્ણ તણો મહિમાય. ૧ શકુનીના કરમાં આપી, પત્રી દુર્યોધન; વાંચો મામા શું લખ્યું છે, સુણે સભાના જન. ૨ ભીષ્મ વિદુર સૌ કૌરવ બેઠા, વાંચે શકુની તેહ; લક્ષ્મણાનો વિહવા જાણી, આવ્યો અંતર નેહ. ૩ કહે શકુનિ સાંભળ રાજા, વિહવા સુતનો થયો; છપ્પન કોટ વ્હે-

વાઇ પસ્યે, ભય સૌ તારો ગયો. ૪ રંગીલા રણછોડ સાથે, વ્હેવાઇતો બલભદ્ર; દિવસ જાગ્યો ભાગ્ય તણો તુજ, સંશય ટળ્યો થયું ભદ્ર. ૫ અભિમન્યુનો વ્હીવા ભાગ્યો, સુણી દુર્યોધન રીઝયો; અછકલો છલકાઇ જઇ કહે, મુજસમ કો નથિ બીજો. ૬ હો મામા ! છે શુરા કેવા, જાદવ છપ્પન કોટી; વ્હિવા કીધા બળદેવે લખ્યું, જાન લાવવા મોટી. ૭ ગમતું તો ગોવિંદનું થાયે કૃષ્ને કારજ કીધું; ફુલિ ફાળકો થયો દુર્યોધન, સર્વે કારજ સીધ્યું. ૮ ચિંથરે હાલ પામે મ્હાલક્ષ્મી, તેવો હર્ષજ વાધ્યો; સ્વર્ગ તસુ બે બાકી જાણે, અહંકારી મન વાધ્યો. ૯ વ્હિવા ભાગ્યો સુણિ બનિયો, દુર્યોધર હર્ષ ઘેલો; મુરખ મનમાં સમજે નહિ, કહે હું સમ નાવે પેલો. ૧૦ ચોપાઈ—કાર્ય જદુનાથે આ કરિયું, મારા કર્મનું પાંદડું ફરિયું; પ્રભુ પાંડવનું હેત તુટયું, સગપણ સહુ એમનું છુટયું. ૧૧ આખી અવનિ કરૂં હું જેર, થયો ઇંદ્ર થકી હું શેર; મુજ સન્મુખ કો નવ થાય, થાય તો આવે જાદવરાય. ૧૨ કોની માયે નવ ખાધી સુંઠ, સામો પકડે કસિ મુઠ; હવે ધાર્યાં કાર્યો થાશે, નિશ્ચે પાંડવ રવડા વાશે. ૧૩ અંધસુત અતિ મન ફુલે, નથી જાણતો જે સહુ ડુલે; મિથ્યા મારૂં મારૂં કરે, અજગરવત ઉદર ભરે. ૧૪ પણ સમજે નહીં સત્ય વાત હોયે સ્વાર્થ ત્યાં અંધ અજ્ઞાત; ઇચ્છે નિજ ધારયું જે કરવા, તેને બનિયા જગતથી વરવા. ૧૫ છપ્પો. ધારયું આપણું થતું હોય તો, સર્વે રાજા થાયે, ધારયું૦ નવ રંકે કો વંઝાયે; ધારયું૦ કો નવ રહેશે રોગી, ધારયું૦ બને ભાવના ભોગી; વળી ધારયું૦ અમર રહે સૌ જગ વિષે, દાસ છગન સત માનજો, રંક રાય કો નવ દીસે. ૧૬

દોહા—મુરખ મન મમતા કરે, હું રળું સૌ ખાય; પણ સુકા કાષ્ટે જીવડો, જુઓ જળ કોપાય. ૧૭ માટે હું પદ ના ધરો, છે એ પાપજ મુળ; અહંકારે ઉત્પન કરો, પેટ ચોળિને શુળ. ૧૮ રાવણ પણ મારયો ગયો, ગળ્યો વાળિનો ગર્વ; ઇંદ્રિસમા અહંકારથી, મર્ણ પામિયા સર્વ. ૧૯ માટે હુંપદ નવ ધરો, જો ધરયો દુર્યોધન; રાજ પાટ સૌ ખોઇને, આખર થયો પતંન. ૨૦ છપ્પો—પુર્વે દીધું જેહ. તેહ આ જન્મે પામ્યા, પુર્વે૦ તેહને વિદ્યા વામ્યા; પુર્વે૦ તેહ ઘર ગુણિયલ જાણ્યા, પુર્વે૦ તેહ ઘર છે ધન ધાના: વળિ પુર્વે૦ છે, તેનો અહિયાં પામવું, દાસ છગન સત માનજો, સુખ દુઃખ સર્વે વામવું. ૨૧ ચોપાઇ—મુરખ મન સમજ્યો નહિ, કર્યો ઘણેરો ગર્વ; મામો ખીજાઈ બોલિયો, સુણ મુરખ તું સર્વ. ૨૨ પછી લખ્યું શું પત્રમાં, વિચારી લે વાત; વિચારિને આવજે, નહિ તુજ કન્યા સાચ. ૨૩ લખીતંગ ભલભદ્રનું, કુંકુમ છાંટયું સાર; કેહે દુર્યોધન હસી હસી, હસ્યા કૃષ્ન નિરધાર. ૨૪ વ્હેવાઈ થાયે

આપણા, કરે મશ્કરી ખેલ; નવાઇ જેવું તે નહિ, સહુ વાત છે સ્હેલ. ૨૫ ટેવ પડીછે જન્મની એતો કયમ ભુલાય; વાત પતાવી હર્ષમાં ને રણવાસે જાય. વલણ.—ગયો રાણીના મ્હેલમાં, કહે વધારિ વાતરે; દાસ છગન તે હર્ષનિ વાત અતિ વિખ્યાતેર !

કડવું ૭ મું.

દુર્યોધન ઉવાચઃ—[છંદ ભુજંગની ચાલ.] થઇ હર્ષ ઘેલો વદે સુણ રાણી, અતિ હર્ષની વાત આજે પિછાણી; કહેછે બલિભદ્રનો હું સવાર, લખી લગ્ન પત્રી સ્વહસ્તે મુરાર; અભિમન્યુનો ફોક ઠહેવા કરીને, કરે લક્ષ્મણાસુ લગન તો ફરીને, કહો દૈવ છે આપણો સાનુકુળ, લખે પત્ર શ્રી કૃષ્ન હસ્તે અમુલ. ૧ સુણી રાણી થૈ હષઘેલી ઘણેરી, સજી સોળ પુરા બનિ ફાંકડેરી; કરી પ્રીતને નાથને બાંહ્ય ઘાલી, થઇ કાલિઘેલી પતિ પ્રાણ વ્હાલી. નથી કાંઇ કન્યા બલિભદ્ર ઘેરે, વદો વાત તે વ્યંગ દીસે ખરેરે ! વદે ખ્યાત દુર્યોધન પ્રાણ પ્યારી, ઉછેરી ગણી પાળિ પુત્રી સવારી. ૪ સુણિ વાત ને રાણી કહે નાથ મારા, કરાવી રસોઇ જમાડો સવારા, વડા પ્રેમથી પીરસું હું જઇને, વધારૂં વડું માન પ્રીતે તહિં તે; જદા ન્હોતરૂં કહાવિયું લગ્નિયાને, પધાર્યા પ્રીતે મ્હેલમાં ભોજનાને, કરે શું તદારાણિ થૈ ખુશ પોતે, અલંકાર જુદા ધરે ખાંત ખાંતે. ૫ ફુલી ફાળકો તે બની આપ પોતે, ગુમાની ઘણી હોંસ ખોટીજ ખાંતે; થયા મુજ વહેવાઇ શ્રી પુન્યશ્લોક, કર્યો શતરૂના પુત્રનો ઠહેવા ફોક; અભિમન્યુની જેહ કન્યા સુરેખા ! થશે કુળ વધુ આપણી રૂડિ રેખાઃ તદા આવિયા લગ્નિયા તેહ દ્વાર, હરી દુત ચારે કરે છે વિચાર. ૬ ગીતી —વિચાર ચારે કરતા, જોવા વરને ઇચ્છા મનમાંહે; તેવેતો જમવાને, પીરસ્યાં ટાટો છગન કહે ત્યાંહે. ૭ ભુજંગની ચાલ—ધરી ટાટ પીરસ્યાં ભલીભાત શાક, કઢિ પાપડી દાળ અમૃત પાક, ભરિ વાઢિ કંસાર—ઘી ખુબ રેડે, અથાણાં અતિ પિરસ્યાં તેહ કેડે; પછી માંડિયાં પુત્રનાં ત્યાં વખાણ, ફુલી મન ભાનુમતિ તો અપાર. કહે માહરો લાડકો લક્ષણો છે, ભણ્યોને બન્યો પોપટો કોમળો છે. ૮ ભલું ઉઘડ્યું ભાગ્ય બલભદ્ર સારૂં, રૂપાળો ભરયો લક્ષણો ગુણ ચારૂ ? ઘણું ગામથી આવતાં વેવિશાળ, તથાપિજ ના કહેતી હું તો અપાર; હવે ના કહું તો દુભે બલભદ્ર, તદા હા કહુ છું થતું જાણી ભદ્ર અમે છુ વડા વિશ્વમાં છ-

ત્રધારી, તમે યાદવો સાથછો ગીરીધારી. ૯ નથી કાંઈ કન્યાતણી ખોટ મારે, જુઓ છોકરો માહરો પ્રેમ ભારે, કરી લોંડીને તે સમે સાન સારી, ગઈ તેડવા તેડીલાવી સવારી; દિઠો આવતો લક્ષ્મણો યાદવોએ, કરીને ઇસારો કહે ભુત છે એ ! ૧૦ કિહાં હંસ ને કાગડો મેળ આવે, દીસે રૂપ કન્યાતણું રત્ન સારે, ધણીને ગમે ઢાંકણી શું કહિજે, કહીને પછી આપણે રહીજે? ભરેલી અભીમાન ભાણુમતીછે, ગૃહસ્થી નથી અવિવેકી અતિછે ! કરે છે અતાખ્યાત વાતો વધારિ, થઇ આકળા કહે રજા ઘો સવારી. ૧૧ ન પીધો કસુંબો કશું કામ કીધું, જવા માગી આજ્ઞા સહુકાજ સીધ્યુ. મળયા ત્યાં ફરીને કરે વાત એતો, બડાશો ફુલાશો કહુ કેત કેતો, હરામી હરેરો દીસે જાત સારી, જુએ ગુણ ત્યાંતો મળે ના લગારી, કહેછે છગન જ્યાં નથી સત્ય સીધું, મરે ભુખથી પાપનું કાજ કીધુ. ૧૨ વલણ.—દ્વાદશીએ જાન લાવો. નગર શોભે તેમરે, અનુચર આવ્યા દ્વારિકા કૃષ્ન કહે થઇ કેમરે ! ૧૩

કડવું ૮ મું.

રાગ હુલારી.—આવ્યા લગનીયા પત્રી આપી, પુછે શ્રી ઘનશ્યામરે ! કહો સ્વારો કેવી રીતે, વરત્યા કૌરવ કામરે. ટેક. ૧ કહે સવારો કાંઈ નહી સૌ, દીસે ઠીકા ઠીકરે; અછકલી છે ભાનુમતી બહુ, ઘરમાં તેની બીકરે. આ૦ ૨ સભા મહીંતો શકુની છે, અંધાનો સરદારરે; વિહિવા કીધો મોટા ભાઈએ, અમો કરૂં શું સારરે. આ૦ ૩ જમાડ્યા તો જુકિત કરીને, પણ બેઠી સન્મુખરે; માઝા મળે નહી રાજવળાંની, અમો કહું શું મુખરે. આ૦ ૪ લક્ષમણાની કીરતી માંડી, જોતાં કાળો ભુતરે; ગુણ કરમ તો કયાંથી લાવે, દીસે પણ કદરૂપરે. આ૦ ૫ ભુત તણો જાણે હોયભાઈ, તેવો દુરયોધનરે; રાણી કેરૂં ચલણ ઘરમાં, માન્યું ન અમતણું મનરે. આ૦ ૬ જેવી હતી તેવી તો ત્યાં કહી વિસ્તાર વાત વધારીરે; કહેતાં કાળ વીતે બહુ તોપણ, પુરી ન થાય સવારીરે. આ૦ ૭ છત્રપતીનું છોરૂ એનું, માગાં આવે ચણમોલરે; તોપણ જાણી બલભદ્ર ભારે, અમો દઉ છું કોલરે. આ૦ ૮ વલણ.—અથ ઇતિ માંડી કહી, મુખ મરડયું ઘનશ્યામરે; દાસ છગન હસ્તિનાપુરમાં; શુ થાતું અભીધામરે. ૯.

કડવું ૯ મું.

રાગ સામેરી.—આવ્યા લગનીયા જેણે સમે ત્યાં બેઠા હતા વિદુરરે; સુણી બીના ખેદ ધરીને ભકત ગયા નીજ ઘેરરે. ૧ તેણે સમે કુંતા સુભદ્રા બેઠાં હતાં આવાસરે; દીયર ભોજાઇ ભેટ થતામાં માંડી કહી સૌ ખાસરે. ૨ બળદેવે વિહિવા ભાંગીને જોડયો અરિસુ આજરે; પડતિમાં પ્રભુવિણ નથી કો શું કરવું હવે કાજરે. ૩ સુણી શુભદ્રા જવાળા લાગી પગથી માથા સુધીરે; હો હલધર ભાઈ! આ શું કીધું કે ગઇ સૌની બુદ્ધિરે. ૪ સગો ભાઈ તે શત્રુ થયો સગપણ નાખ્યું તોડીરે; કરયો હશે શાં પાપ પુર્વે ભરદરિયે ભાગી હોડીરે. ૫ વિરો તે વેરિ થઈ બેઠો નથી સુખના દીનરે; આક્રંદ કરતી અતિ શુભદ્રા વિત્ર વિધ થઈને ખિન્નરે. ૬ કુંતાજી પણ શોક કરેછે આ શું કીધું દૈવરે; ગૃહસ્થ ફીટી થયાં રઝળતાં ઓશીયાળાં સદૈવરે. ૭ દુઃખના દહાડા સામટા આવ્યા ઘર કોનું ભંજાડયુંરે; થયાં ગરીબને માઝાતુટી કોને હશે રંજાડયુંરે. ૮ અન્નોદક ઉઠી ગયું હાવે! ભવ દરિયે ગયાં ડુબીરે; વરૂત્તિ સુખની નાશજ પામી દુષ્ટની ચઢતી ખુબીરે. ૯ કસાઈને ઘેર કુશળ દેખો દયાવંતજ દુઃખીરે; કપટી કૌરવ કપટે રાજી ફરે ફુલ્યા મહાસુખીરે. ૧૦ અરે મુજ કુંવર પાંચેને દુત રેમાડી હરાવ્યારે; સતવંતો ભોળવાયો યુધિષ્ઠિર અવળ મતીયા ફાવ્યારે. ૧૧ હે ભીમ ! બત્રીસ લક્ષણ વંતા શાને ભુલી તું ભાગ્યોરે; ભત્રિજાને બેલ નથી કો, દરિયે દવ તો લાગ્યોરે. ૧૨ યદુકુળ મુજ વ્હાલું હતું તે વેરિ થઇ નીવડીયુંરે; અભિમન્યુનો વિહવા ભાગ્યો, પાંડુકુળ રખડિયુંરે. ૧૩ વલણ.—ચરસુતર રખડાવીયું, ભરે પરઘેર પેટરે; દાસ છગન બળદેવે વ્હોરી, મુકી ભાણેજ વેઠરે. ૧૪.

કડવું ૧૦ મું.

રાગ વેરાડી. [અરેહું અભાગીયોરે, વનમાં મુકીને આવ્યો રામ. એ રાહ.] કુંતાજી વલવલેરે દહાડો રૂઠયો દેવ નવ ગ્રહ વાંકા થયારે, રંક થયા સહદેવ. કુતાજી૦ ૧ હરે હાં ઝાંખાં પડયાંરે માઝા ઘટી જગત; ભરદરીયે ડુબી ગયારે નિશ્ચે ઉઠયું અન્નોદક. કુંતાજી. ૨ ગઇ વ્રતિ સુખતણીરે તે તો કીધાં હશે શાં પાપ ! પ્રપંચ કરયો પુત્રો થકીરે બગડી મતી દુષ્ટ અમાપ. કુતાજી૦ ૩ કર્મ

કઠોરૂં થયુંરે, પુત્રોએ પહેરયાં છે વનફુળ; હજી ના જંપીઓરે, વેર વધારયું કૌરવ કુળ. કુંતાજી.૪ જાદવ કુળ વ્હાલુ હતુંરે,ત્યાં કરાવ્યાં પાપીએ વેર; વિહિવા ભાંગીયોરે, કન્યા વિણુ રહયો સુત ઘેર. કુંતાજી. ૫ સુખ ન દીઠું તાતનુંરે, જન્મી સમજ્યો નહિ કાંઈ સુખ; સુખ સમજ્યો તહારે, ફરે ઓશિયાળે ! મુખ. કુંતાજી. ૬ એ કુંવર મુજ લાડકારે, આવી પડિયું અતિશે દુઃખ; કન્યા વિણુ ઝુલિયોરે, વ્હાલાં વેરી થઈ દે દુઃખ. કુંતાજી૦ ૭ પેટ પર ઘેરે ભરેરે, કો નહી સગુ થયુ મોશાળ; ભાણેજ ભમતો કરયોરે, હલધરે ભાગ્યું વેવીશાળ. કુંતાજી૦ ૮ શત્રુ રાજી કરયાંરે શું સુઝવું ભત્રિજા ગોપાળ ! વેર કો જન્મજવા બળયુંરે, છોરૂં છેટું કરયુ આ કાળ કુંતાજી૦ ૯ વિરોધી સહુ થયારે, યાદવ બળદેવને મોરાર; એક દિશ રહી નહીરે, હવે કરવું શું કીરતાર. કુંતાજી૦ ૧૦ વલણ.—કીરતાર હાવે શું થશે એમ શોચે કુંતાયરે, દાસ છગન વિદુર શુભદ્રા, શોચ કરે ઘર માંયરે.

કડવું ૧૧ મું.

રાગ ચાલતો.—ગદગદ કંઠ શુભદ્રા કુંતાં, શોક વીદુર કરે ભારી; એક મેંડે પરશાળ પટમે, ઘર બદ્ધ ચિત્ત લવારી. ગદગદ કંઠ. ટેક. ૧ એવામાં નીશાળે ગયેલો આવ્યો તે અભિમંન, દાદા દાદા કહિ દ્વારથી પોકાર કીધા પંચ. ગદગદ૦ ૨ નિત્યે વિદુર કુંવર કાજે મેવા મીઠાઇ લાવે, નિશાળેથી નીહાળી આવતો હેત ધરી બોલાવે. ગદગદ૦ ૩ આવો કહી ઉછંગ બેસાડી હૃદયા સાથે ચાંપે, માથા ઉપર હાથ ફેરવિ મીઠાઈ મેવા આપે. ગદ૦ ૪ કુંવરને નવ ઓછું આવે જાણી લાડ લડાવે, બાપ કાકા મળે નહિં તે રખે સાંભરી આવે. ગદ૦ ૫ સંભાળ રાખે ચોગણી પણુ તે દીન કંઇ નવ થાતું, લખ્યા લેખ ના મીટે કદીયે શોકે નવ બોલાતું. ગદ. ૬ તે દીન લાડકે બોલાવ્યા પણુ બોલ્યા ન વીદુર, અભિમન્યુને ઓછું આવ્યું ભરાઈ આવ્યું ઊર. ગદ૦ ૭ કેમ ન બોલો હે એ દાદા ! પોકાર કીધા પાંચ, કોણ બોલાવે બાપ કાકા વિણુ ઓશીયાળો છું સાચ. ગદ૦ ૮ આંસુ આવ્યાં આંખમાંતે ધશી પેઠો ઘર માંય, રોતા દેખી દાદા પાસે બેઠો જઇ ને ત્યાંય. ગદ૦ ૯ કેમ રડોછો દાદા મારા કલેશ તનમાં વ્યાપ્યો, શું થયું છે કહો મુને તોય ન ઉત્તર આપ્યો. ગદ૦ ૧૦ ભરાઇ આવ્યું હૃદય કુંવરનું કોણુ વણુ બાપ બોલાવે, પોતે રડતો પાછો પ-

સતો કુંતા પાસે આવે ગદ૦ ૧૧ જઈ જોયું ઉદાસી દીઠી આંસુ વહ્યાં લોચંન, કારણ શું છે તે કહો માતા શું થયું વિઘ્ન ગદગદ૦ ૧૨ જોઇ કુંવરને ઓછું આવ્યું વેણ શુણ્યાં થયાં તાન્ન, ડુમો ભરાઈ હઇયે આવ્યો રોઈ મુકી મન માઝા. ગદગદ૦ ૧૩ ડુસકે ભુસકે ધ્રુશકે રોતી તે નિરખી અભિમન્યું, વચન મુખ નિકળતું છે નહિ હા ! હા ! હે ! કહે હન્યુ. ગદગદ૦ ૧૪ ગીતી.—ડુમો ભરાયો હઇયે રડવા લાગી સારરે, દાસ છમન તે સુણી રડતો સુત અપારરે.

કડવું ૧૨ મું.

સવઇયા.—તેમ તેમ શોગે અભિમન્યું ગયું મુખ લેવાઇ, ઓશીયાળો થઇ આક્રંદ કરતો મુખથી બોલ્યો ત્યાંઈ. ૧ શા દુખ માંકે ડુલ્યાં જનેતા શું છે મારી માત, શાને કાજે શુ કરવાને કરોજ આંસુપાત. ૨ આક્રંદ કરતાં ઓશીયાળાં થઈ લેવા ગયું છે મુખ, બાપ કાકા વંત ગયા તે સાંભરી આવ્યું દુઃખ. ૩ તેહ દુઃખથી રડતાં હોતો મોહન કરશે મ્હેર, બાર વરસ તો જતાં રહેશે કાલ આવશે ઘેર. ૪ દ્રવ્ય ગયું હોય માડી મારી તોપણ શોચ ન કીજે, કોઇ નથી લાવ્યું સંગાથે જન્મ્યા પ્રાણી જે જે. ૫ નથી લાવ્યા નથી લેઈ જવાના મત્ય માના માય, ન હોય આવે જાય લોકને ફરતી વ્રક્ષની છાંય. ૬ આ સઘળું સમજો છો પોતે કેમ રડોછો માત, કોઈએ દુભ્યાં હોય કદી તો કહો મુજને વાત. ૭ ગાળ દીધી હોય પાપીએ તો જીભ ખેંચી કાઢું, હાથ ઉપાડયો હોય તમોપર તો કાંડેથી વાઢું. ૮ તેમ છતાં શા માટે રડવું રડયે દુઃખ શું જાશે, ભાગ્યશાળી સુત તમારો આગળ સુખ સૌ થાશે. ૯ સુણી સુભદ્રા ચટકી લાગી આગળ સુખ શું થાશે ! સભાગી હોય તો દુઃખ પડે નહિ અભાગ્યથી સઉ જાશે. ૧૦ જન્મ થયો જે વારે તારો પાંડવ વન પધારયાં, તારે પગલે અનેક પીડા દીન દુઃખના મારયાં. ૧૧ અભિમન્યુ કહે મારે પગલે યજ્ઞ થયો નીજ ઘેર, વડીલ દાદા પાંડુ રાજા સદગતી પામ્યા પેર. ૧૨ મારે પગલે થયું સારૂ નથી હું નિરભાગી; કહે શુભદ્રા શત્રુ હસાવ્યા તે તાપે હુ લાગી. ૧૩. લલીત છંદની ચાલ.—અરેરે હાયરે ! કર્મ શું કથું કઠિણ વાત શી રીત હું વદું, કરર કાળજુ કાપિયું ખરે કથન શું કથું ભાઇરે ! અરે ! હલધરે કરયું કુડ કાજરે ગૃહ ભાંગીયું મુજ આજરે, સુત સભાગીયાં કર્મનાં ફુટયાં વેણ વાગીયાં. ૧૪ રહી નહિ કશી ઓથ તાદ્રશી બુંદથી ખસી ન હોય

હાદેસી ! કરૂં કશું અને જાઉં કયાં હવે, લગન ભાંગીયું ! સુરેખનું ભલે, અરિવરે કરયું વેવિશાળરે હામ તાહરે લક્ષમણો વરે,મુહુર્ત્ત પુરણિમા જાન દ્વારકા-શી કર્મ ફુટલા જા તુરે ખસી ! ૧૫. ગીતી—જા તુ ખસી આ કાળે બોલાવ નહિ તું મુજને પ્યારારે, દુઃખી દીલ છે મારૂં હાય !કહું શું છગન તેહ લવા-રારે. ૯

કડવુ ૧૩ મું.

રાગ સવઇયા.—કહે કુંવર એ પેર જાણી તેમાં શાનો ક્લેશ, કન્યા કાચા વિહવા કેરી કરયો શાનો કલેશ. ૧ કન્યા ગઇ તો ભલે ગઈ હું જ્યે મોટો થઈશ, એના જેવી લક્ષ લાવું તું નો ના ડરિશ. ૨ એ વાતે કલ્પાંત કરો શું? મન માનીલ્યો સુખ, કહે શુભદ્રા કન્યા ગઇ છે, નથી તેહનું દુઃખ. ૩ શત્રુ આ-આપણા હરખ પામ્યા તેથી પ્રકટયું ઝેર, આપણી કન્યા જશે હવે દુરયોધનને ઘેર. ૪ લગન લીધું લક્ષમણાનું દગ્ધ થયું છે શિર, તેહ દુખે રડે કુંતા રડે વ્રદ્ધ વિદુર. ૫ અભિમન્યુ કહે રોશું તેમાં છો શત્રુ ઘર ગઇ, લઢાઇ આપણે નથી વહોરવી રહેવું આપણે અહીં. ૬ વચન સુણી સુભદ્રા ક્રોધે રાતી તાતી થાતિ, ક્રોધ વચન બોલી તે જદવા તદવા કુટી છાતી. ૭ ઉઠયો દીકરો વેઠ દૈવનિ જન્મ્યો હોતજ છોડી, નામ બોળયું આપનું તેં મરૂં માથું ફોડી. ૮ કુખ લજાવી મારી ભુંડા બેશ કાંચળી પહેરી, લાવ્ક ખડગ તું મુજ હાથમાં મારિ મરૂં આફેરી. ૯ ક્ષત્રી હોય તે પીઠ ન આપે જા તું કાયર કુલટા. બેશ કાંચળી પહેરી ઘરમાં નફટ કર્મના ફુટડા. ૧૦ એવું કહીને લાત મારી વ્યાપ્યો ક્રોધ કુંવરને, ભરયા શ્વાસ થકી તે બોલ્યો સુણો માત તો વળતે. ૧૧ વલણ—વળતી નો કહેશો કશું વિફરયો સુત સાક્ષાતરે, દાસીછગન બો-લ્યો અભીમન્યુ હવે સુણો હો માતરે. ૧૩

કડવું ૧૪ મું.

છંદ મનહર.—અહો માત વદો વાત કથની કયો શું કાજ, મોસાળ ઉ-જડ કરૂં ! એવી હામ રાખું છું; સમય સપાટે લેઉં, કૃષ્ણ સમા દાબી દેઉં;

હલધર વસાતરી, મુજ મન આખું છું; લડાઈ મંડાણ કરી, કરિ નાખું જેર સહુ, હરણ કરીને લાવું એમ હામ દાખું છું; કુખ તારી લજવું જો, મોશાળ ન ઉજાડું તો નગર ઝધર કરી, હરણાં વસાવું છું. ૧ ચિંતા મ કરેશ માત, રાખું તાત તણી ખ્યાત, વાત શું વધારી કહું ક્ષત્રી સુત આજ તો; જોજે તું ઝપાટો મુજ બોલવાની નથી સુઝ, બકે જેમ તેમ નહી કરે સત્ય કાજ તો; ક્ષત્રી કુળ અજવાળું પિતાથી સવાયો ચઢું, જાણે હળધર હરી આવ્યો તો ભાણેજ તો; બાળ નહિ દાખે તુજ બાળ કેવાં જોરાવર; બાળ કરે તે ન હોવે ગણાવું હાવેજ તો, બાળક ન જાણો મુજ બાળક ગણાવું તુજ; તેહ કેવાં કાજ કરે તેવા જાણો મુજ તો. ૨ રાગ રામકળીની દેશી.—મને બાળેડા ન જાણો મારી માવડીરે, મા બાળે કૃષ્ને જળમાં પેશી નાથ્યો કાળી નાગરે. મને. ટેક. ૧ મા બાળો વિંછી કેટલો, બાધે અંગે ઉઠે આગરે; મા બાળો નકુળ કેટલો, શસિયર કરે શત ખંડરે. મને. ૨ મા બાળો અગ્નિ કેટલો, બાધું વન કરે દહનરે; મા બાળો વજ્ર કેટલો, તોડે પર્વત શુંગરે. મને૦ ૩ મા બાળો દીપક કેટલો, ગાઢ તીમીર હરનારરે; મા બાળો તે નવ જાણીયે, ક્ષત્રિ સુત નીરધારરે. મને. ૪ સાખી.—બાળકતો કહેશો નહિ, પ્રૌઢ પરાક્રમ મુજ; ચિંતા માંકર માવડી, શાંન્તિવાળે તુજ. ૫ નહી લજવું મા બાપને, વરૂં સુરેખા એજ; બ્રહ્મહત્યા પાતક લઉં, નિશ્ચે જાણો તેજ. ૬ એમ કહીને ઉઠીયો, આવ્યો હેઠળ સાર; ચંદુલાલ વર ચતુર છે ! અભિમન્યુ નિરધાર. ૭ બોલે તે પાળે સહી, પડે ન પાછો નેહ; દાસ છગન કહે સાંભળો, ઉઠયો શુરો એહ. ૮

કડવું ૧૫ મું.

કટાવનિ ચાલ.–ઉઠયો શુરપુર સરદાર, એતો ગાંડીવધરનો બાળ; આવ્યો હેઠે–ઉતરી માળ, પેટી ત્યાં ખોલી તનકાળ; કાઢયાં કપડાં મહીંથી બહાર, કરયાં પરિધાન તે વારઃ બન્યો શુરપુર સરદાર, શોભા જેના અંગતણીરે. ૧ જેની શોભાનો નહિ પાર, દીસે અહિલોચન અવતાર; વિદ્યા કૃષ્નની નિરધાર, યાદવ ઉપર રાખે ખ્હાર; છે એ કૃષ્ણઅરિ નીરધાર, સજી શોળે નો શણગાર; બિંડયાં*છત્રીશ આયુધ સાર, બીડું ચાવ્યું શુકનેરે. ૨ પહેરી

---

* ખપુવા ખંજર સાંગ ફરસી ત્રિશુળ જમૈયો કટાર ગુપ્તી ગેડી ગદા તરકસ તીર અને તરવાર કુહાડો કરવત ભાલો ફરશી ચક્ર પાશ ગલોલ ગોફણ ઝોળો બાથો બારે ધનુષ ધેકોડા કહોર કાતરીયાં ખાતરીયાં ધારી વાંશી પંઝો, હળ ને મુશળ શિરસ્રાણ, પડનાળ કવચ ને કમરપટો છત્રીશ આયુધ.

લીધો છે સુરવાળ, ટોપ કવચ બખ્તર સાર; જરી જામો મુગટ રસાળ, કટિ કમ્મરપટો નીરધાર; અંગે ઉલટ અપાર, પહેર્યાં ઉપાન પગ તે વાર; પેટી બંધ કરી નિરધાર, કુંડળ કાને પહેરિયાંરે. ૩ એને કાને કુંડળ ઝલકે, કોટે એકાવળતો લળકે; કશી કટિ રાતે પટકે, મર્મ વાએક મારગુ ઝટકે; કુંતા કરે મન વિચાર, દીસે મુર્ખ શુભદ્રાનાર; એણે ચઢાવ્યો કુમાર, સર્યાં સર્વે વેરીડાંરે. ૪ ઊઠયો શુરપુર સરદાર, તે તો આવ્યો ઘરથી બહાર; પડયો વિદુર કેરે પાય, દાદા હયો મુને અજ્ઞાય. હું તો એ લાવુ કન્યાય. શાને ઉદાશી મન માંય; ધરો સરવ જણતો ત્યાંય. જાવું આજે મારે દ્વારિકારે. ૫ મારૂં મામાને હું ઠાર, કરૂં કૌરવનો સંહાર; લાવું એ કન્યા નીરધાર; મારી યાદવને આવાર; છું હું અરજુન સુત નિરધાર ખરૂં ક્ષત્રીવટ ધરનાર; લજવું કુખ ન જનનિ સાર, કરૂં પરાક્રમ કારમાંરે. ૬ જોઇ વિદુરતો ગભરાયો ખેલ આ કોણે લડાવ્યો; કોમળ કુવરને ચઢાવ્યો નિચ બુદ્ધિ મળીયા ડાહ્યો; સુણી કુંતા રીસે આવ્યાં જોઈ કુંવર મન દુઃખાવ્યાં; કન્યા માટે સુત ચઢાવ્યો એ કામ સુભદ્રાતણુંરે. ૭ પુછે કુંવરને તત્ત્વાર કુંતા બીજવાના નીરધાર; તેડી શુભદ્રા તે ઠાર દિધો ઠપકો અપરંપાર; મુરખી સનજીના કંઈ સાર તેં તો ચઢાવ્યો કુમાર; હાવે માને ના કુમાર કારજ કુડું તેં કરયું. ૮ એનો આપણુ મમજી રહીયે છોરા આગળ તેના કહિયે;સઉના મનનો સારજ લહીયે ટીડ રસને આપે જઇએ; જો જે માને તોતો કહિયે મનથી પ્રમાન તે કરી જોઈએ; બેટા! સોળી સજી જાય કહીયે નથી કાકો કો અહીંરે. ૯ તને સમજાવું છું વાત નથી કહેતી કરી ખ્યાત; સત્ય સત્ય માનજે વાત જેથી જશ પામે સાક્ષાત; વચ્ચે વદે શુભદ્રા માત તું જો જાય તો પાડું જાત; મારા મ્હા જોરાવર ભ્રાત! ખ્યાત તારી રહે નહિરે. ૧૦ વલણ.—ખ્યાત તારી રહે નહીં માટે કહું તે માનરે; દાસ છગન સુભદ્રા વીલપે માને નહીં અભીમાનરે. ૧૧.

કડવું ૧૬ મું.

રાગ પરજીયો [કુંવરજી કાલારે.—એચ. હું તો નહી જાવા દઉં આજ કુંવર લાડકારે; મને મારીને કરજો કાજ બાળા બાળુડારે. ટેક. ૧ મારો પાપી પ્રાણ જતો નથી, કુંવર૦—વારે વારે કહીયે શું કથી. બાળા૦ ૨ નથી તારો બીલકુલ વાંક કું૦—મુજ જીભે વાળ્યો આડો આંક. બાળા૦ ૩ નથી પક્ષે પીતાજી પાસ. કું૦ કાકા સાથ ગયા વનવાસ; બાળા૦ જમ જેવા દીસે જાદવ;

કું૦ કોઠી ધોયે નીકળે કાદવ. બાળા. ૫ બળીયાસુ ન બાંડીયે બાથ; કું૦ ક-રીયે તેજ કહે સઉ સાથ. બાળા૦ ૬ મોટાં કહે તે માનિયે. કું૦ થઈ મમતી મમત ન તાણીયે. બાળા૦ ૭ કંથારે [બાળે] કર શીદ ઘાલીયે. કું૦—વાઘ બોડમાં કેમ જાઇયે. બાળા૦ ૮ કપટી કૌરવ છે ઘણા. કું૦ જાણે તો વીધ્ન લાવે હમણાં. બાળા૦ ૯ વળી કન્યા કલંકીત એહ કું૦—જેમાં કાંઇ મળે નહી શ્રેય. બાળા. ૧૦ સાખી—કાલા વહાલા બાળકા કુંવર કનૈયા લાલ; દ્વારી-કા જાવું નથી બોરે મ્હારા બાળ. ૧૧ ત્યારે અભીમન્યુ બોલીયો, સાંભળ મારી માત; પહેલે કહ્યું કન્યા જતી કરવા, ત્યારે મારી મને લાત. ૧૨ દીકરો નહી તું દીકરી લજવ્યો અરજુન બાપ; કુખ લજવી કહ્યું ત્યારે મેં લીધું શીર પાપ. ૧૩ દ્વારીકામાં પરવરી કરૂં સુરેખા હરણ જીવીશું તો આવશુ, નહીતો થાવું મરણ. ૧૪ માટે [બોટુ]રડમાં માવડી નકર આંસુપાત; મર-ણાંગત મુકું નહીં ઝાલી છે જે વાત. ૧૫ વચન એવાં સાંભળી કોપ્યા કુંતા માતરે; મેં ન બતાવીશ પાપણી કીધો મ્હા ઉતપાતરે. ૧૬ રાગ સીંધુકો—વલણુ વીવેકી વહુજી શાને દીકરાને દુભાવયો; ઘેર ગોદો ઘાલવાનો ઘયડાપો શીખી લાવ્યાં. ટેક. ૧ હરી ફરીને એક છોકરૂં એણે વેળા વળશે; હશે ગોળીતો ગો-ળી ઢાંકણાં જોઇએ તેવાં મળશે. વણુવિ૦ ૨ હઠ ચઢી છે અભીમન્યુને, કોણ રાખવા સમરથ; વહેલી વહુ તો જોઈએ તારે સાસુપણું કરવા અર્થ. વણ૦ ૩ મારી રાખે બ્હીકજશાનિ સ્વામી મન સંચરીયા; ધણી વીના ધણીઆપુ આવયું જુલમ આશા કરીયા. વણ૦ ૪ પુઠે પક્ષ મળે નહી કોની પિયરનાં નહી પુરાં; બાપ કાકા કોઈ મળે નહિ ડોળ ડમાકે શુરાં. વણ૦ ૫ છકી છાકે છેક છાંછવી છૈયાને છટકાવ્યો; મન બહેકયાં કોઈ નથી પુછનારૂ બાળકને બ-હેકાવયો. વણ૦ ૬ તુજ ગુણે પિયેર ન પોશાઇ ને આવયાં સાસરીયે; પાઇત-ણિ પહેરામણી છે નહી પરણાવી પરવરીયે. વણ૦ ૭ બંધવતો શત્રુ થઇ પ-ડીયા શાપર હું પદ આણ્યાં; સમો આવયે આજ મહેંતો અહાવાં ડાહ્યાં જા-ણ્યાં. વલ૦ ૮ જનેતા પણ ક્રોધે જણ્યું લાત બાળને મારી; કેડકશીને પા-ઘ બાંધિ કીધી મરદાઇ ભારી. વણ૦ ૯ જાદવ કૌરવ જમડા જેવા નદે કુંવ-રને મેલી; બોથ વીના અટવાય એકલો કોણ એનું ત્યાં બેલી. વણ૦ ૧૦ શું કરૂં સંસારની શરમે તુજ પ્રત્યે નવ ચાલે; દીકરો ચાલ્યો દુશ્મન મધ્યે એ જીભડી ઘર ઘાલે. વણ૦ ૧૧ ગમે તેમ કરી રાખો વહુજી વાત વિપ્રીત કીધી;

રેલ રૂધિરની આણી આંગણે ત્યાં લગીના બીધી. વણ૦ ૧૨ ગીતી.—શબ્દ સતિના સુણી પડી પેટમાં શુભદ્રાને ફાળરે; કર પકડયો કુંવર તણો થઇ બોલી રડતી અપરંપારરે.

કડવું ૧૭ મું.

રાગ મારૂ.—સુત સગુણીરે કહુ શું તુજને ! જાવું હોય તોરે મારે તું મુજને; પિંડ પાડુરે કાંદું પાપી પ્રાણને ભુલ મારીરે કહું તું જાણને. ૧ મારા જાયારે ન જવાદેઉ તુજને નક્કી જાણોરે ખોટું લાગે મુજને; તાત વનમાંરે સુણી શું લાવશે રડયા કૌરવરે કાળ રૂપ આવશે. ૨ વીઘન કરતાં રે વાર ન કરે જરી જમ જેવારે જોરાવર જાદવ વળી; તેની સામારે યુદ્ધ હઠ પરહરો હોય પાપીરે ન તે શું રાઢ કરો. ૩ છું તું બાળકરે બાથ બલિસુ ન ભીડીયે, પક્ષ વિનારે મુમત ન ઝાલીયે; કુંવર કાલારે કંથારે કર નવ ઘાલીએ, પુઠે કોછે નહીંરે લાંબી દોડ ન ચાલીયે. ૪ શાને જઇએ રે વાઘ વરૂ બોડમાં, નથી જોઇતીરે કન્યા આવી ખોડમાં; કાળા કલેસનિ રે લાવી શું લીલું કરે, તેને તજીયેરે જેથી દારૂણ દ્વેષ ખરે ! ૫ હોઇશ જીવતો રે નારી લક્ષ આવશે, બાપ કાકારે ઘણી વહોરી લાવશે; સહુ ક્ષત્રીએ રે વહીવા કર્યા ભાળીયા; તારે આ-વશે રે એથી સરસ વેવીશાળીય. ૬ છેશી ખોટરે કે કન્યા જો કાળ પડયો ! મુકો મમતરે દોષ મુજ માથે ચઢયો; જશો મમતેરે તો જાણો મુજ દેહ પડયો, કહ્યું માનોરે કુળે શુભ તું નિવડયો. ૭ ગીતી. શુભદ્રા વલવલતી જોઇ કુંવરને ઉપન્યો મન પરિતાપરે; દાસ છગન સાંસો પડયો, લાગે બ્રહ્મ હત્યા પાપરે.

કડવું ૧૮ મું.

રાગ ચોપાઇ.—કહેછે કુંવર મારી માત, નિશ્ચે વરવીએ સાક્ષાત; જીવ જાય તો જાવા દઉં, બ્રહ્મહત્યા માથે શીદ લેઉં. ૧ બેશી રહું તો લાજે બાપ, લાજે કુખ જનનિ અઘાપ; વદ્યું વેણ કયમ મિથયા થાય, એ જીવ્યાથી મ-ત્યુ સહાય. ૨ બાળ મુને નવ જાણો માત, બાળ ગણાવ્યાતા સક્ષાત; મોટે

ચિંતા કરશો નહિ, મુખ વાણી જે બોલ્યા સહિ. ૩ નિશ્ચય રાખો ડગો ન મન નહિ ડગે આ અભિમંન, ચળે ધ્રુવને સુર્યજ સાર, તોય ડગે નહિં તુજ કુમાર. ૪ માટે મિથ્યા તજવો કલેશ, ઘરમાં જઈ આનંદે બેશ. કશો કલેશ ના કરીશ તું, એ કન્યાને પરણું હું. ૫ ગીતિ—હું વરૂં એ કન્યાને, નહિતો મુજ શીર બ્રહ્મહત્યાય રે; દાસ છગન અભિમન્યુ ઉઠયો, લાગી માને પાયરે. ૬

કડવું ૧૯ મું.

વૈશંપાયન બોલિયા, સુણજન્મે જયરાય; બ્રહ્મ હત્યા ભાણેજ લે, હરીને ચિંતા થાય. ૧ વ્યાપક ગોવિંદ ઘટઘટે, ઇછયું આપે આંપ; મનુષ્ય જાણે મેળવ્યું, એ હું પદનું પાપ. ૨ હુંપદ આણ્યું રાવણે, બલિ કૌરવને કીચ; જુથ છતાં રોળાઈ ગયા, જો વૃત્તિ થઈ નીચ. ૩ માટે નીચ વૃત્તિ નહિં, કરોજ કોઇ વાર; વૃત્તિ ઉચ્ચ પ્રમાણતાં, ઇચ્છયું પાસે સાર. ૪ હરિને કરવું કૃત્ય તે, ડગ્યો નહિ કુમાર; તત્પર થઇને ઉઠીયો, આંગણ આવ્યો સાર. ૫ તે જોઈ વિદુર ઊઠયા આપ, ધન્ય સુત શુરો તુજ બાપ. ૬ ક્ષત્રી ધરમે કારજ કરો, કન્યા લઇ વહેલા ઘર વળો; આશિષ દેઊં તુજને આજ, પ્રભુ રાખશે તારી લાજ; એક વચન માને આજ, પ્રયાણ મધરાત્રિએ સાજ. ૭ જેથી ન ચેતે કૌરવ કોય, દિન પ્રમાણે હાનિ હોય; તુજ માતાને રાખે સાથ, કરશે તે વસુદેવને વાત. ૮ સુધરે તેથી તુજ કાજ, સાંઝ સમે જાજે આજ; વચો સુણી કુંવર કહેણ, શીર ચઢાવું આપનું વેણ. ૯ પણ માતનું ત્યાં શું કામ, દેવી શીક્ષા અનૃત હામ; કહે વિદુર સાચીવાણ, મરે ગોળ તો વિખશે ધાર. ૧૦ સહેજ લઢાઈ હોલાઈ જાય, વધે હેતને વેર ન થાય; ત્યારે સુત વિચારી રહ્યો, વરૂદ્ધ વચને નિરણય થયો. ૧૧ બેઠા કસ્યપતન જયાં મેર, કરી પ્રયાણ કેરી પેર; રથ જોડી કરયો તૈયાર, સજી શસ્ત્ર બેઠો નિરધાર. ૧૨ બેઠી શુભદ્રા રથ માંય, શીખ દે કુંતાજી ત્યાંય; હ્રદયે ચાંપી ઓવારણાં લીધાં, અભિમન્યુનાં કારજ સોધ્યાં. ૧૩ બેટા તંત ન ટંટાનો ધરીયે, થાય કળથી તો બળ નવ કરીયે; નથી પક્ષ પુઠે ઓ બાળ, તારી રક્ષા કરે ગોપાળ. ૧૪ લાંબી ફાળ કદીના ભરીયે, કર્તા હર્તા હરિ ચિંતવિયે; વળતી વિદુર વધા વચન, સુણ સુ-

ભદ્રા ધરી મન. ૧૫ તારા ભાઇને જઇને કહેજે, સાથ સગાંનો ભેગો કરજે; કહેજે કરગરી ખોટું મનાવિ, માને નહિતો આદરજે ભાવિ. ૧૬ જોઇ કરજો વિદુર કહે કામ, કહે કુંતા ન ખોશો મામ; તમે એકલા પક્ષ ન કોઇ, બલિસુ બાથ ભરજો જોઇ. ૧૭ દીધી શુભદ્રાને શીખ, સઉને સમજાવો અધિક; વળે નહીતો કરજો વિરોધ, શાણુ પણે કરો સહુ બોધ. ૧૮ દઈ શીખ દીધી આ-શિષ, ભલુ ભગવત કરશે ભવિષ; દીધી આજ્ઞાને વિદાય થાય, વાજીરાશ અહીકર માંય. ૧૯ લીધી ચાબુક હાથમાં સાર, દાદા દાદીને કીધા જુહાર; ડડા ભરવાને અશ્વો જાય, તેવી સન્મુખ આવી ગાય. ૨૦ જોઇ માન્યુ મન વિદુર, થાય ફતેહ શુકન પુર; હાંકયાં અશ્વો ત્યાં પુરપાટ, લીધી મોશાળ કેરી વાટ. ૨૧ નિકળ્યો રથ નગ્રથી બહાર, પાણી પંથા જોડયા ઘોડા ચાર; એવે શબ્દ શિયાળ સુણાય, કાંઈ વધ્ન શુકન વદાય. ૨૨ ગણુકાર્યું નહિ સુત સાથ, રથ ખેડો દ્વારીકા વાટ; ધમ ધમ રથ કરતો જાય, ધરતી ધમ ધમ ત્યાં થાય. ૨૩ અશ્વ હંકારયો પુર પાટ, પગ પડધીને રથ ધધડાટ; ભર જંગલમાં હય હણુ હણે, અંધારે દીશ દેશ ન ભણે. ૨૪ પોર રાત ગઈ જેવીરે શબ્દ ફાલુ કરે તતકાળ; કહે શુભદ્રા હોશે વિધન, શબ્દ શાહુડીમાન શુકન. ૨૫ એવે આ-વ્યા મારગ બેય, દેખી અશ્વો અટકયા તેમ; કહે શુભદ્રા અટકયા કેમ, કહે અભિમન્યુ બે પથ તેમ. ૨૬ ખેડા અભિમન્યુ ખમચાઇ, રાખ્યા અશ્વ અછો-ડા સાહી; કહો માત કઇ દીશ વળાયે, ડાબે કે જમણે પથ પળાયે. ૨૭ તમો કહો તે પંથ પળુ, ઝટ જઈ મામાને મળુ; વલણુ—મળુ જઈ માતુલને, વિતિ જાયે રાતરે; દાસ છગન શ્રી હરિની લીલા, અવનવિ વિખ્યાતરે. ૨૮

કડવું ૨૦ મું.

રાગ ચોપાઇ.—હરણ કરવાને ભાણેજ આવે, જાણ્યું કૃષ્ણ કે એ નવ ફાવે; મુજ ભકત સરખાનો સુત, જાય પાછો તે વાત કદ્રુપ. ૧ તેથી કારજ કાંઇક કરૂં, એકની બેલ બીજે ધરૂં; જેથી સીધે સરવે કાજ, પાણી પહેલી બાંધુ પાજ. ૨ માન્યુ ના બળદેવે કહેણ, કરયું એમણે ધારયું વેણ; તે તો દેવું થવા નવ કયારે, દેવી કન્યા ભાણેજને મારે. ૩ કરી ધારયુંને યશ હું લેઉં, પાડી ફીકા હલધર દેઉં; માટે કાંઇક કરૂં તદબીર, દેઉ ભુલ સુભદ્રા શ-રિર. ૪ ભલું ભગિનીનું ઇચ્છયું ભગવંત, શુદ્ધ હરિ શુભદ્રા મંન; બોલી વિ-

કળ અવસ્થા માય, મુકી ડાબોને ચાલો ત્યાંય. ૫ હય હંકારયાં અભિમન, પાણી પંથા વકારયાં તન; રથ ધમ ધમ ધમ ધમ જાય, ચક્ર અવાજ ચાં ચિચું થાય. ૬ ઘોર ગાજે ઘુઘરમાળ, હય હણહણે વાટે સાર; શુર સપાટે અશ્વો ચાલે, વન અરણ્યમાં રથ મ્હાલે. ૭ નથી ચીલો ને ઝાડી ઘટ્ટ, રથ આવી ભરાયો સટ્ટ; દેશ દિશા એકુ નવ સુઝે, કહેતાં સંકટ પાર ન બુઝે. ૮ ફાલુ ફાઉડીને નાદ સિંહ, ઘુવડ તમરાં ચિંબરી ગિધ; જાણે શું વૈદરભી વ્હેલે, તેતો દિન આરેણી ખરે. ૯ " રાત કાળી ને કાળા ચોર, કાળા ઘોરી દેખે કોણ ? " મહા વનમાં સુત માત ભમે, પગે ચાલી ન્હીલો ગમે. ૧૦ ઉઝરડે અંગ વાગે પાય, ચઢે ઉંચે ખાડે પડિ જાય; જેવી અંધની મુસાફરી, તેહ દશા ગાંડીવ સુત હવી. ૧૧ માત–સુત કરે વિચાર, પંથ ભુલ્યાંને ખાધો માર; હવે થાશે કશું આપણું, હ્યો લહાવો હુ વહુ વરૂં ! ૧૨ ખાવા ચોરીમાં કંસાર, તો તો આ વહેલે આવે સાર; માટે ભોગવો સાર અસાર, સહુ દેખતાં મુકયો ભાર. ૧૩ મોડ મહેલી મહાલો જદા, તો તો આવેળા આવે કદા; દુઃખ વીના સુખ ન થાય, ખમો જે પડી માથે માય. ૧૪ લાગ્યા વેણ કડક સુતતણાં, થયાં શુભદ્રા ગળગળાં; અભિમંન કેહ માતા તમે, કરો શોક મને નવ ગમે. ૧૫ ધરો ધીરજ થાયે કાજ, જો જો વિદ્યા મારી આજ; એમ કહી ધરયું ધનુષ, ખરા સંકટે વિચારી બુદ્ધ. ૧૬ થાય તેજ તો તીમીર ટળે, ઉજાળે હય પંથે પળે; એવું વિચારી મન આપ, કીધ ટંકાર શુર અમાપ. ૧૭ ધીરી ધીર કાઢયું અગ્ન્યાસ્ત્ર, મુકયું ઝાડીમાં સોંસરૂં શસ્ત્ર; થયો ભડકોને અજવાળુ પુર, લહ્યો પંથને સંકટ દુર. ૧૮ જયાં ત્યાં અગ્નિ વરસી રહ્યો, જાણે દવ બળતો તે કયો; થયો ભડકો બળિયું ઘાસ, રથ હાંકયો તે ઊજાસ. ૧૯ બધું બીડ સળગતું જાય, જીવ જંતુના પ્રાણ હરાય; કરે ઊંદર બીલાડી શોર, જેની પાંખે ઉડયાનું ન જોર. ૨૦ પાંખ હોયતો ન્હાસી જાય, વણ પાંખ અગ્નિ હોમાય; એમ કરતાં આવ્યો બળવંત, કરવા* હિડિંબવંત દહંન. ૨૧

---

* હિડિંબવન–હેડંબા રાક્ષસીનું વન–તે આપણો ચરોતર પ્રાંત–કે જે શેઢી નદીનામાળથી શરૂ થાય છે અને પાલીતાણાના ડુંગર સુધી પહોંચે છે. એ સમયે આબુ અને ઇડરના ડુંગરોને રસ્તે થઈ વૈરાટનગર [ઘોળકા] ઉપર થઇ પ્રભાસને રસ્તે દ્વારિકા જવાતું હતું. હિડંબવનમાં. ચરોતર–ખંભાત–ભાવનગર–ઘોઘા અને પાલીતાણ સુધીનો પ્રદેશ આવી જાય છે. કાઠીઆવાડના લોકો હેડંબાનો હિંચકો બનાવે છે.

મારયું બાણુ ને લાગી જાળ, થાતું દહન વન તે કાળ; રહે રાક્ષસ તે વન વિશે, તે તો અતિ માયાવી દીસે. ૨૨ તાડ ત્રણ તાડ ઊંચા દૈત્ય, રક્ષા કરતાં વન અદ્વૈત; તેનું રાજ્ય કરે રાક્ષસણી, રાણી હેડંબા ભીમને પરણી. ૨૩ તે તો વસી વસી વન ધામ, તેનો પુત્ર ગટોર્ગછ નામ; મહા માયાવી બળવાન, તેનું વન બાળે નર સંતાન. ૨૪ વાયુ વાય ત્યાં સુર સપાટે, લાગ્યું સળગવા જોર ઝપાટે; ભડ ભડ ભડકા વન્હીતા જોઇ, જાગી ઉઠયા અસુર સરવ કોઇ. અરેરે કૃત્ય કોણે આ કીધું કોણ દુશ્મન જે નામ લીધું; તેતો ધાયા કરીને રીસ, મુખે પાડે પાપી ચીસ. ૨૬ વળી માંહોમાંહે કરે વાત, કોણે વન કીધું નીપાત; એક કહે કે હાકજ વાગે, નવ અવાય કોઈ થી આગે. ૨૭ કોઇ પક્ષીએ નાખ્યો અંગાર, વન બળતાં બન્યા લાચાર; જઇ રાણી આગળ સહુ કહિયે, દવ બળે ત્યાં જઇ જોઇએ. ૨૮ થયો હોકાર ઉઠયા લોક, લીધાં ધારીયાં વાંશી અથોક; કિકિયારી ચીચીયારી થાય, દવ હોલવવા દૈત જાય. ૨૯ કોઇ તાડ બે ત્રણ ચાર ઊંચા, કોઈ કરડકણા કોઈ બુચા; કોનાં હોજાં હાથીશાં છાજે, સિંઘ મર્કટ ગર્ધવ મુખ રાજે. ૩૦ એવે આવ્યો ગાંડિવ તંન, રથ ખેડતો ધરીને મન; રથ ખરખર ખરખર જાય, અશ્વ ચપચપ ઉપાડે પાય. ૩૧ જાણ્યું દૈત્ય કે કોઇક આવે, મહા બાણાવળીકો કહાવે; દિસે એકલો રથમાં શુર, એને મારી કરો ચકચુર; ધરી વિકાળ રૂપને ધાયા, તાડ ત્રણ તાડ જેની કાયા. ૩૨ વલણ—કાયા વર્ણન શું કરૂં, કહેતાં નાવે પારરે; દાસ છગન કહે બોલજો જય જય જગદાધારરે. ૩૩.

કડવું ૨૧ મું.

ત્રાડતા ત્રણ તાસ અસુર, માર મારો ભાખતા; તે આવતા મહા જોરમાં, અભીમન સુભદ્રા ઝાંખતાં. ૧ થાતા વીચારો અવનવા–મન, જાન બદલે કોણ છે; મેં મુરખીએ શાને ચઢાવ્યો, મુજ સુતને અજાણ છે. ૨ જંગી જોરાવર કારમા એ, દૈતને ન મળે દયા; છે ફુદા જેવો કુંવર મારો, રોળી નાખે સ્હેજ આ. ૩ હાય ! હાવે શું કરૂં હું, જાઉં કયાં આણે સમે; મન ગર્ક થઈ વિચારમાં, મુરછીત અવસ્થા પડિરથ ! ૪ અરર માતરે હાય શું થયું, અસુર આવિયા કાળનુ દલ્લું; હોસ તાહરી પુરણ ના થઇ, ધરણ તું ઢળી હેબકી ખઇ. ૫ લગન ધારીયું માહરૂં તમે, પુરણ હોંસતો હુતી તે સમે; તમ તણી જતે

પુર્ણના થઈ, ધરણુ તું ઢળી હેબકી ખઈ. ૬ મન ન વારીયું માતરે તમે, પુર્ણ હેસથી રોયાંરે તમે; હઠ લીધી અતિ સંગ આવવા, પુર્ણ પ્રેમ તો સુરેખ લાવવા. ૭ તેહ હોંસ હા પુર્ણના થઈ, ધરણુ તું ઢળી હેબકી ખઇ; જનમી જગતમાં ફરજ જેશીરે, માત તાતને પુરણુ શાંતિરે. ૮ ફરજ તેહ જે માહરી હતી, પુરણુ ના થઈ તું રહી જતી; વચન માતનું શીર ના ધરે, ભાર મારી મા જન્મીયો ખરે. ૯ વચન હું થકી તુજ ના પળ્યું ભાગ તેહથી પાપનો મળ્યો; તેહ ચાપતો શે છુટું અરે ! દાંત જીભલે મોત લઉ ખરે ! ૧૦ રતન માતરે ગુણ શા ગણું, દુઃખ અતી રહ્યાં તેહ શું ભણું; દુઃખ માહ્યરે દુઃખી તું થઇ, પીધ ઔષધો કડવાં સહી. ૧૧ જરા રડું તો ખમા કહિ, લેતિ મુજને છાતીસુ લઈ; પ્રેમ તાહ્યરો જકત ના મળે, માત પ્રેમ તે પ્રેમ તો કળે. ૧૨ તાત માહ્યરો વનમાં વસ્યો. તેહ દુઃખનો મર્મ ના કસ્યો; મુજ મુખ તું જોઇને રળે, મુજ પ્રેમમાં દુઃખ ના કળે. ૧૩ ઉછંગ લેઇને પાળતી અરે ! નજર મીષ્ઠથી ભાવતી ખરે; અવર માતકો તું વિના નથી, હૃદય ચાંપતી તું હશી જતી. ૧૪ હાય જાઉ કયાં શું હવે કરૂં, મુદુલ માતને કયાં જઈ ધરૂં; હાલ એ થઈ મુર્છાનાં ગને, શુદ્ધિ આવશે ળ્હી મરી જશે. ૧૫ વલણ—જયારે શુદ્ધિ આવશે, ળ્હી મરશે તળ માતરે; દાસ છગન અભિમન્યુ કરતો, ત્યાંતો આંસુ પાતરે.

કડવું ૨૨ મું.

વૈશમપાયન બોલીયા તું, સુણજન મેજય રાય; વીસ્તારિ તુજને સંભળાવું. હરણુ સુરેખા ત્યાંય;મન વીચારયું અભિમન્યુએ, રડતાં રોળાઇ જાશું; તેહ જોઇને અભિમન્યુને. ધીરજ રહિ નહિ મનમાં. ૧ અરે હાય શું આવિ પડયું દુઃખ. તાપે તપાયો તનમાં; જાઉં કયાંને શું કરૂં હું, આશરો કોનો લઊં; આરે આવે દોડતાં. કયાં જાઉં નેજ કરૂંજ શું;હાવે નથી વીલંબ કોઇ, મોત મુજ આવિ અડે. ૨ માત મારી થતાં ચેતન, રોઈ રોઇને મરે; મન વિચારયું અભિમન્યુએ રડતાંજ રોળાઇ જાશું; માટે કોઇ ઉપાય કરવો, લુછી નાંખ્યાં આંસુ; અસુર અતિ ઉત્પાત કરશે, મરશે મારી માડી. ૩ પ્રાણછે બ્રહ્માંડ એનો એકાંત દેઉં સુવાડી; બે ઘટિકાએ પ્રાણ આવે, સુવાડી દઊં રથમાં; પાપી કેરા પ્રાહાર પડતાં, પ્રાણ જાયે પળમાં; એમ ધારી ઉતરી હેઠો,

કટી કશીને બાંધે. ૪ શુધ બુદ્ધ વિનાનિ જનુનીને, પોતે લીધી ખાંધે; ધરૂં જોઈ ધામ નિશ્ચળ જોઉં દુશમન શું કરે; વાડ વાંસે માત મુકી, ધીર બ્હાદુર તો ધરે; એકાંત જોઇ જંગલ ઝાડી. ભોમિ માત સુવાડી. ૫ વૃક્ષ ગુફામાં સ્વચ્છ કરીને, સુવાડી વસ્ત્ર ઓરાડી; વાડ ઓઠે સુવાડીને, રથ આવ્યો અભિમન; રાશ પરોણો હાથ ગ્રહીને, રથ બેઠો ધીમંત; એવે અસુર આવી પહોચ્યાં, દુષ્ટો દેતાં દોટ. ૬ રથ કુંવરનો ઘેરી લેઇને, ઉભા વળી તે કોટ; લોચન રાતાં ક્રોધ તાતાં, અસુર બોલ્યા વાણી: કોણ તું છે કયાંથી આવ્યો, મનુષ્ય બાળક પ્રાણી; કઇ નાતને જાત તારી, કયું ઘરને ગામ. ૭ કોણછે મા બાપ તારાં શું છે તારૂં નામ; અહીં આવી નુકશાન કીધુ, બાળ્યો અમારો બાગ; મોત તારૂં આવી પહોચ્યું નથી છુટવા લાગ. ૮ વલણ—લાગ છુટવા છે નહિ, માટે સાચુ બોલરે; દાસ છગન અભિમન્યુ વદતો, કરી મનમાં તોલરે. ૯.

કડવું ૨૩ મું.

રાગ ક્ષત્રીકલંક—અરે દુષ્ટછો કોણ ગમાર, અહીંથી દુર ખસોરે ! શાને આવ્યાછો આણેઠાર, શો વિચાર મન વસ્યોરે. ટેક. કોણ રાજને કોનોછે દેશ. અહીં૰ શાને મોત માગો અસુરેશ. શોવિ૰ ૧ ત્યાં તો તાડુકી બોલ્યા દૈત્ય, તું કોનો છોરોરે; રાખે આટલું તું અભિમાન, વિચારી પાછો વળેરે; અભીમાન હું ! રાખુ ન કેમ, અહીંથી૰ લઢવું હોય તો સ્હામા થાવ શોવિ૰ ૨ આખી પૃથ્વીનો રાજા હુંય, અહીંથી૰ દાનવ માનવ નૃપ કહેવઉં, મુરખ મન શું હસરે; સુણી વાણીને વિફરયાં દૈત્ય, અહીં૰ ઝટ ખોઇને જાશો માન. માન મુરખ૰—

કડવું ૨૪ મું.

રાગ કાલિંગડાની ચાલ.—અલ્યા મુરખ કે' તાંલા જે, જાણી બાળક રહીએ માઝે; મોઢે આવ્યું તેવું ભાજે, હમણાં કરશું તુજને પ્રાજે,—લાજ રહે નહિરે [૨] ટેક. ૧ નથી કે'તા બાળક ધારી, અમો માનવના છુ અહારી; માટે મહેલ સુમત તું તહારી, ભક્ષ કરશું તુજને મારી—વિમાસે ત્યારે તું સહિરે. ૨

અરે ! પાપી તો પસ્તાશો, વણ વાંકેથી રીબાશો; ચિથરે હાલ થઈને જાશો, મારા કરનો મારજ ખાશો થાશે મરૂત્યુ સઉનું અહિરે. ૩ એવી ટપાટપી અતિ થાય, જોઈ કોપ્યા સરવે ત્યાંય; મારો મારો કરતા ધાય, બહુ બિહાણા લલહેવાય; વિકળ છે અભિમન્યુ તહિંરે. ૪ વલણ.—વિકળ થયો અભિમન્યુને, ધનુષ બાણ છે હાથરે; અનેકાસ્ત્ર મંત્રે શર છોડ્યાં દાસ છગન કહે ક્ષાતરે. ૫

કડવું ૨૫ મું.

છંદ મનહર.—તડાતડ તીર છુટ્યાં, ભલા ભડ શિર ફુટ્યાં; લોહી વલોહણ થયા, અસુરો અપાર ત્યાં; માકણનું લોહી અડે તેમાંથી માકણ થાય, તેમ વધ્યા લોહી બુંદ અનંત અસુર જયાં ત્યાંતો અભીમન્યુ ભડ, ગભરાઇ પાછું જુએ, મારો મારો મારો ભાખે, અસુર અપાર હ્યાં વરૂક્ષ વાંસ ઉપાડીને ફેંકી અભીમન્યુપર, આકળો બ્હાવરો કીધો , અભીમન્યુ ધીર ત્યાં. ૨ ધીરવીર બહાદુર ધીર ધરી ધારયું ધ્યાન, મને કહ્યું કૃષ્ન રાજે, જનમ સમયએ અસુર અપાર લીલા, શીવજીની સાહ્ય થકી, આણ શીવતણી આપે, ઉપાધી સમાય છે. એહ વાત અગમ જે ગરભ મહી શીખ્યો હતો, અજમાવું આજ તેને, જોઉં શું જ થાયેછે, એમ ધારી શર લઈ; આણ શિવ તણી દઇ, મુકયું રણ મધ્ય મહિં; માયા શમી જાય છે. ૨ હતા તેહ રહ્યા થયા ગયા જોઇ અભિમન્ય, હર્ષ પ્રફુલ્લિત થઈ; કાળ પાશ ધારે છે જાયછે, ફુંદડી ફરીને મુકયું શિવ મંત્રથી ચુકયુ, અસુર સંહાર થયો, નાઠો વહેલો એક તે ગયો તે હિડિંબા પાસ, દોડતાં ચઢયો છે શ્વાસ, ગાભરો બનેલો ખાસ, ગલ્યાં તલ્યાં બોલેછે મમમા મહને રાખો, વન બાધુ બાળ્યું ભાખો, પાંચ પચ્યા સોને મારી, બાળ જન આવ્યો છે. ૩ અમે લઢયા તે ન ફાવ્યા, ભાઇ મીત્ર મૃત્યુ કહાવ્યા, એકલા મેં બચી આવ્યા, વાત કહેવા કાજતો સુણી વણી ગભરાણી, રાણી થઇ વિકરાળી, કાળી કાળકાનુ રૂપ, ધરી બોલી આજ તો મારૂં મરૂં અહેવા ! કોણ, માનવનો સુત એહ, ગટોડા*નું ઉકઝટ બાગ દેખ્ય બાળતો; ત્રીજા માળથી ગટોડો ! ઉઠયો [ભટ]આંખ ચોળતો, (ઉંચુ) બાગ સમીપ ન્યાળતો, ૪ બાળતો આવતો રથ આગળ જહાં, બાણ અગ્નાસ્ત્રનું મારતો,

---

* ગટોડો—ઝાડનું માતાનું નામ. ગટોરગચ્છ—જેને બલીયા કાકા કહે છે.

ભાળતો આવતો ક્રોધથી ભુર થતો, શુર સારદા×હરિફાળ ભરતો; કો કમનું જાત છે શુર સોહામણો, મારણો જારણો ટાળણો એહતો; આણુ માની નહિં હાણુ કીધી સહી, લ્હાણુ તેનું હવે એ સહે તો. ૫ ફાળ મારી જદા આવિયો ભુતડાં કોપિયો માતનો ક્રોધ જોઇ; અનુચરે જે કહ્યું જેહ નજરે લહ્યું, સાતમે માળથી સર્વ સોઈ; યુદ્ધ ચઢવા થયો સજજ સુત મહાબળી, માત હિડિંબકે' શુર કોઈ?? તેથી સાથે થઊ સાહ્ય તુજને દઊં, પ્રાક્રમા લહુ છેતરી મારૂં ઓઈ; ત્યાં ગટોરગચ્છ કહે જોઈ પ્રાક્રમ લહે, માત તું તો રહે ભાર એનો કશો આપ જાણો; ઠેર મારૂં અરિ નાજ સંશય જરિ, ખ્યાત મારી ખરિ ધ્યાનમાં માત આણો, જો જરી વારમાં થાય શું પ્યારમાં, અગ્નિના ખા'રમાં અરી ચર્ણુમાણો; તે પછી શું કરે ગટોરગચ્છ ખરે ! મન છગન કરે તેહ શ્રોતા પ્રમાણે.

વલણુ.—માયા કરી માયાવી, ધુણાવ્યું છે શીષરે ! જુજુ સમજીવ ડયા, તે વાધ્યા ઉન મિષરે.

કડવુ ૨૬ મું.

છંદ દેશાખ હરિગીત.—તાડને ત્રણ તાડના અસુરેશ વાધ્યા મહાબળિ, છે જેની માયા અવનવિ તે શું કરે નહી વળી વળી; જોઈ તેને મોહ પામી, કહે હિડિંબા સુતને, ઝટ જઈ હરાવિ હોલવી તું આવજે હો મહા બળી. સુન શુરા માહ્યરા, હું તાહ્યરી પક્ષે છઊં; જબરો હશે શત્રુ કદી તો માર તેને હું દઊં. ગોષ્ટિ કરી ત્યાંતો વણેરી માત પુત્ર તે સમે; આજ્ઞા લઇ કુદયો ગટોરગચ્છ, માત કેરે મન ગમે. આવિયો ઉદ્યાનમાં જયાં અભિમન્યું બાળતો; ચો ચક્ષ મળતાં વાત વદતા, કોણુરે તું આવતો ? ! મોત તારૂં આવિયું કે બાગ મુજ ઉજડ કરયો; મુકું નહિં હું તુજને, છે ક્રોધ મારે મન ભરયો; કોણુ આવ્યો કયાં થકી તું, પુત્ર કોનો કયાં રહે; મગરૂબિ રાખે મનમાં તે, નફ્ટ તું મુજને કહે ? નફ્ટ તું ને બાપ તારો બોલતો છાનો રહે, કોના હુકમથી અહીં ભરાયો, ચઢયું હમારૂં દાણ છે. રાજ મારૂં ભોમ મારી ચાહય તેમ હું તો કરૂં, છે રોકનારો કોણુ તું હે મુરખા હવણાં હણું; સુણી એવાં વેણ કોપ્યો, ભીમ સુતજ મહાબળી; આજ્ઞા કરી અસુરો ને તુટી પડિયો તે ઘડી. કો-

---

÷ હરિફાળ—સિંહની ફાળ. જુઓ કોષ. હરિ શબ્દના ૧૨ અર્થ થાય છે.

પ્યા અસુરો કારમા કરતાજમારો માર તે; ઉંચે ચઠી ગાજયો ગટોરગચ્છ, ખળ ભળયું બ્રહ્માંડ તે. નાદ સુણી અભિમન્યુ, જ્ઞાન આવ્યું મહાબળી નિ-શ્ચે હણે ઘણાં મને એ વાત -હૃદયે આવરી; મેલ્યું વિચત તે શબ્દ વેધી; આ-વિયું સુસવાટ એ. લીધો ગટોરગચ્છ વેગમાં તે બાણતો ત્યાંથી સરયું; ખટ ગાઉ ઉપર તે જઇ, સુદ્ધાં પડયું ચોકયો સુત ત્યાંતો, રે ! અરે ! આતો ખરે ! મહા બુદ્ધિશાળી વિરકો છે, એમ તો એ નામરે. નાંખ્યો મને અટગાઉ, આ-તો મુજ જંગલના અરે ! હું જાઉ દોડી ઝટના મુજ માત જોઇને મરે; જેવો પડયો તેવો ધસ્યો તે વાયુ વેગે આવિયો; કુદી પડયો નર-સુતપર રથ ભાંગી ભોમ ધરાવિયો; જાણ્યું અભિમન્યુ નક્ષી આ, મોત મારૂં આવિયું; તુટયા અસુરો ચોદિસે ત્યાં માર મારો ભાળિયું; શીવનો મંત્ર ભણી એક ત્યાં તો બા-ણ મેલ્યું રણ વીષે, માયા સહુ ઝટ દુર થાતી, એકજ ગટોરગચ્છ દીસે તેના પરે બહુ બાણ મારયાં; આકળો તેને કરયો; માયા કરી જબરી અતિ સનમુ-ખ આવીને ખડો; જો જે અલ્યા તું માનવી મુજ હાથતો આણે સમે; હું ઠેર મારૂં તુજને ના શક તું મનમાં ધરે.

કડવું ૨૭ મું.

રાગ ધુમાર—વૈશંપાયન એણીપેર બોલ્યા, સુણજન મેજયરાય; વિ-સ્તારી તુજને સંભળાવું સુરેખા હરણ મહીમાયજી. આજ્ઞા આપી અસુરોને કે તે તો ખોંખારયાંજી, ગાજી ઘણાને વઢવા લાગ્યા, ગટોરગચ્છે વકારયાંજી. ઉંચો ઉછાળે કળ કળેને કરતા મારો મારજી, ખોબે પોટલે ધુળ ભરીને ઉછા-ળે તે વારજી. નજર નીચી આંખો મીચી વાંકાવળી વાળે હાટજી. અભીમન્યુ ઉપર ઉછાળે અંધકાર દોહો વાટજી; ભરે થોકડા કરે હોકારા, જણવે ઝાઝુ જોરજી; ઉંચા ચઢીને નીચા પડતા, કરતા શોર બકોરજી. ડોળા ફાડે દાંત દે-ખાડે ગુહ્ય દેખાડે ત્યાંહેજી; સુપડા જેવા કાન હલાવે ખાઉ ખાઉં બોલે મોઢેજી, હેડંબાનો સુત ગટોરગછ અંતરિક્ષ રહીને જોતોજી; ક્રોધ ભરેલો વાંકી નજરે લાગ કબુના ખોતોજી, અભીમન્યુ મુઝાયો ઝાઝો અકળાયો અપારજી; આંખ ન સુઝે થરથર ધ્રુજે લાહે નહિ કાંઇ સારજી, શ્વાસ અને પ્રશ્વાસન નીકળે ગી-ર્દી ઘણેરી ઉડેજી, ઝાડ વાંસને શુવર કાંટા લેઇ રાક્ષસો ઝુડેજી. મૂરતીકાતો મુ-

ખ ભરાઇ કાન આંખને નાકજી; હાથ ધનુષને દુર મુકી પટકુળ ઓઢ્યું સારજી, જોયું નજરે ગટોર ગચ્છે પુરણુ ઊંચો ચઢીયોજી. સમળી વેગે ઝડપ કરીને આવી રથમાં પડીયોજી, કુંવર ઊપર ક્રોધ કરીને, દીધો મુષ્ઠી મારજી; નાક ઝાલી ધોલ મારી છીનવી લીધાં હથીઆરજી; ફાળ પડી અભીમન્યુના મનમાં પટકુળતો ઊચાડ્યુંજી. ધનુષ જુએ તો મળે નહિં ત્યાં વિકળ મન ઉજાડ્યુંજી; થઇ ગાભરો બની આકળો મરણુ આદરી મનથીજી. દ્વંદ્વ યુદ્ધ કરવાને કુદયો રિસ કરી બહુ તનથીજી, હસ્ત થકી બે લઢવા લાગ્યા મુષ્ટી ગડદા કોણીજી; બે બળીયા ત્યાં ગાજયા વાઝયા બળથી બાથે બોણીજી, સુસ્તાઇ મુકી કુસ્તાઇ ઝુકી, ઉલટ પુલટ થાયજી. મેંઢાં પેરે માથાં મારે, લાત પાટુ કહેવાયજી લથબથ કરતા રથથી લથડતાં પડતા ભોંય પ્રચંડજી; લાગ જોઇને દાવ સાધતો ગટોર ગચ્છ ધુ મંડજી, સઘળા રાક્ષસ કુભાંડિતે અતિ કરતા કુભાંડજી, ગટોરગચ્છની પક્ષ કરીને મારે કુંવરને ધાડજી; રથ ભાંગી નાખ્યો કુંવરનો મારયાં ઘોડા ચારજી. બે બળીયા તો લથબથબાઝી, અન્યો અન્યે દેતા મારજી; બંધ તુટે છાતી કેરા, ચઢી આવે બહુ હીકજી; ધોલ થાપટ ગડદા પાટુ, ઠેસ કોણીને ઢીકજી. કેશ ઝાલે એક એકનાને, પેટ મારે શીષજી; પડતા હેઠા થાય બેઠા, નાખે ચીસે ચીસજી; એવે માયાવી દાવ સાધીને, બેશી ગયો ધરણુજી; મહી ચોધ કરીને અભીમન્યુનો ચરણજી, ઉંચકી ઉભો થયો સુબો હીલોળી નાંખ્યો હેઠોજી; ફરી ઉઠીને કુદયો તેપર, જોજે હાવે તુંતોજી.

મનહર.—એવું કહી તુટી પડયો, ગુપ્તીજ ગેડી કર ગ્રહી; તે એક દીધિ પાગમાં કે, અભીમન્યુ પડયો સહી; તે પરે બેઠો ચઢી ઝટને, કંઠે ત્યાંનો દાબીયો; ચક્ષુ ચઢયાં ઉંચાં અને, મુખ શબ્દ કોના ભાખીયો; ફીણ ફીસોટા મુખ વહ્યા, કારમુ થયું કુભાડે. ૧ શ્વાસ બંધ થઈ શુદ્ધ ગઇને, જીવ ચઢયો બ્રહ્માંડ; અંતર્યામી વિશ્વ સ્વામી, જાણી હરી એ વાત; ભાણેજો ભોમી પડયો, ને થશે દેહનો ઘાત; એ મરશે તો ધારયું ફરશે, કરશે હરણ ન કોય. ૨ મારૂં બોલ્યું રહે મુખમાં, તે ધારયું હલધર હોય; એવું જાણી પુરૂષ પુરાણી, ચતુર તે કેમ ચુકે; ગટોરગછના ઘટની અંદર, દયા ગોવિંદ મુકે; તવ ભાન આવ્યું ગટોર ગછને, આતો હવે મરી ગયો. ૩ મરેલાને શીદ મારૂં એમ કહી ઉઠી ગયો; જાણ્યું ગટોરગછ અહી મુઓ, ઊઠી હોલવવા ગયો; મુરછાં વળી ત્યાં શુભદ્રાને, શોક હ્રદયે આવ્યો; હેડંબા કરેરે વિચાર, વઢતાં ઘણી વાર થઇરે. ૪ કદી દુશમન હોય બળવાન, સુત આવ્યો નહીરે; રખે કુંવરને કંઇ થાય, જીવતર

મારૂં ૨ડ વડેરે; માટે જોઉં જઇ પ્રત્યક્ષ, મુજ સુત કેવા લડેરે; એવું લહીને નીકળી નાર, મનમાં આદરીરે. ૫ આવિ નીજ મહેલની બહાર, થાતી સાંતરીરે; ધારે માયાવી જે રૂપ, તેને શી કમીરે; એણે ધારયું મયાવી રૂપ, અવલોકીક ના કમીરે; ત્રણ તાડના લાંબા ચરણ, હાથ બે તાડનારે. ૬ માથુ ડુંગર જેવડું સારં, વાળ વાંસ જાળશારે; નાસા નવ ગજની દેખાય, ટીસી તો ઘડનાળોરે; મોટા સરોવર શાં લોચન, ભમર વાંસ જાળારે; એવું બીહામણુ ધરી રૂપ, વિચરી ત્યાંથીરે. ૭ દોડી પુત્રની કરવા પક્ષ, યન જોતી જોતીરે; એને રહે નહી કાંઈ અદ્રસ્ય, શીર ગગન ગયુંરે; એવે આવતા દિઠા દૈત્ય, નિશ્ચય મન થયુંરે; એવે આવ્યો ગટોરગછ ત્યાંય, માતાને મળેરે. ૮ વાંકો વળી કરે છે પ્રણામ, કૌતક કો કળેરે; માજી શીદ જાવ આ રૂપ ! ધારી કારમુંરે; જય કરીને આવ્યો આજ, કાજ સધારીયુંરે; તવ બોલી હેડંબા નાર, કુંવર કાલારે. ૯ તને આવતાં લાગી વાર, સંશય ઠાલારે; તેથી મનડુ મારૂં મુઝાય, કુંવર૦ આવી જોવાને આ વાર. સંશય૦ મને પડી પેટમાં ફાળ, કુ—૦ હોય દુશમન જબરો હાલ. સંશય૦ હું આવતીતિ તુજ પક્ષ કું૦— કરવા શત્રુનું ભક્ષ. સંશય૦ ભલે સાંમો મળ્યો તું આજ કું૦—હતો કેવો દુશમન સાજ. સંશય૦— તવ કહે ગટોરગછ વાણ માડી મારીરે, મુજ જેવો તે દુશમન, વાત વિચારીરે. વળી ઘણો હતો બળવાન, માડી૦—કોઈ મોટાનો સંતાન. વાતવિ૦— એતો બાણવળી દીસત, માડી૦—છેતરિને આણ્યો અંત. વાડી૦—કહે હેડંબા તે વાર, કુંવર કાલારે—કોણ સાથ હતું તે ઠાર. સંશય૦—વદે ગટોરગછ હો માત, માડી૦ નહોતુ નરનારી કો સાથ. વાત૦ આવ્યો એકલો રથ બેસી. માડી૦ ભુલ્યો મારગ ગયો વનપેસી. વાત૦ કીધું કારજ આણી. કાળ. માડી૦—શબ રહેવા દીધું તે ઠાર. વાત૦ વાણી બોલી હેડંબા માત. કુંવર કાલારે૦ મને દેખાડ દુશમન નિપાત. સં૦ મને તે જોયાનો પ્રેમ. કુંવર૦ મન ધારયું છે એ નેમ. સંશય૦ નેમ ધારયો મેં અરે, દુશમન જોવા આજરે; માટે તે જ્યાં પડયો હોયે, તે દેખાડ સાજરે.

કડવું ૨૮ મું.

વૈશંપાયન વાણી વદે, જનમેજય તું ધરજે હૃદયે; દાદો પડીયો તારો જ્યાંય, દેખાડવાને વળીયા ત્યાંય. ૧ બાગ ભણી આવ્યાં સૌ સાર, આગળ

ગટારગછ નિરધાર; માતા સંગે મળીને જાય, હુંશીયારીનાં વેણ કથાય. ૨ એ-વે તે સ્થાને શું થાય, મુરછા વળી શુભદ્રાય; આવી શુદ્ધને આવ્યું ભાન, પાસે નવ દીઠા સંતાન. ૩ નથી રથ કે ઘોડા એક, નવ દીસે કુંવર ત્યાં નેક; પોકારતી કુંવરને સાર, આંસુડાં ભરતી તે વાર. ૪ કુંવર કુંવર તું કયાં ગ-યો, મુજ થકી અછતો કયાં રહયો; અરેરે શું થયું ઓ બાળ, લાગી શોધવા વન વિકાળ. ૫ અંધારે કંઈ સુજ ન પડે, ઝાડ ઝાંખર સાથે આથડે; ફાંફા મા-રતી ત્યાંતો ફરે, ત્રાહ્ય ત્રાહ્ય તે મુખ ઉચ્ચરે. ૬ એવે રથ દીઠો તે ઠાર, ભાગે-લા કડકા નીરધાર; ચક્ર સાંગી ઉધ તણાઇ, જુદાં દીઠાં તેહ જગાઈ. ૭ ઘોડા-નાં શબ દીઠાં સાર, મુવા પડયા છે તે નીરધાર; ત્યાંથી ફરતી આઘી જાય, પડયો પુત્ર તે ત્યાં દરસાય. ૮ જોયું શબ સુતનું જે વાર, બેઠી ગળગળી ભુ નીરધાર; અરે દૈવ આશું થયું, નિરધનીયાનું ધન સઉ ગયું ૯ ફુટયું કરમ મારૂં આજ, ખોયું છોકરૂં મેં રંડાજ; વાંકો દૈવ થયો મુજ ખરે, દુઃખતણો આંકો નહિ અરે ! ૧૦ પુત્ર પુત્ર પોકારજ કરી, મરૂત સુત ઉછંગે ધરી; બોલો કહી બોલાવે માત, મુખ ઝાલી હલાવે સાક્ષાત. ૧૧ આંખે આંસુ વહે ચોધાર, કુટે શીશને છાતી અપાર; નવે ગ્રહતો વાંકા થયા, કામ કઠોરાં નિવડયાં. ૧૨ ઘર બારને ગયું રાજ ગયો ટેક તોરો ને લાજ; રડતાં હોશ કોશ ઉડી ગયા, થાતાં મુરછાં બેહોશ થયાં. ૧૩ મુરછાં વળી ત્યાં સુભદ્રાની, રણ સમાચાર સઉ લહયોરે. ઇતિ. વલણ.—મુરછા વળી ત્યાં સુભદ્રાની, રણ સમાચાર સૌ લહયોરે; દાસ છગન કહે સુત મરૂત્યુ, જાણી વિલાપ આવરયોરે.

કડવું ૨૯ મું.

રાગ વેરાડી—શુભદ્રા કરેરે વિલાપ, દુશમનનું મન દ્રવેરે; મારા લાડક-વાયા સુત, અહિ મુજકો વલ્હેરે. મને મુકી ગયો તું કયાંય, શુભદ્રા વીલપેરે, રથ શોધે જંગલની માંય; હરિ શું ચિંતવેરે. એમ કરતાં જડયો રથ ત્યાંય, શુભદ્રા૦ વિલપેરે ભાગ્યોતુટયો પડયો છે જ્યાંય, હરિશું. ચિંતવેરે પાસે પડયો દીઠો નિજ સુત. શુભદ્રા૦ વિલપેરે મરૂત જોતાં થઈ બેશુદ્ધ. હરિ૦ ચિંતવેરે રહી પર ઘેરને પેટ ભરતાં, શુભદ્રા વિલપેરે. તોય ફળ મળ્યાંછે નરતાં, હરિ શું ચીંતવેરે. સ્વામી મુકી ગયા છે વન. શુભ૦ લાવી રણમાં મુકી તન. હરી શું૦ કરે આક્રંદ ચુટે

કેશ, શુભ૦ ઝીણા કોમળ સ્વરથી એશ. હરી૦ તે સ્વર સુણ્યો હેડંબાય શુભદ્રા૦ કાન માંડી સાંભળે ત્યાંય. હરિ૦ થયા હેડંબાને વિચાર. શુભ૦ કહેતા સ્વામી નથી કો સાથ હરી૦ તો આ કોણ કરેછે પોકાર. શુભ૦ રડે અબળા જાતિ અપાર. હરી૦ છાતી ફાટ રડેછે એહ શુભ૦ મરનાર સગો કો તેહ હરી૦ હશે બેની નારી કે માત. શુભ૦ તેહ જાણ્યામાં આવશે ,ખ્યાત. હરી૦ કદી જાઉં હું એની પાસ. શુભ૦ કદી બોલે ન પામી ત્રાસ. હરી૦ માટે છાની રહીને જોઉં. શુભ૦ એનું સગપણ જાણી લેઉં હરી૦ દીધું ધ્યાન ને માંડયાં કાન. શુભ૦ દયા ઉભરાઇ હ્રદયે મહાન. હરી૦ કરે આક્રંદ અંગ અપાર. શુભ૦ બોલો લાડકવાયા આવાર. હરી૦ મારા કાલા વ્હાલુડા બાળ. શુભ૦ બોલો અભિમાન વેણુ રસાળ. રરી૦ જરા જુઓ ઉઘાડી આંખ. શુભ૦ મને રઝળાવી વન ઝાંખ. હરી૦ કયા શત્રુએ કીધો આ કેહેર શુભ૦ કયાજ જનમનું વાળ્યું વેર. હરી૦ વલણ.—વેર વાળ્યું કોઅરી, એમ અતિ આક્રંદ કરેરે. દાસ છગન બે હાથ ગ્રહીને, સુતને હલાવ્યા કરેરે.

કડવું ૩૦ મું.

રાગ વેરાડી વીલાપનો.—મારા લાડકવાય તંન, અભીમાન બોલો હો બાળા. મને રઝળાવી વનવન. અભીમાન. જરા જુઓ ઉઘાડી આંખ. અભી. મારી તુટી સરવે પાંખ. અભી. કયા શત્રુએ કીધો કેહેર. અભી. હોય બાપતો લે આવેર અભી૦ નથી વડીઆઈ કુંતા ડોશી. અભિ. નથી સાહ્યમાં સ્હેદેવ જોશી અભી. મને નડયું મારૂં કરમ. અભી. નથી સાહ્યમાં રાજા ધરમ. અભી. આતો દુ:ખની ના રહી સીમ. અભી. નથી આવેલા કાકો ભીમ. અભી. સુણી ચોંકી હેડંબા નાર. અભી. નથી તાત અરજુન આવાર. અભી. મેં તો પેટ ચોળી કરયુ શુળ. અભી. નથી સાહ્યમાં છેલ નિકુળ. અભી. સુણી નામને આવ્યું હેત. અભી. છતી થાતી હેડંબા ચેત. અભી. રૂપ વીકાળ કીધું શાંત. અભી. રૂપ શાંતને નવલી કાંત. અભી. જાણે નવલ મુગ્ધા હોય. અભી. એવું રૂપ હેડંબા જોય. અભી. વલણ—રૂપ નવલું ધરી પોતે, હેડંબા ત્યાં જાયરે; દાસ છગન કેહે ચંદુભાઈ, હવે તીહાં શું થાયરે.

કડવું ૩૧ મું.

રાગ ચોપાઇ—એવે હેડંબા આવી ત્યાંય, સુત સાથ શું કરેરેઃ અરિ બળવંત બહુ દેખાય, હરીને શું ગમેરે. એવે આવ્યા તે તત્કાળ. સુત૦—,, આવ્યા દીશ બાંધી તે ઠાર. હરી૦ ,, ત્યાંતો શબ્દ સુણ્યો કોઈ શામ, આક્રંદ અતી કરેરે, પુત્ર પુત્ર કરીને રોય, હરી શું૦ ,, સ્તબ્ધ થઇ સુણ્યો તે વિલાપ, આક્રંદ૦ ,, ત્રાહિ ત્રાહિ વદે મુખવાણ, હરિ૦ ,, પુત્ર પિતા નથી અરજુન, આક્રંદ૦ ,, નથી કાકો ભીમ નિકુળ. હરી૦ ,, તને સા ્ય કરત આઠાર, ,, આ- ક્રં૦ તુજ દુશમનના લેત પ્રાણ. હરી૦ ,, સુણી હીડંબા ભીમ શબ્દ આશ્ચર્ય અતિઘોરે. આતે કોણ હશે રોનાર, હરિ૦ ,, વળી અરજુનને નીકુળ, દીયર જેઠ મારારે, જઇ પુછું કે સગપણ કોય, હરી૦ ,, કરે શુભદ્રા આક્રંદ, હિડીબા આવેરે, બાઇ કોણ રડે મધરાત. હરી૦ ,, પ્રતી શબ્દ સુણી શુભદ્રાય, મહા ભય પામેરે, કોઈ દેવ ઇસ્યુકે પલિત, હરી૦ ,, અહીં શબ્દ કરયો કો આપ, હવે શું થાશેરે, શોક ચિંતાને ભય ઊભરાશ; હરી૦ ,, વદે હીડીંબા આણી વ- હાલ, અરે બ્હેન કોણછેરે; ભીમ નીકુળ વદે તું કેમ, હરી શું૦ ,, તારૂં સગપ- ણ શું તે સાથ, અરે બ્હેન૦ ,, વદો મરનાર કોણ સંબંધ, હરી શું૦ ,, ત્યાં તો શુભદ્રા ચિંતે એમ, હશે કોઇ માનવિરે; એને પુછયાની શું ગત્ય. હરી. ,, વદે હિડીંબા તે કાળ, દિયર જેઠ માહારે, ભીમાને કુળ દીધાં નામ, પતી પુરણ પ્યારારે. તમે તેનાં સગાં શાં થાવ, બેની મારાંરે; ઝટ ઝટ કહો તે કથાય; પતીપુરણ પ્યારાંરે. વલણ—પતિકુળ પ્યારાં ઝટ કહો, એતે શું સંબંધરે; દાસ છગન મન સુભદ્રાને, શાંતિ આવી તંનરે.

કડવું ૩૨ મું.

રાગ ચાલતો—વદે શુભદ્રા બ્હેન, દીધાં નામ જેહરે; તે તો દીયર જેઠ સંબંધ પ્રીતીનાં પ્યારારે; પડયો ધ્રાશકો હીડીંબા મન, દેરાણી જેઠાણીરે; મરનાર ભત્રીજો હોય, વઢયા બે ભઈ છેરે, આતો આવી પડી ઘરમાંય, કાર- જ કરવું રે; અમી કુપો આવશે કામ; મારે મરવાંરે. એમ સમજી વદી તે વાણ, બેની મારીરે; રહે શાંત જરા આ ઠાર, વિવેક વિચારોરે નથી મુઓ

તમારો તન. „કરૂં જીવતો નતો પાડતન. „ એમ કહી ઉઠી તે કાળ, હિડીંબા રાણીરે; લેઇ અમરૂત આવિ સાર; વેગે વારીરે. ઝટ સીંચી કરયો સાવધાન, સુત તે શુરેરે; કરી હોકાર અભેમાન કુદયો પુરેરે; ઝટ હાથ સાહયો ત્યાં માત સુત સલુણારે, જીવ્યો કાકીને પ્રતાપ, પ્રાણના પ્યારારે; હેં હેં હેં વહો શું માત, આ શું દીસેરે; વળી છેકો આતમ સાથ કાકી આવશોરે, એવે આવ્યો ગટોરગછ, અગ્નિ હોલવીરે, જોઈ દુશમન વિસ્મય થાય, માતા ત્યાં હવીરે ! હીડીંબા ઉવાચ રાગ છંદ—ભાઈ એ છે અભેમન્યુ, પુત્ર તુજ કાકા તણો; માંહો માંહે લઢી મુઆ. હવે તો સ્નેહજ ભણો. ન હોય બીજો જોય બીજો, સુજો સર્વ સમાનતા; એક મેવ દુજો નાસ્તિ, સમ મહમેવ માનતા. હર્ખ્યાં હર્ખ્યાં હરખે હર્ખ્યાં, આવ્યાં પુર નીજ મહેલઃ રાત વીતિ વહાણું થયું, હવે થયો શો ખેલ.

કડવું ૩૩ મું.

રાગ સામેરી અહો રાયજીનો.—વૈશમ પાયન એણિપેર બોલ્યા, સુણજનમેજય રાય; વિસ્તારિ તુજને સંભળાવું સુરેખા હરણ મહીમાય; અહો રાયજી સુણીએ ! ટેક. હસ્તીના પુરમાં દુરયોધન, શું કરતો તે કાળે, લક્ષમણાને પીઠી ચોળી શણગારયો તે ઠારે. અહો. ૧ માનનીઓતો મંગળ ગાતિ, ટીલુ ટપકુ કીધું, વરરાયને નવરાવીને, કપડાનું મન કીધું; જરી જામા ચીરા પટકા હાર હીરાના લળકે. કુંડળ બાજુ બંધ પ્હોચી કડાં સાંકળાં ખણકે. અહો. ૨ જાન પણ તેવી શોભાવી ભીષ્મ દ્રોણને કુપ; અશ્વતથામા મામા આદી, અગીયાર ક્ષોણિ શુરાઓ. અહો. ૩ સભા કરીને ચઢયો ઘોડલે, કડી ધીમ વાગ્યાં તુર, ભેરી ભુંગળને શરણાઈ, પડઘમ કાંતિ પુર. અહો. ૪ વલણ.—એવી રીતે જાન સોહાવિ. પ્રીતે મુકયું પુરરે; મા ભરિઆડી નમી, છગન કરમ ગત નુરરે.

કડવું ૩૪ મું.

કોરવકેરી જાન આવી, દ્વારીકા નગ્ર મોઝારજી; ચોબદાર છડીદાર બંદી, અત્તર છાંટણુ સારજી; જાણુ પડતાં કૃષ્ણ હલદર, જાદવ છપન કોટીજી; ક્ષા-

મથાને સામા આવ્યા, જાન દીસે બહુ મોટીજી; વર રાજાને નીરખી સરવે, યાદવ મરડે મુખજી; હળી મળીને જાનીવાસે, આસન આપ્યું સુખજી; સઉ સઉને ઘર ગયા મળી હળી, આનંદ મંગળ થાયજી; ભાનુમતી આદે જાંદરણી, કેવું કેવું ગાયજી. ધોળ—જાગો જાઓ જાદવ રાય, આવિ કૌરવ કેરી જાનરે; હસ્તિનાપુરના રાજીયારે, કરીછે તમપર મહેર. જાઓ જાગો૦ ૧ ટેક. છત્રપતિ તે પધારીયારે, તમ નગ્ર કરવાને પાવન; નહીતો કો નવ જાણતુ રે, ગોવાળા ગોવીંદ. જાગો. ૨ ગાયે જાદવનિ કામિનીરે, ફુલાશો મુકોરે; શંતનુ વરયાં મછ ગંધાને, નાત બહાર સૌકોરે. ગાય જાદવની. વળી વડીલ વેવણે વરયો નદિયોરે, વધુ શું કહે છે રે; તમને લેવાને નાતમાં રે વિવા કરયો છેએરે. ગાય. ચંદ્ર સુરેખા અમારડીરે વરતોછે ભુત કેરો ભાઇરે; કયાં વાયસને કોયલડીરે કયાં બગલોને હંસી. ગાય. વલણ.—બગ હંસીનો મેળ લાવ્યા, ભોળવાયા હળધર ભાઇરે; દાસ છગન કહે કૃષ્ન વરણું, ફુલશો ન મારીબાઇરે.

કડવું ૩૫ મું.

વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણજન મેજય રાય; અહો ચંદ્ર તમને સુણાવું સુરેખાહરણે મહીમાય. સ્રીઓનો ઉતારો નાંખ્યો, મરદો જાની વાસે ?; કામ પડેતો બારી વાટે, મળે હળે પાસે; આનંદ મંગળ સરવે કરતું, નીશ્ચય મનના નોખા; સુરેખ રેખા કરમ કેરી, કોણ વરે સુરેખા. રાત ગઇને સરવે સુતુ, હરી કરે તે હોય, પ્રાતઃકાલે જાગ્યા ગટોરગછ, જાગીયં સઉ કોય. કહે ગટોરગછ માડી મારી, હુંતો જઉ દ્વારીકા; હરણ કરી કન્યાનું લાવું, પડશે સરવે ફીકા. ત્યાં શુભદ્રા કહે હો વિરા, તું શાને દુઃખ વેઠે; હું જઇને હલધરને કહું છું, તમે રહો અહી બેઠે. કહે ગડોરગછ કાકી મારી, એ માન્યા ના જશે, દંડ તો દેવો દુશમનને, આંખ્યો ચોળી રહેશે. અભિમન્યુ કે વીરા મારા આપણ બેતો જઇએ, લઢીયે વઢીયે પુરા પડીયે, થાયે એવા થઇએ. ચાલો ભાઇ રથમાં બેસો, હું હાંકું છું જાતે; ગટોરગછ કહે કામ ન આવે, ગાડી જાય આતે. એમ કહીને માયાવી ત્યાં, મોટી ગાડી કીધી; અભિમન્યુને મહી બેસારી, વાટ દ્વારીકા લીધી. માતાએ ત્યાં આશીષ દીધિ, રસ્તે રથ હંકારયો; ચાર ગાઉ રહી દ્વારીકા કે, અશોક બગીચો આવ્યો. તે દેખી અરજુન સુત બોલ્યો, સુણો ગટોરગછ ભાઇ; શાહુકારી કરવા નથી આવ્યા, ચોરવી કન્યા

પરાઈ. સંતાવાનું ઠામ જોઈએ, તેનો દીસે આંહિ; અશોક બાગ આ કૃષ્ન કેરો, દીસે ભોંયરૂં માંહી. કૃષ્ન વીના તે કો નવ જાણે, માટ રહો આ ઠામ; સમયપરે હરણ કરી લઇએ, જઈ મામાને ગામ. વાત રૂચી ગટોરગછ મનમાં, કે તે ત્યાં ઉતરીયો; માયા ગાડી અલોપ કીધી, અભીમન્યુ ત્યાં વદીયો. અહો વીરાશી બ્હાદુરી, કટકટ કાંઇ ન પાસેઃ ચાલો તે સ્થળ હું દેખાડું, કુવો ભોંયરૂં ઉજાશે. વલણ—ઉજાસ સારો ત્યાં દિસે, રહેવાને છે સુખરે; જોવા ચાલ્યા બે બંધવા, બાગ વિશે સન્મુખરે.

કડવું ૩૬ મું.

અહો બગીચો કેવો સુંદર, શી શોભા બલિહાર; જાઇ જુઈ ચંપેલી ચંપો, માલતીને મલાર; સાગ સીસમ આંબો મહુડો, કેરી કમરખાં કોઠી; શીતાફળી આવળ ચણોઠી, દુધેલી મ્હલોઠી. આરિયાં તુરીયાં ટીડસાં તંદ્રક, સુખડ સીસમ સેથી, વાંસ જાળાં અદભુત સુંદર, શોભા કહીં નવદેવી. વાઘ વાય એએવી છે ઝાડી, બીહામણી કો ઠામે; શીતળ જળનાં સ્થળ આવે, ફુવારેંટ બહુ કામે. જોતા જોતા જંગલ જાતા, જયાં આવ્યા સંકેત, ભોંયરૂં ઉઘાડી પેઠા, દીઠું અદભુત છેક. આડો પથ્થર દિધો કે જન કોઇ કશું ના જાણે; હાથી ઘોડા અંદર રાખો, તોય કળ્યામાં નાવે. ખંડ કડોર બેઠક માંહી, સુરય બીંબ પણ દરસે; ખરે ઉન્હાળે વળે શીતળા, માંય પેઠે મન હર્ષે. ગટોરગછ કે' વારૂ વીરા, તે કહ્યું ને કરવું; સ્થાન અતી રમણીક દીસે છે, અહીંથી નથી સંચરવું. પુંજો કચરો હવડ જગ્યા, કોઇ કદી નવ આવે; સંતાવા શ્રી કૃષ્ને કીધું, માટે રકો મન ભાવે, એમ કહીને માયા રૂપી દૈત કર્યા બે ચાર; પુંજો કચરો ઝાડી જગ્યા, સાફ કરી તૈયાર. ત્યાંનો છોડી જટા પછાડો , ઇન્દ્રજીત સઘળો ઠાઠ; ગાદી તકીયા, પલંગ પાટલા, બેસણી ઘોડા સાથ. ભાત ભાતનાં ભોજન આવ્યાં, સોના ચાંદિ ટાટ, લોટા લોટી પ્યાલા બાજઠ, કીધો સુંદર ઠાઠ. હળી મળી હેતેથી બેઠા, ભોજન કરવા ભાઇ; જુકિત તે શ્રી દ્વારીકામાં, જાણી છે જદુરાઇ; હેત કરીને શ્રી હરી ઉઠયા, સંશય મનતો ખોવા; અશોક વનમાં આવ્યા વેગે, અભિમન્યુને જોવા. આવી ભોંયરે હાંકજ મારી, હે અભિમન્યુ ભાઇ, એકલા આવ્યા છે કો બીજુ, બવશાને શરમાઈ; અંદરથી અભિમ-

ન્યુ ચેત્યો, કે આવ્યા છે મામા, ગેટારગછને કહેવા લાગ્યો, રખે થશો ભાઈ સામા, બાહેર મામા મારા આવ્યા, હેત કરીને મળવા; વીવા તોડયે નથી રાજી, ઉઘાડો જઈ હળવા, દ્વાર ઉઘાડયું અંદર આવ્યા, અભિમન્યુ જુએ લાડું; કૃષ્ણ કહેકે છઉં સલ્હામાં, ભરાવી મોકલું ગાડું. હરધર ભાઇએ અવળું કીધું, વ્હીવા તોડયો ફોક, તમ બે બંધુ મળીને ઘુમો, વાળો આડો આંક. છેવટ સુધી છઊં સાહ્યમાં, થાય ન વાંકો વાળ; દારૂણ દુઃખનો દહાડો. કહાવ્યો, ઉપન્યુ અંતર વ્હાલ. આ વેળા હું છઊં સાહ્યમાં, ધાર્યું કરો તમભાઈ, જરૂર કન્યા તમને મળશે, એહવ હું સમખાઇ. વેણ સુણીને ગેટારગછને, હર્ષ થયો અપાર; આવ્યા છું તો યશ મેળવશું, સાહ્યે શ્રી ગોપાળ, કૃષ્ન કહેકે હો ભીમ સુત હું માગુ છું તમ પાસે; મ્હેલ સોળ સહસ્ત્રજ મારા, આવવાની ન કરશો આશે. વચન દીયોતો સઘળી વાતે, બેડો સુલભ પાર; નહિતો જાણું કૌતુક તારાં ખવરાવી દેઉ હાર. સર્વેનિ તું કરે મશ્કરી, તેમ શું મુજને લેખે; જાણી જોઇને મળવા આવ્યો, આવ્યું હેત અલેખે. સત્ય વચન દીધું ગેટારગછ, કૃષ્ન તણા કર માંય; જાવ તમારે મ્હેલ ન આવું, એહ પ્રતિજ્ઞા અહાંય. જો આવું તો જનની લાજે, પિતૃ નર્કે જાવે; ગૌહત્યા બ્રહ્મહત્યા મુજને, પાપ ગૌલકનું થાવે, કરી સાંત્વતા વળ્યા કૃષ્નજી, ધીરજ મનમાં આવી; ગેટારગછ શું કરતો હાવે, જેહ કરે ના ભાવી. વલણ.—નશીબથી ના થાય જે, તે કરવા સમરથરે; ગેટારગચ્છ તે પણ બળી, સરે છગન સૌ અર્થરે.

કડવું ૩૭ મું.

વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણજનમે જય રાય; વિસ્તારી તુજને સંભળાવું ચરિત્ર તુજ દાદાય. કૃષ્ન ગયા કહી વચન લેઇને, ચીંતા મનમાં ચોટી; જોવા દ્વારિકા વળી ઓળખવા, જાન કુરૂ કુળ મોટી. તેથી કહે છે હે અભિમન્યુ, તમે હવે અહિ રહેજો; કામ હોય તો સેવક આ બે, બોલાવીને કહેજો; હું તો જાઊં હવે દ્વારીકા, કૌરવ કુળ ઓળખવા; અભિમન્યુ કહે ભલે પધારો, હમો છઉં નીરાંતવા. ગયો દ્વારીકામાં ગેટારગછ, ને પ્રથમ કર્યું શું કામ, દરવાજે તે જઇને ઉભો, મળ્યો યાદવ તે ઠામ; તેને પુછે કોણ લોક છો, ગયા હતા કોઠામ; કૌરવ કેરી જાન આવિ, તે ઉતરિ કોઠામ; પંથી કહે છું

યાદવ હું તો, બ્હાર ગયો તો આવ્યો, દેખાય પેલો જાની વાસો, નથી દુર બ-
હુ કહાવ્યો, ગટોરગચ્છ કહે મહને બતાવો, હું નથી ઓળખતો; દુર્યોધનને
શકુનીને, બતાવી રહેજે જતો. જદુ કહે કે હે પરગામી, દીસો ભોળા સારા;
અભીલાષી છો જોવા કેરા, વહેવાઈ જે અમારા. ચાલો હું તમ સાથે આવું,
કામ ઘણું છે બાકી; વાતો કરતા ચાલ્યા બે જણ, આવ્યા ઉતારા પાખી.
પ્રથમ તો લક્ષમણો દેખાડયો, વરતો કાળો ભુત; કરણ શકુની ભુરીશ્રવા વે-
ળી, જયદ્રથને ભગદત. દુર્યોધન આદે ઓળખાવી, તે તો ત્યાંથી જાય; પછી
વિચાર્યું ગટોરગચ્છે યુકિત કરવી પાકી; સ્રીઓને ઉતારે જાવું, ઓળખી લેવી
કાકી. એવે નીકળી જાદવનિ સ્રી, તેવું ધરીયું રૂપ; પાસે જઇને કહેવા લા-
ગ્યો, બ્હેની મુજ અનુપ. ચાલ સૈયર મારિ સાથે, બ્હેવાણોને મળીયે; રૂપરંગ
કેવાં છે એનાં તે તો દેખી લઈએ. સાથે સાથે બંને આવ્યાં, જયાં કૌરવનિ
રાણી; પ્રથમે ભાનું મતિ દેખાડી, પછી સહુદે રાણી. શકુનીની સ્રીને નીરખી
ક્રોધ રહ્યો નહિ ઝાલ્યો, વેર લેવા મન વીચારી; તુરત ત્યાંથી ચાલ્યો. એવે
દાસી ભાનુમતીની, પડી ગટોરગછ નજરે; કે જુદા પડી જાદવ સ્રીથી, દાશી
રૂપ તો ધરે. પછી ગયોછે બળદેવ ધામે, જોવા સર્વ તપાશી; રેવંતીએ આવતી
દીઠી, ભાનુમતિની દાસી. ઝટ ઉઠી પાસ જઈ ને, માન ઘણેરૂં દીધું; મ્હેલ મે-
ડી માળ બતાવ્યા, કન્યાનું મન ક્રીધું, સુરેખા કન્યા બોલાવિ, માતાએ ત્યાં
પાસે; ગટોરગચ્છે રૂપ નીહાળી, પુછી લીધું ખાસે. ભાઈ જેવી ભાભી દીસે,
હરખ્યું અંત સકર્ણું; બીજા સૌને ઓળખી ચાલ્યો, નવ જાણે કો મર્મ. રેવંતી-
સુ વાતો કરીને ઝટ જવા મન કીધું; બજાર આવી મીઠાઇ મેવા, ખાવાનું
સઉ લીધું. પછી ગયો તે બાગની માંહે, અભિમન્યુને મળીયો; પ્રીતે ભોજન
કરી લઇને, પછી વાતોએ વળીયો એટલે ત્યાં રાત પડીને, બંને બંધુ સુતા;
મધ્ય રાત્રીએ ઉઠી કહેછે, સુણો વાત સગુકતા. આજ રાત્રીએ અહીંથી જાઊં
કાલ રાત્રીએ આવું; કૌરવ કાકાને ખંખેરી, ઘણું મન હું લાવું. બાગની પા-
સે મેદાનમાં છું, ફીકર કરો નવ કાંઈ; એમ કહિને ભીમ સુત ચાલ્યો આવ્યો
જંગલ માંહી. વલણ.—દરવાજાની બહાર આવી, કીધુ કારમું રૂપરે; દાસ
છગન કહે જટા પછાડી, આથાવી ગટોરગછ ભીમસુત ભુપરે.

કડવું ૩૮ મું.

રાગ સામેરિ ચોપાઇ—વૈશંપાયન એણીપેર બોલ્યા. સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું. સુરેખા હરણ મહીમાય. કેશ છોડી શીશ પછાડ્યું, માયાવિયે તે વાર; જુજુ જેવડા જીના ખરીયા ચૌદ હજાર તે ઠાર. વાયું આવતાં અધીક વાંકા, થયા દૈત તૈયાર; કૃતિ કરી મહા બુદ્ધિશાળી. સુણો શ્રોતા સાર. તે મધેથી હજાર હાથી, હજાર ઉંટ ઘોડા, સાંકળો ત્રણ સહસ્ર કાઢી. એકેક [સાંકળે] બાંધી દીધા; હારો હરેકની કરી જુદી, ત્રણ હજાર દાસો કીધા. એકેક પગારા એકેક રક્ષક જેની આગના માને. ત્રણ હજારનો ચાગ કીધો, તંબુ તેરસે જાણે. તે તંબુની શોભા કહેતાં શેષ ન પામે પાર; સુવર્ણ શીખર હીરા લળકે મોતિ ઝુલે અથાગ. વચમાં વચમાં હીરા રત્નો જોતાં મોહ પમાડે. સો દૈત્યોનું સીંહાસનને ચોપડા શત એક કર્યા; સેંતા એક શત દૈતો કીધા ત્રણસેં પેહેરેદાર. શત એકજે અનુચર બનાવ્યા, જે છે સેવા કાર. ખમા ખમા છડીદાર બોલે, રક્ષક પવન નાખે; ચમ્મર છત્રી પાન સોપારી, આવિ સેવક આપે. શોભે અંગે સજી લીધાને, રૂપ ધર્યું ઝાકઝમાળ; સોદાગરનો બની બેટડો. બેઠો શીર ધરી મોળ. મોતી તોરા કલગી તે પર, લીલા જરીના વાગા, મુછ વાંકડી પાઘ ફાંકડી, કપરી આંખ ગુણ ઝાઝા. ઠાઠ માઠથી લીલા રચીને, બેઠો થઈ વ્હેવારી; સિંહાસનને શોભે માયાવી, પોરહની તૈયારી. દરવાજા ઉઘડ્યા દ્વારામતિના, ચાલી નગ્રમાં વાત; ગ્રહસ્થ વ્હેવાઇ જાણી, આવ્યો વ્હેપારી મ્હાત. બોલ્યા વેશી વાત ચાલી, ગઇ સભા જયાં રામ; કૃષ્ણ પ્રભુ ત્યાં બેઠા હુતા. થઇ ગયું છે કામ. હલધર હસીને કહે કૃષ્નને, સુણો શ્રી ગોપાળ; તમને મુજ જેવું નહી મળીયું, એકે વેવીશાળ. મોટો વહેવાઈ મારો જાણી, વ્હેપારી આવ્યો; ઊંટ ઘોડા હાથી સારા છે વેચવા લાવ્યો. હરી કહે કે ખરો વ્હેપારી ! ખાસો ખેલ લડાવ્યો; જાનવરો લેવરાવવા કાજે, બળદેવને ચઢાવ્યો ! કહે ગીરધારી કે કર્મ હીણો, હશે કોઇક આવ્યો; એકે જાનવર ખપે નહીને ફોગટ ફેરો કહાવ્યો. તમ વ્હેવાઇને હું જાણું છું દમડી એક ન છોડે, મખી ચુસ મહા જીવતા કંજુસ કોડી કોડી જોડે. સુણી વેણને માઠું લાગ્યું, બળદેવ બોલ્યા ત્રાડી, મુજ વ્હેવાઇને એવો કહેછે અરે કૃષ્ન અનાડી એ મુમતપર હું લેવરાવું પછી કહીશ તું કેવો; કૃષ્ન કહે કે જશો ન કહેવા, ફીક્કા પડશો એવા. તેમ તેમ મુમત હલધર વ્યાપો, ઝટ ઉઠી સંચરીયા

જાની વાસે દુરયોધન છે, હળી મળી હરખાયા. સંકર્ષણ કહે નામ તમારૂં, સુણી વેપારી આવ્યો, હાથી ઘોડા ઉંટ સારા છે વેચવા લાવ્યો. રાખો નહિં તો નામ જાય છે, મુજ સભામાં આજ; તમ કીરતી સુણી સભામાં કૃષ્ણ રીસાયો આજ. કહેછે કમ હીણોકો આવ્યો દુરયોધન નાદાર; કૃષ્ણ મળી ચુસતે શું લે. એમ કરે ચેડાળ, નાટે ઉંડો થાય સામટા. ઝટ જઈ જાવર લાવો; દુરયોધન કહે ફીકર કરો ના, સુખેથી ઘર જાઓ. તુરત તે તો થયો સાબંધ બેસાડ્યાછે માના; કરણ શકુની દ્રોણ દુશાસન, સર્વે પહોંચ્યા જાના. બળરામ કે મન રાખતું લેવા હાથી ઘોડા; રથમાં બેસી આવો ચાલો ચડી મુખને ખાધા. નગર બાહેર બાગ જ્યાં છે, દીઠા તંબુ તકિયા; હાથી ઘોડા ઉંટ બાંધ્યાં. શોભા કહી નવ શકિયા. જોતાં જોતાં તો અંજાયા, માયાવિની માયા; જાણે વિમાન પુર જેસની ભભકામાં ભરમાયા. કહે દુર્યોધન જુઓ મામા. તમ ઘોડો એક આ ઘોડા જેવા દીસેછે. હાથી વળી વિશેક. ઉંટાની અસવાર ખડી રહી. તેવું ના તમ પાસે; તંબુનો આ જુઓ જરીના. શાની કરો ફુલાશે. તરંગ તુરી તેહ તણાયા, મન માતંગે વાયા; તંબુ પાસે આવી ઉતર્યા જે ચારે જણ ડાહ્યા, તંબુ માંહે જવા ગયા કે અનુચર આવી રોકે; શકુનિ કહે છે છત્રપતિ આ, વગર ઓળખ્યે રોકે. કહે અનુચર ત્યાં ગોરગછનો, છત્ર પતિ તમ ઘરના; શેઠ તણી આજ્ઞા વિણ નહિ. ડગલુ એકે ધરના. જઈ શેવકે જાણ કર્યું કે, છત્રપતિ છે આવ્યા; આજ્ઞા આપી ગોરગચ્છે, સેવક તો આવ્યા, ચારે જણ તો અંદર પેઠા દીઠી જુકિત ઝાઝી; આડુ જોઈ બેઠો ગોરગછ; અંજાયા છે પાજી. ટેબલ ખુરશી આરસનાં ત્યાં; જરી ઝુલને જામા; મોતી તોરા પાવ વાંકડી; શેઠ બન્યો સરનામા. ભભકો ભારી પેખી ચારે; જણતો ત્યાં ભોળવાયા; ભાન રહ્યું નહીં અડાવ આદરનું; આસનમાં ગોઠવાયા. જરાવારમાં સ્હામુ જાયું; હશી વદયો સુત શુરો; પાંડવો જેવા દીસોછો; ભલે પધાર્યા ભુરો. કહે દુર્યોધન પાંડવ કીરતી; ઠામ ઠામમાં ગાજી; આપણને તો ઓળખે નહિ કો. જણવો મામા ઝાઝી. કહે શકુનિ પાંડવ પાંગ; જુગટુ રમીને હાર્યા; ભીખારી થઈ વનમાં રખડે; અન્ન તણા ઉધારા. શિરોમણી છે સહુના આતો; છત્રપતિ દુર્યોધન; એમની તોલે કોના આવે શું સમજો છો મંન.

વાણ.—શું સમજો છો મન વિશે; છત્રપતી નરપતિ એહેરે; દાસ છગન કહે અતિ વખાણ્યો; મામાએ ધરિ નેહરે.

કડવું ૩૯ મું.

વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણજનમે જયરાય; વિસ્તારી તુજને સંભળાવું; સુરેખા હરણ મહિમાય. નામ સાંભળી ગટારગછ કહે; હે વાસોતર મારા; ઝટપટ ચોપડા બાંધી ચાલો; શુકન થયા ન સારા. આવ્યા આપણ હૈસ ભરેલા, જાણી કુંતા તન, રાંડેલીકો શુકને લાધી; આતો દુરયોધન. વ્હેવારમાં તો વાંધો પડશે, નહિ ખપે ઉંટ ઘોડું, ચમડી તોડે દામ ન છોડે; જાત ત જાણે એોડુ. હાથીની કીંમત તો જાણે, એક વૃકોદર બંકો; ઘોડા અરજુનને નિકુળ, તેહ નથી નર વંકો. વળી ઊંટને રાયકા ખરખે, કે પરખે સહદેવ; પરીક્ષા વિણ પારખશે શું, કંજુસ જીવના એવ. માટે બાંધો ચોપડા, જઈએ આપણ ઘેર; દુરયોધન દબાઈ ગયો, ભભકાથી તે ઠેર. શકુની કહે સુણો વહેપારિ, અમશુ પાડો કામ; જાનવરમાં કંઇ નથી જોવાનું, કીંમત કરો તમામ, વાજબીની કીંમત હોય તે, અમને કહેવિ જોઇએ; મોં માગ્યું તો તમને દઇશું અમ સમ જગ નહિ કોઈએ. ગટારગછ કહે હાથી સઘળાં, ગજ ભરીને વેચાય; એક ફુટે અઢી હજાર તો, કીંમત કરીની થાય. ઊચક કીંમત ઉંટ અશ્વનિ, લેવી મ્હોર અયુત; માગણી તો નહીં કરવાની, સુણો ક્ષત્રી સુત. દુરયોધન કહે કબુલ અમારે, ભરવાનો ગજ લાવો; અસત અમારા મનમાં છે નહિ, જોડે જોવા આવો. સુણી એવાં વાચક ગજ દીધો, કરણ કેરે હાથ; પ્હેરી પાવડી સાથે ચાલ્યો, મ્હેતા લીધા સાથ, સાથે છડીદાર ને સેવક, શેઠની સેવા માટ; કહે દુરયોધન મારા કરતાં, અધિ રાજાનો ઠાઠ. મુનિમ મુકે આંકડા ત્યાં ચોકસ ભરતર થાય; કરણ રાજા ભરે ઓછું, નોય સવાયો થાય. માયાવીને નાનો મોટો, થતાં શી લાગે વાર; કપટનુ ચપટ કરી દેવા, ઠાઠ રચ્યો તે ઠાર. હજાર હાથી ભરી રહીને, કીંમત તેની કીધી; ઉંટ ઘોડા ઉચ્ચક લીધા, કીંમત ભેગી કીધી. ગટારગછ કહે લાવો નાણું. નિશ્ચે આંકડો કીધો; દુરયોધન કહે હુંડી દઇએ, નામ ઠામ સો ચીંધો. ગટારગછ કહે સરત કરી શી, કેમજ વાંકું બોલો; ઉધારાનો નથી ધંધો, ઝટ ગાંઠેથી ખોલો. કહે દુરયોધન પરદેશી કયાં, સાથે નાણાં લાવ્યા; વિવેક રાખો વાત વિચારો, અમો જાનમાં આવ્યા. કહો તે કરીએ લખીને દઈએ, વાયદે હુંડી શિકરાઇએ; તેમ છતાં

જો અધીર હોય તો રહેવાદયો ઘર જઇએ. ગટોરગચ્છ કહે નાણાં નહોતાં; તસ્દી શાને આપી; વાત કરીને વહ્યા જવું તું, વાંકુ બોલો પાપી. ઉઠો સેવક અવળા બાંધો મારી નાંખો ઠેર; શું જુવોછો સેવક મારા કરો કારમો કેહેર. ઉઠયા દશ વીસ સેવક જબરા, ચારે જણને ઝાલ્યા; અવળે હાથે બાંધી લઇને નજર કેદમાં ઘાલ્યા. દુરયોધન કહે એરે મામા તમે શેહેરમાં જાઓ; ગૃહસ્થોને ઘર ખત ખાતાંથી લખીને નાણાં લાવો. તવ મામાએ અરજ ગુજારી છુટો એકજણ કરીએ; જઇ દ્વારકામાં થોડી વારે નાણાં લાવી દઈએ. ગટોરગચ્છે આજ્ઞા કીધી, છુટો થાયે કોણ? શકુની કહે હું છુટતો ઝટ લઇ આવું ઓણ. શકુનિને છુટો કીધો કરી મશકરી મામે; જો કો નાણાં નહી ધીરે તો છેલ્લા લ્યો રામ રામ. ગયો શકુનિ ગામમાં ને કરજે નાણું લીધું; લખત કરાવી લીધાં સરાફે કે ઝટ નાણું દીધું. રથ ભરાવી લાવી કહેછે હે સોદાગર લ્યોને છત્રપતીને કેદ કરેલા ઝટપર છોડી દયોને. ગટોરગચ્છે નાણાં લીધાં ગણીને તેણીવાર; છુટા કીધા સર્વેને ત્યાં કહ્યું ખરો વેહેવાર!! હવે ઉધારે તમને દઇશું માલ ઘેર લઈ જાવો; ત્રણ હજારે સેવક મારા માલ મુકીને આવો. દુરયોધન–દુઃશાસન શકુનિ ચોથા કરણ રાજા; રથે બેસી આગળ ચાલે, પાછળ હાથી ઝાઝા. માલ વ્હોરી મહારાજા મગરૂર આવ્યા જાની વાસે; હાથી ઘોડા ઉંટ બાંધી સેવક ગયા અવાસે. જાનવર જોઇ બળદેવ બોલે મુરછા નાખી હાથ; જો કાળિયા વ્હેવાઈ મારો, અંદખો તું સાક્ષાત. કૃષ્ન કહે મોટાની મોટાઈ એની થાય ન વાત; દીવસ કરતાં રાતે શોભા મર્મ વદયા જદુનાથ. વલણ.—જદુનાથ વાયક મર્મ બોલે, ફુલે હળધર વીરરે. દાસ છગન ધન લેઈને ગટોરગચ્છ ગયો ભોંયરામાંયરે.

કડવું ૪૦ મું.

રાગ સારંગ ચોપાઈ.—વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણજન મેજયરાય; ધન દેખીને અભીમન્યુ તો થયો ચકિત છે ત્યાંય. અહો બાંધવા બહુ બ્હાદુરી માક્રમ તારાં પ્રૌઢ; શી રીને કાકાને લુટયા યુકિત શી કરી ગુઢ. વાતો કરતા બંને જણ ત્યાં આનંદે દીન જાય; ભેળાં બેશી ભોજન કીધું સુર્ય આથમ્યો ત્યાંય. શયન કીધું બંને ભાઇ ગમ્મત કરતાં ઊંઘ્યા; ગટોરગચ્છે સા-

યા સંભરી ખુબ કાકાને ખુશા. સાંજ પડી કે તાલાવેલી સર્વ જીવને થાય; હાથી ઘોડા ઉંટ તે સૌ, પડયાં જમવા ત્યાંય. ઉંટ બરાડે હસ્તી માડે અશ્વ પછાડે ચર્ણું; સર્વે જાગ્યા જોવા લાગ્યા વદે અશરણાં શરણ. અહો બળદેવ તમ ભ્હેવાઇ. આશો શોર બકોર; તોફાની કૌરવો ઝાઝા નહીં ડરવાનો ઠોર. એ વચન કહી જઈને મળીએ, આવ્યા જોવા માટ; જુએ તો સૌ જાનવર પડીયાં મરવા મોટા ઠાઠ. મુઆં ત્રણ સહસ્ત્ર જાનવર પ્રકટયો પાપી શોક; અરેરે મ્હારૂં ઘર બેઠું કહીને મુકા પોક. શકુનીએ ત્યાં ગોહો મકેલી સમજાવ્યો તે વાર; છાનો રહે કિંમત થઇ જાશે રડવામાં નહિ સાર. બળદેવજી કે ભ્હેવાઈ આનો કૌતુક દીઠું; પણ પશુ દાટવાને ઝટપટ લાગ્યા મીઠું. પ્રભુ કહે ભાઈ લાવી આપો મજુર પણ સેં સાક, બળદેવ કહે તું મેલ અહીંથી મશાકરાની વાત. એમ કહી ખાડા ખોદાવ્યા મીઠું પણ અપાવ્યું; દાંદાં નાંખી મીઠું નાખ્યું લોપ મૃતક સૌ કહાવ્યું ચમત્કાર માયાવી જાણી સઉ સઉને સ્થળ આવ્યું; રડવા લાગ્યો બહુ દુરયોધન સુણી રાણીએ કહાવ્યું, અહાવા ઉંધા કરો ભ્હેયારો જ્ઞાન મળે નહીં કોડી; એરૂ બોલે નાવે તોલે સમજયાં મોડા મોડી, મનવાળી સુતાં સૌ ઠામે કર્યું શું ભીમ કુમાર; કાકીઓને લુંટવા માટ મન કીધો વીચાર. મધ્ય રાત્રીએ ઉઠયો તે તો, અહો અભિમન્યુ ભાઇ; કાકીઓને લુંટી આવું ત્રીજે પહોરે અહાંઇ. વલણ.—ત્રીજે પહોરે આવું કહીને ગયો જંગલની માંયરે દાસ છગન કહે ગેટારગછ કરે કાંયરે.

કડવું ૪૧ મું.

રાગ—[વાગી વાગી સ્વયંવરમાં હાંક] આવ્યો આવ્યો ગેટારગછ બહાર, ભોંયરૂં મુકીરે લીધી દ્વારીકાની વાટ આવ્યો હુંકીરે. સાખી—દરવાજાની પાસમાં ગામ ગાંદરામાંય; આવીને ઉભો રહયો વિચાર્યો નકશો ત્યાંય. શું કરવું આ સમયમાં કાકાઓ છેતરાય; કરૂં દુકાનો કરામે મોંઘા મુલ અપાય. મન વિચારી મોહનો મંત્ર ભણ્યો તે ઠાર; લેન કરી દુકાનની માંડયાં હાર અપાર. જુદા જુદા ચિત્રની જુદી જુદી કમાન; શોભા કહેતાં સરસ્વતી મુકે મનથી માન. ગાદિ તકીયા ગલેચા તલાઇ દીધાં આસતરણ બીછાઈ; વાંસ ચોરિ બાંધી અસરાઈ, ધરયાં માલ નવા ઉપરાઇ. જાત જાતને જુદી ભાત, તેનિ

કહેતાં ન આવે ખ્યાત; જતા મારગના જન ન્યાળે, હારોહાર મુકયા જે માલે. માલ તૈયારની દુકાન, નરનારી કે સામાન; જભલાં ટોપીને ગંજીફ્રાક, ચણીયા ચુંદડી ઘાવરા ઘાટ. એક પહનીને દોઢ પહનીના; નાના મોટાને ઘાટ ઘાટીના; ઝવેરીઓળે મોતી હીરા, સોની ઓળે સોના પાગા, કાપડ બજારે કાપડ કાચે, કંસારાનાં વાસણ ભાવે. નાનો ગણતાં પાર ન આવે; શોભા તેની શુંદર સાવે, વિસ્તારું તો ગ્રંથ વધારે. શ્રોતાજન સમજી લ્યો ભાવે દુવાત ખડીયા ટેબલ પેટી, ધર્યાં ચોપડા બાંધી ખોટી; શેઠે હાથે પહેરી વીંટી, બે નોકર દુકાન અખેટી. લેતા દેવા સરત છેટી, કોણ કરે શું કોની બેટી: નથી રાખતા છેટા છેટી, એક શાલ કાશમીરી ઘેટી. પટોળાં પાટણનાં સાર, વળી ધર્યા છે હીરા હાર; પાંદડીને નખલીની લ્હાર, કટાં કાંમી અણવટ બલોહાર. ગેન ફુલ છવિંટી બહાર, ઉતરી દોરા મોહન માળ, હીરા કામીની કંઠો સાર, ઘરેણું કથતાં નાવે પાર. ગોફણી ઘુઘરી ચાક રસાળ, વાળી કાંટા નથી વિશાળ; ફુલ અંગુઠીયાં મચ્છાકાર, કરી મેખળા બાજુ ચાર. દોહા.—એ રીતે દુકાનના નોંખા કીધા ઘાટ; વ્હાણું વાને ઉઘડયાં દરવાજા કપાટ, જતા આવતા સઉ જુએ, જોઈને ચકિત થાય; શેહેર માંહે વાત ચાલી, જાની વાસે જાય. વેપારીનો આવિયા, લાવ્યા માલ અપાર: જેને જેવું જોઈએ તેવું, લેઈ બેઠા બજાર. સુરેખ જોઈ શણગારો ને મનડુ ઝાઝુ લોભે; કદી ન દીઠા નથી અજીઠા, સુણી કૃષ્ણના થોભે. વલણ—કૃષ્ન ન થોભ્યા તે સ્થળે, આવ્યા પોતાને મહેલરે; સોળ સહસ્ત્ર શત અષ્ઠ તેડી, સમજાવે છે સ્હેલરે.

કડવું ૪૨ મું.

રાગ દેશાખ.—વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણજન મેજયરાય; વિસ્તારી હું તુજને કહું છું, હવે તિહાં શું થાય; કૃષ્ણ કહે કે તમો સર્વે જાનિ વાસે જાઓ, કૌરવ કેરી કામનીયોને ફોગટની ફુલાવો. બજાર બહારનું જોવા માટે સાથે તેડી જાઓ; પ્હેરાવજો કંઈ એ ઓ પાસે, તમે ન કાંઈ લાવો. જે કોઈ લાવે ચીજ બ્હારની ત્હેને ન ઘરમા ઘાલું; શિક્ષા દીધી શામળિયાએ, જે જોઈએ તે આલુ. સર્વ સુંદરી પહેરી ઓઢી, બણી ઠણીને ચાલી; જાની વાસે આવતી તે, ભાનુ મતિયે ભાળી. હાવ ભાવ કર બોલાવી, પ્રેમ મેળવ્યો પુરો;

રૂકિમણી આદે સૌ બેઠી, વાતે વળગી વહુરો. કૃષ્ણ ભામનિ કહે હો ભાનુ ! ભાગ્ય તમારૂં ભારી; છે ધનવંતા ધણી તમારી, સુણી આવ્યા વ્હેપારી. બજાર બ્હારનું બતાવનારા, કોડ ઘણેરા અમને; વળી જેવાનો લાભ થાયે, કથન કથુ શું તમને. વાત સુણી ભાનુમતિ ફુલી, આપ વડાઇ વખાણે; મારા ધણીના નામ ઉપર, લોક મોજ બહુ માણે. નવે ખંડમાં નામ નર પતી, છત્રપતી છે પુરા, મ્હાર પગલે લીલાલ્હેર છે, કેમ રહેરે અધુરા. રૂકિમ–જાંબુ–સતભામા કાલિંદીને રવી સુતા; મિત્ર વંદા સત્યા ભદ્રા–લક્ષમણાએ અષ્ટા. સમજી મનમાં વાત વધારી, ભાનુમતિ ફુલાઈ; કહે રૂકિમણિ જેવા માટે, આજ્ઞા લ્યો તમ રાય. ભાનુમતિ કહે શું પુછવું છે ! પતિની આજ્ઞા કેવી, અમારી આજ્ઞા પતિ માગે, રીત અમારી એવી. આપણ શું પતિની ઓશઆળી ! એ આવીને પુછે ! વણ પુછે જો કામ કરે તો, ખુંટી કાઢું મુછે ! આપણ તો વરની શેઠાણી, એ આવીને માગે ! ઉં હું કરતાં રાંક બનીને, આવી પાયે લાગે. માટે આપણ શાને નમિયે, વશ વરતે છે દહાડી, પુછયા વિના કામ કરે તો, નાખુ ધુળજ કાઢી. રૂકિમણી કહે વારૂ બાઇ, છત્રપતિ તે સાંખે; અમો પ્રભુને કહેવા જઇયે, ખાલ ઉતારી નાખે. ભાનુમતિ કહે તમે ડરેલાં, શું કરી નાખે નાથ, કદાપી જો કરે હૂંકારો, દેખાડી દઇએ હાથ. પ્રભુ પત્નિ સૌ મનમાં સમજી, બોલે શું આ ગોરી; પતિ તે તુછકારિ કાઢે, એજ કપુતની છોડી. રૂકિમણી કહે ભાગ્ય ભલેરાં, ઘરમાં ચલણ ચાલે; ભાનુમતિ કહે કેમ મામીજી, પતિથી પત્ર ન હાલે. એમ કહીને વસ્ત્ર પહેરીયાં, સૌ કૌરવની નાર; બણીઠણી બાહેર નીકળી, જાવાને બજાર. ખટ મંત્રી કેરી ખટ નારા, ચાલી સરવે સાથ; ગંમત કરતી વાટે ચાલે, તાળી લેતી. એવે આવ્યો દરવાજો ને, જળ હળ જોયું બજાર. ભાનુમતિ ચમકીને બોલી, જુઓ રૂકિમણી નાર. મંડાણી મુજ ધણીને નામે, રૂકમણી કહે મંડાણી; ઠઠો કરતી પ્રભુની રાણી, તેમ ફુલે અહંકારી. શંખણી તે સમજે ન કાંઇ, આપ મતિમાં પુરી; ભલે ભલે સુણી ભવ બોલે, સુધારા સુધરેથી. બજાર જોતાં જોતાં ચાલ્યાં. ગયાં ગેટારગછ પાસે; સુંદર શણગારોને વસ્ત્રો, માયાવી ઉજાશે. કહે રૂકિમણી અહો ભાનું ! તમ લાયક શણગારો; વસ્ત્રો પણ લાવ્યા વ્હેપારી, મોહ્યો જીવ અવાસે મારો. એવે દુરયોધનની રાણી, ગેટારગછને પુછે ? આ વસ્ત્રો શણગારો ધરીયા, કિંમત તેની શું છે. ગેટારગચ્છે વાણી ફેરવી, દુર હમારો દેશ; ત્યાંની સ્ત્રીઓ ઇચ્છે છે આ દેશ કૃત પહેર વેશ. માટે મુલ નથી કંઈ કરવું હોય લેવું તો

આવો; પહેરેલાં ઉતારી મુકો, મનેચ્છ પહેરી જાઓ. કહે ભાનુમતિ હો રૂકિમણી, વ્હેપારી છે અંધ; હલકુ આપી ભારે લઇએ, મચાવી જઈએ ધંધ. ઉંચા સોના ભારે જણુશો, મોતી માલ છે ભારે; જોગ મળે નહી આવો કયાંઈ, વ્હેપારી તોહારે. સતભામા કહે નફો ઉઘાડો, ભુલે તેના જોગ; ભાનુમતિ કહે સર્વે ચાલો, મળ્યો શુકનનો જોગ. પ્રભુ મમદા કહે પ્રભુ નઠારા, બદલીને કયાં જઇએ; નફો બફો કાંઇ નવ જાણે, અતિ મમતિ લહીએ ભાનુમતિ કહે ભોગ ભવિષના, પોતે અંદર પેઠી; નવા વસ્ત્રો બદલવાને, દુકાનમાં જઈ બેઠી. ગટોદ્‌ગછ કહે બધું બદલજો, રહે ન મુજને વ્હેમ, ભાનુમતિ કહે નથી ગાંડાં, ભુલી શું હું તેમ કેમ. એવું બોલી બદલી લીધા, વસ્ત્રોને શણગાર; વીંટી વાલનીવાળી સુદ્ધાં, બદલી આવ્યાં બ્હાર. ભાનુંમતિ કહે હો જાંબુવતિ, હવે જણાઉં કેવો; સતભામા કહે મણા ન કાંઇ, દીસો લક્ષમી જેવી. વાતો કરતાં આવ્યાં સર્વે, નગ્રે આનંદ ભેર; કૃષ્ન પ્રભુની પત્નિઓતે, ગઇ પોતાને ઘેર. સમાચાર શ્રી કૃષ્ને પુછયા, સત્યભામા કહે સાર; બદલી પહેર્યાં સર્વે સ્ત્રીએ, વસ્ત્ર અને શણગાર. તમે ખીજાઓ માટે અટકયાં, મન લોભાયું મારૂંક ઇંદ્રાણી જેવી થઇ ચાલી. ભાનુમતિ મતિ વારૂ. વલણ.—ભાનુમતિની મતિ પરવારૂ, બણી ઠણી ગઈ ઘેરરે, દાસ છગન કહે જાનીવાસે હવે બનીશી પેરરે.

કડવું ૪૩ મું.

રાગ સ્વયંવરનો.—આવી આવી ભાનુમતિનાર, જાની વાશેરે; મન ફુલતી હર્ષ અપાર, સ્વામી પાશેરે. છત્રપતી કહે હો નાર, પડે વ્હેમ અમનેરે; દીસે ઇંદ્રાણી શું થાય, શું કહું તમનેરે. કહે ભાનુમતિ હો નાથ, શું કહું તમનેરે, જુઓ આ મારા શણગાર, ગમ્યા જે અમનેરે. તમ જેવા ઊંધા વ્હેપારસું કહુ તમનેરે, નથી કરતાં અમે લગાર. ,, ,, ગજ અશ્વ વ્હોર્યે શો બીજા, ,, નથી અક્કલ કોડી એક, ગમ્યા નહી અમનેરે. જુઓ અમે કર્યો જે ખેલ. ,, અમે વાહ્યા વ્હેપારી આજ, ધન્ય હો અમનેરે. કહે નૃપ હો મામા આજ, ભાનુ પાકીરે. શકુની કહે મામી વિશેષ, કાંઈ ન બાકીરે. એમ કીધાં ઘણાં વખાણ, ભાનુ ફુલાઇરે; ગઇ સઉ સ્ત્રીનિજ અવાસ, હરખ મન લાવીરે. વલણ. સઉ સ્ત્રી ગઇ અવાસમાં, બેઠા દીન મણી મેરરે; સુણો સહુ, છગન કહે થઇ પેરરે.

કડવું ૪૪ મું.

કુંડળીયાની રાહ.—બેઠા દિનમણી મેર, શેર સહુ વાતે થાતા; દરવાજા કીધ બંધ, નગરના કો નવ જાતા; રાત ગઇ દોઢ પ્હોર, ચતુરે વાત વીચારી, સુતી સઉ સ્ત્રી જંન, ખરેખર ઊંઘ ભરાણી. સકેલીને સર્વ ગયો તે નિજ અવાશે, કાકીના શણગાર, ઘરેણાં મેલ્યાં પાશે. આભો થયો અભિમાન, કૃત્ય જોઇ હસવા લાગ્યો, ખરો ચતુર તુંભ્રાત, સંદેહ મનનો ભાગ્યો, ભેગા કર્યું ભોજન, હસિ હસિ પેટજ દુખ્યું; એવે ગઇ મધરાત, ગોરગંછ મન શું સુઝયું ! કાકીપર છે હેત, બેત બમણી કુદાવું. સાંભળ વીરા વાત, ઘડીયે બાહેર જાઉં, કરી ગમત એક પહોર પછી હું અહીંયાં આવું. કાકીપર છે હેત, વેંત તેનો તો કરીએ, દિધી જે જે ચીજ તે હનો પાછી હરીએ. કાલે જુદો નુકતો જુદી કરવી પેર, ગમત કરી ગાંડા કરી કન્યા હરિ થવું શેર.

કડવું ૪૫ મું.

રાગ મારૂ—જાગ્યો જુલમી જોધ જોરાવર, આવ્યો ભવનની બ્હાર; આસન વાળી ધ્યાન ધરીને, મંત્ર જપ્યો ને ઠાર. જાગ્યો. ટેક ૧ કેશ મસ્તક છુટા મુકી, ધુણાવ્યું છે શીર; માથુ ધુણતાં માયાવીની માયા વધી આખીર; જાગ્યો. કાકી મામી જાંદરણી સૌ, નિરાંતવિ થઇ સુતી; આનંદ ગમ્મત કરતી કરતી, લાગી ઉંઘ ભભુતિ. જાગ્યો. લસલસાટ સૌ સ્ત્રીજન ઉંઘે, જાનૈયા પણ ઉંઘે; પરજાન કેરાં જન સૌ નિજસ્થળ, સુવા જવા વળુંધે. જાગ્યો. સમય સરખો જોઇ સહોદર, નિજ માયા વિસ્તારે; ચોળી ચણીયા ચીર સહુનાં, લોપ કર્યાં તે ઠારે. જાગ્યો. શણગાર સર્વે રહેવા દીધા, માયા રચી માયાવી; જંતુ કીધા જુજવા જે મન આવ્યા ભાવી. જાગ્યો. ચાકળણો ચીતાકોની, કાળા નાગ કલ્લાંના. સાંકળાંના સાપ બનાવ્યા, કર્ણ ખજુ દામણીના. જાગ્યો. મોતીના મેંકોડા કીધા, ચટકા ચામડી ભરતા; કાન ખજુરા ફરે શરીરે, સાપ ફુફાટા કરતા. જાગ્યો. વંદા કીધા વાળી કેરા, પાંદડીના કીધ વીંછી; કીડીયાં મોતી કીડી થઇને, છીંકાવી નારિયો છીંછીં. જાગ્યો. ચુડીયો કેરી ચંદન ઘોયો, તુસીઓની થઇ તનશો કાળી ગાઠીની કાળી નાગણો, માયાવીને મન સૌ. જાગ્યો. સળવળ સળવળ

થાય શરીરે, જાન જાગી ભય ભાળી; વસ્ત્ર શરિરે ન મળે કોને, જોઇ બીધી બહુ બાળી. જાગ્યો. હાથે પગે સાપો બાઝેલા, બીહામણા જે જંતુ; કાકી મામી સહુ સૌ નારી, ગભરાઈ વદે અવદંતુ. જાગ્યો. પોકે પોક મુકીને રોતી, કોલાહલ બહુ કરતી; સુણી જાગ્યું નગરજન સૌ, ળહાર આવ્યા થઈ ભરતી. જાગ્યો. રામ જાગ્યા કૃષ્ણ જાગ્યા, કહે આ શાજ તમાસા; વ્હેવઇએ વગોણું કીધું, જાનૈયા મળ્યા ખાસા. જાગ્યો. ચાલો સર્વે જોવા જઇએ, કરીએ કાંઇ તપાસ; સર્વેજણ જોવાને આવ્યું, આવ્યા શ્રી અવિનાશ. જાગ્યો. અંધ સુત પણ જોવા આવ્યો, શું છે શું છે પુછે; કેમ બાર ઉઘાડા નહિને, કારણ શુંજ થયું છે. જાગ્યો. કેમ કોઈ જવાબજ નવ દ્યો, થંન થંન થંન થંન નાચ્યો; શું સર્વેને ભુતજ વળગ્યાં, શોર થાય મહિં સાચ્યો. જાગ્યો. માંય થાય તે મહીંનાં જાણે, બહારનાંને મન ભેદુ; શોરા શોર સૌ કરવા લાગ્યા, ભેદ લીધો થઈ ભેદુ. જાગ્યો. ભેદુ થઇને ભેદ લીધો, ખોલ્યું ખડકી દ્વારરે; તે તમાસો વર્ણવું, દાસ છગન આ ઠારરે.

કડવું ૪૬ મું.

રાગ—વાણી વૈશંપાયન ન્યારી, સુણે જનમેજય બલિહારી; રામ કૃષ્ણ ને દુર્યોધન, બ્હાર મળ્યા છે સરવે જંન. નારી લાજ તજીને કુદે, દુઃખ દુશ્મને કીધું ઊંદ; જાણે વ્યંતરી ભુત જોગણી, નાચે કુદે બરાઢે મુઝણી. બાપના બાપને પોકારે, નવ આવશો કો આ ઠારે. વસ્ત્ર નથી અમારી હારે, રૂપ લાવશો નવ આ ઠારે. પગે વિંટાયા છે સાપ, દુખે વીંછીનું ડંખ અમાપ. વળી કીડી યારૂ ઉભરાયુ, તેથી નાકને કાન પુરાયું; છુટે કેશે કુદે સઘળાં ચો, જાણે કો દીસે ભુતડિયો; ચાર ઘડી રમખાણ ચાલ્યું, શોક સાગર સૌને ચાલ્યું. ત્રાહ ત્રાહ કરે સહુ નારી, થઇ જોયા તણી બલીહારી; કંઠપરથી ખસી પડે સાપ, નથી પગ ભાન વળગ્યા બાપ. જેમ જેમ જાગી તેમ નાગી, કડલાં કાંબીનું રૂપ જોઇ ભાગી; કંઠપરથી સરી પડે નાગ, તેહ ઉઠી કરે નાસ ભાગ. વળી પગ હાથ કે જુએ કાને, ત્યાંતો વિંછિ ખજુરાનું ભાને; હાય બાપ કરતી ભાગે, તેની ઠેસે સુતેલી જાગે. વળી તેને પણ છે તેવું, સાપ વિંછિ ખજુ છે એવું; એનું વર્ણન કઈ પેર કરીયે, શ્રોતાજન લ્યો સમજી અહીંયે. જાણે જાદુ ગરનો ખેલ, સાપ વિંછી ખજુનો ન મેળ; થઈ આટલી હેલ્હા જ્યારે, ઉઠી લાડકવાઈ ત્યારે.

તેને પણ ત્યાં જેવું, પુછે દુર્યોધન ત્યાં કેવું; અરે વ્હાલી તું બોલે ન કેમ, કહેને કરીયે હવે અમો એમ. બોલી ભુતડી ભુતભરાઈ, ભય ભાળી બની ગભરાઈ. અંગ ઉપાંગ પન્નગ ભાળે, કર્ણ ખજ્જુ મંકોડા લ્હારે. અરે બધી બરાડા પાડો, કષ્ટ અપાર દુઃખનો ખાડો. જ્યાં ત્યાં નિહાળિયે છીએ સાપ, નથી ઘરેણું અંગે લગાર. વળિ વસ્ત્ર વિહોણાં હિસુ, નથી ઉપાય કે ઘીસુ પીસુ; થઇ આકળી બોલી આમ, લાવશો ન દીપક આ ઠામ. અકેકુ વસ્ત્ર અમને આપો, માપ અમાપ કષ્ટજ માપો; કહે કૃષ્ન કે માંડી ભવાઇ, કોઇ એક દેખાડો નવાઇ ખેસ ખભેથી ફેંકયો તુર્ત, લાજ ઢાંકી કુદિ બ્હાર ધુર્તઃ વંઠી બ્હાર આવી કે ન કાંઇ, વિંછુ સાપ ખજુરા ભવાઇ. કરી પ્રેરણા અંતરયામિ, માયાવિની માયા લોપ પામી; લાવ્યા લેમ્પ ને પેડા કેમ્પ, આપ્યાં ઉપ વસ્ત્ર ધોતિયાં ખેસ સર્વે પ્હેરી બેઠી છે અબળા, દીશે શ્રીપતિનિ સમ સબળા; વિંછુ સાપ થયા દીઠા લોપ, પડી ખસીયાણી સ્ત્રી સહુ ઝોક. એવે દરવાજો કૃષ્ણે ઉઘાડયો, દોટ મુકી દુર્યોધન ત્રાડયો; ભરરર ભોંડ માંહ્ય ભરાઇ, સર્વ નિહાળે નિજ સ્ત્રી ત્વરાઇ. સર્વ સ્ત્રી વર્ગ જોતાં સરાઇ, એક રૂપ ને રંગ વરાઇ; શોધતાં મુશબત પડતી કૈને, બોલે દુર્યોધન પ્રાણ પ્યારી કહીને. મારી બાપુડી બોલને એવું, ચુડ કંકણ જોયા જેવું; તેહ સર્વ ગયું કયાં હરે, કલ્લાં કાંબીને ચણવટ ભારે. તમ હસ્ત રાંડેલા દીશે, કાને કોટે ન શેર કે સીશે; વળી વસ્ત્ર ગયાં કયાં અમુલાં, દીશે શ્રીપતિનિ શાં સમુળાં. ધોળા મુળા જેવાંજ સરાઈ, પુછે સૌ નિજ સ્ત્રીને ત્વરાઇ. આવો ખેલ બનાવ્યો કોણે, જાણે રંડાપો આવ્યો હોણે; સર્વે જોઇ જોઇનેજ હસેછે, નિજ નિજ નારીને પુછે છે; ત્યાંતો મશ્કરી કરતા ગોપાળ રૂડા રંડાવો પણ માથે વાળ. સુણી રામ બબડતા એમ, કોણે બોલાવ્યો આવ્યો કેમ;જાવ ભાઇ તમે તો ઘેર, કરે મશ્કરી આંખે ઝેર; કહે કૃષ્ન કે જોશું તમાસો, ઘેર બેઠે આણ્યો છે ખાસો. જોશો વાત વ્હેવારે જગમાં,ન હોય તેહુ તમારે વગમાં; ખાસા વ્હેવાઇ આણ્યા ખોળી, નવા તમાસા નિત્યે હોળી, સાખી—કહે ભાનુમતિ મુજ પતિ, વાંકો દીન આપણો થયો; બદલાવી આભુષણ વસ્ત્રને,વ્હેપારી છેતરી ગયો. દુર્યોધન કેંડા પણ બહુ તે થયો નફ્રાનો પ્રેમ; ભાનુમતિ કહે

---

* ૧ સોનાનો દોરો એને સેર પણ કહે છે, તે જનોઈ જેટલી લાંબી હોય છે અને શીશી—એ પણ સ્ત્રીના કોટનું ઘરેણું છે. ને તે શીશી—સળી સોનાની થાય છે. કોડી નાખેલી ચીડીયા શેર માફક શીશીને પણ દશ સેરો કાળી કીડ (કાચની) ની બાંધવામાં આવે છે, સ્ત્રીના ગળાનું હંવાતન ભુષણ છે.

જાનવર લાવી છેતરાયા તમ કેમ ? ! છોકરો કોને નવ કરશો, અમે અહિં નહી રહીએ; પરણાવી આવજો તમે પુત્રને, અમે અમારે જઇએ. દુર્યોધન કહે કહ્યું શું એમાં, કરો આવડી રીસ; જવાનું તો નામ ન દેશો, તું ખોળે હું શીષ. કહે ભાનુમતી સુણ રાયજી, નફટ કહું શું તમને; હોય રાખવાં તો આભુષણ, લાવી આપો અમને. દુર્યોધન કહે અહો પ્રભુજી ! વેળા અમારી માપો, ઘર જઈને પહોચાડી દેશું, પોશાક શ્રીના આપો ? બળભદ્ર કહે આપો વિરા, માનો કહ્યું મોરાર; એકસો છ અંકે આપો, વસ્ત્ર અને શણગાર. કહ્યું માન્યું કૃષ્નજીએ, હું પદ મોડયું હંકારી; કર્તા હર્તા સઉમાં જેને, શાને રહે પછાડી. સૌ સૌને સ્થાને ગયાં, ગયો હિડીંબા તન, ભોંયરા વિષે ? જઈ અભીમન્યુ જોડે કર્યું શયન રાત્રી વિતી વ્હાણું વાયુ, ઉઠયો ભીમનો તંન; અ ભમન્યુને કહે આવું છું, ખેલ કરી ધન ધંન. ભોંયરામાંથી બ્હાર નીકળ્યો, દુષ્ટ દમન નીશંક; માયાવી સૌ શાક બનાવિ, થયો કાછીઓ રંક. ઘણા દૈતના મજુર કીધા, ધર્યા ગાંઠડા શાક; દ્વારીકાંના બજાર વીશે, ઉતાર્યા અથાગ. નવાં નવાં ને તાજાં સારાં, લોક શાક જોઈ પુછે; માયાવિ સૌ બજાર કરતાં, બમણું મુલ બતાવે. મોંઘુ દેખી સર્વે ભાગે, ઉભું રહે નહિ એક; ફરતા ફરતા ગીરધારિએ, જોયો સઉ વિવેક. જાનૈયાને માટે શાકજ, હરનિશ લાવે કૃષ્ન; ગટોરગછને દેખા ત્યાંતો, કૃષ્ને પુછયો પ્રશ્ન. સાચા કાછીયા સાચુ કહેજે, શાકતણો શો ભાવ; ગટોરગછ કહે જોઈએ તેવું, તેટલું લ્યો છે દાવ. ! ! પણ જે જે સતવાદી ભાળે, શાક જવા નવ પામે; લાજ લેવી લંપટ કેરી, કૃષ્ન કહે રસ જામે. ગટોરગછતો થયો ઉભો, શાક સૌ આપી દીધું; શાક બીજાં તે દાનનાં, લઈને કારજ કીધું. કૃષ્ન પ્રભુનો કોઇ દહાડો, રસોઇપર નવ ભાળે; તેણે જાતે કારજ કીધું, પાસે રહી તે કાળે. માયાવી સૌ શાકજ જુદાં, ખાસ ! વધાર્યા તરતાં: તેલ સરસીયુ સરતુ જાયે, સ્વાદેખાતાં મરતાં. સ્વાદ સૃષ્ટિનો ખેંચી મુકયો, ભુધરજી કયમ ભુલે; જાનૈયા સઉ જમવા આવ્યા, રાખ્યાં ઉન્હે ચુલે. સતવાદી જે ભીષ્મ આદી, આવ્યા'તા વર જાને; સાચું પીરસ્યુ શાક સર્વેને, ધન ધન કહી વખાણે. કારભારી સહસત ષષ્ઠ કૈરવ, અને તેમની નરી; તે સઉને માયાવિ પિરસ્યું, શોભા વખાણુ ત્રીતારી; ભાંગ ને ગાંજા તમાકુ, સરવ ચઢાવી આવ્યા; ચક ચુર થઇ જમવા બેઠા લાડુ તો નવ ભાવ્યા.શાક પાક સઉ જોતાંવાંતજ, માયા મગજમાં વ્યાપી; ભજીયાં તે પંડોળાં કોહોળાં, ખાધાં માગી માગી. પાંચવાની પકવાન્ન કરેલાં, વળી કઢેલાં

દુધ; તે સઉ કૌરવ માગે નહિને, માગે ભજીયાં શુદ્ધ. પેટ ભરીને શાકજ ખાધાં, તળ્યાં તાવ્યાં છમ કાર્યાં; ઉપર પાણી પીતાં સઉનાં–પેટ ઠેઠ ડચકાર્યાં વાહા ર-શોઇ સારી કીધી, આજ ચતુર રાંધનાર; હલધર કહે શ્રી કૃષ્ન હમારા શરમે કીધું સાર. કૃષ્ન કહે કોનુ કરવું તું? અમારા પણ વહેવાઈ; એટલે ફુલ્યા કૌરવ સરવે, કરવા માંડયા સરસાઈ. એક અવાજે સર્વ વખાણે, વાહ! કૃષ્ણજી વરવી; ર-શોઇયા તમ જેવા અમ ઘર–હોય તો સ્વાદે સરવા. કહે દુર્યોધન અહો મામા! રશોઈ સુંદર શ્યામ! આપણે ઘેર તો લેઇ ચાલો, ગુણવંતો ગુલામ. અરીઅં-ધ ફાવે તે બોલે, શાક ગળાગળ ખાધું; ભજીયાં પતવેલીયાં, સરવે કચ્ચર ખાધું; જમી રહી મુખવાસ લેઇ, વાહ! વાહ! વખાણ કરતા; જાનીવાસે સ-ર્વે આવ્યા, આનંદે હરતા ફરતા. હરતા ફરતા મશ્કરી કરતા, મદમાતા મક-લાતા; ગંજીફો શોગઠાં બાજી રમતાં, જાંદરણી મન તાતા. * એવામાં તો પ-ડી રાત્રીને, ઠામે બેઠો મેર; દરવાજા સઉ બંધ પુરીના સુતા સરવે ઠેર. એવં તો મધ રાત્રી થઈને, ઉઠયો ભીમ કુમાર; આવી ભોંયરા બાહેર તેણે, તુત જગાવ્યું સાર. વલણ–તુત જગાવ્યું તે વિધી, મધરાત્રીની માંયરે; દાસ છગન કહે થાતું શું હવે ત્યાંયરે.

કડવું ૪૭ મું.

રાગ.–બોલ્યા વૈશંપાયન વાણી, સુણ જન્મેજય બુધ શાણી; તારા કાકા ગટોરગંછ વાણી તેનો બાપ જગતમાં જાણી; લોકો બળીયા કાકા કહે છે

---

* તાતા–તાતા થૈ–તનમન નાચી રહ્યું છે હસે છે બોલે છે મશકરી કરે છે અને ૧૦૬ ની સરખી સયાણી વહુ વારૂઓ જમણના આનંદનાં અને તેના સ્વાદનાં વખાણ કરી રહી છે. જે પરમાત્માએ અંગુલિયે ગીરી તોળ્યો જેણે સુદામાનાં તાંદુલ સ્વાદીષ્ઠ કીધા તે કર્તા હર્તા પ્રભુની આ લીલા છે અને તેનાં તપાવ્યાં નાચીએ છીએ–પાપ કર્મ શિવાયનું–બધું પરમાત્માજ કરાવે છે પાપ કર્મ કરવાને મતિ પ્રેરતો નથી તે તો સ્વાર્થ રૂપી સેતાન કરે છે ને તેનું ફળ તે ભોગવે છે.

પ્રાણી માત્ર એથી થર થરે છે; ઘરઘર પધારે એહ, કાચો પાકો જુએ છે તેહ. બ્રહ્માએ ઘડી ગર્ભથી કાઢી કરે ફેર તેમાં તે ઠાર, લુલાં લંગડાં આંધળાં કરતો, શીળી બળીયાથી સઉ જન ડરતો; એવો કાકો તારો ત્રિભુવનજ ડોલાવે તે જાણે જુગજીવન, ઉઠી આવી બેઠો મેદાન છુટા કેશ મુકયા તે ઠામ; લટ હાલતાં હાલી માયા શાક જમનારા અકળાયા. પેટ ચઢી આવ્યાં ગળાગળ ફુલ્યું ભજીયું થયું તડાતડ; કઇને ગુડ ગુડ ગુડ ગુડ થાયે કૈને કળળળ કળળળ કચળી, કઇને મોઢે આવે મળચ કૈને આંકડીને કૈને ડચ * જાયે કઇની આંખો ઉંચી એમ જાનજ અકળાઈ ઉઠી, આવી આંકડી આંતરડાં દોહોવાયે કૈને હોક, હોક, બહુ થાયે; બેઠા કૈકતો ઓકવા હેઠા, કાઢે ખાધેલાં ખળળળ ખળળળ એઠા. જાન સર્વેના મળીયાં પાપ, એનો બોલાવે બાપના બાપ; કઇને આંતરડે આંકડી ભરાયે કૈને શુળ ચુંક દમ થાયે. ખાંખાં ખુંખુને શુના થપાકા, ઓકતાં કાઢે કચરમનેસાપા; વળી વિંછી વંદાને ગરોળી કાન ખજુરા ખીસકોલી. ચામ ચીડીયાંને ચાકળણુ, મોઢે નીકળી તરફડે ધરણ; દીવો સળગાવી કોઇ લાવે, ત્યાંતો જોવાનો ખેલ મચાવે. એમ હોહા થઈ બેઠામ જાની વાસો જાંદરણી જામ. પાડે પોકને થાય હોકા હોક તેથી જાગ્યું નગરનું લોક; જાગી જુગદીશ કહેવા લાગ્યા નિત્ય જાનૈયા દુશમન થઈ લાગ્યા; ચાલો કાળુ કરો એ સૌનું, કરો વહેલુ વેવીશાળ વહુનું. ત્રાસ પામી પાડે પોક, હોકારે જાગ્યું ગામ લોક; પણ પૈસાતણોજ તમાશો સર્વ જોવા મળ્યા ખાસ ખાસ. પ્રભુ આવ્યાને લોકને લાવ્યા, દોડયા બળદેવ તમાસા શા કહાવ્યા; નીત ઉઠી તોફાનની ટેવ તમો કૌરવ કરાવો હેવ. × ઓરે વ્હેવાઈ ઉઘાડો દ્વાર, માંહ્ય બ્હાર કરે પોકાર પણ બારણાં કોન ઉઘાડે ત્યાંતો ઓકા ઓકે આથડે. કૈ ઝાડે ફરાણા થાય, બ્હે બાકળા જ્યાં ત્યાં બેશી જાય; અરધો કરમ નીકળે બહાર અરધો લટકતો રહે તે ઠાર. હાથે ઝાલીને ખેંચી કાઢે, થાય લાંબોજ સથાકારે; ઓય બાપ કહીને નાસે, ત્રાશ્યા ત્રાશ્યા રહે નાવે પાસે. ચાર ઘડી મુઆ ઓકીને જીવ જંતુ નજર દેખીને; ત્રાશા નાશા અપરંપાર ઓકી પેટ દુખ્યું તે ઠાર. વળી આંત ઢાહોવાયાં જુદાં, એતો માયા વિનાં તાલ ફુદાં; બળાત્કારે ઉઘાડયું દ્વાર, અંદર આવ્યા શ્રી કૃષ્ન મોરાર. દીવો લાવીને જ્યાં ત્યાં જુએ, નથી ઓકયુ અદયુતો કશુંએ; કહે કૃષ્ન શું આ ભવાઈ ખોટે ખોટા હોબાળા હવાઇ. ગયા બળદેવ વ્હેવાઈ પાસે, ભાઈ આજ પડયો શો ત્રાસે; કહે દુર્યોધન વ્હેવાઇ, આ-

---

* ડચ–ડચકારી–વાંવણિ–એડકી. × હેવ–ટીખળ–મશ્કરી.

જ પોકાર્યા બાપ સવાઇ. અમને તો થઈ ગઈ ઉલટી તેમાં સાપ વિંછીં ઘોકુલ-ટી. કહે બળદેવજીરે બતાવો મિથ્યા માંડી ભવાઈ, તમે તમારે કાલ સહવારે છાબ દઈ જાવ પરણી; ખસીયાણા પડિયા સૌ કૌરવ, આપસ કરે વિચાર, કૌતુક આતો જોવા જેવું ઓફી બન્યા ગુમાર; મામો કહે ભુખે જીવ જાયે રંધાવો આ ઠાર. રાત્રીએ ક્ષીપ્રા ઓરીને એકેલા સૌ ખાય; પછી સર્વે શયન કીધું ઉઠયા વ્હાણે વાય. અંતરધાન થઈને ચાલ્યા ભોંયરેથી ગોપાળ. અભિમન્યુ સહ ગટોરગેછને જગાડયા તે ઠાર; કૃષ્ન કહે કે વિવેક હોય તો છાપ કન્યાને આપો, ગટોરગછ કહે રીત બતાવો તેવો કરવો માપો. કૃષ્ન કહે કે ભાનુમતિનું રૂપ ધરીને જાવું, સાથે બીજી સખીઓ સાથે જાતાં ગાણું ગાવું; વસ્ત્રા ભુષણ સાથ ભરેલી છાબ લેજે તું હાથે, વ્હેવાઇ વ્હેવાણો ગાયે તું જ જે મંડપ માંયે. છાબ મુકી ત્યાં સર્વે બેસો કે આવે કન્યાય. છાબ લઇ ઘરમાં ધરી આવી ખોળે બેસે ત્યાંય; એ રીતિ છે છાબ કેરિ બોલ્યો ભીમનો તન, કરશું વટ વહેવાર સવળો ઓરે જુગજીવન. અંતર ધાન થયા પ્રભુ ત્યાંતો એમ કહી તે વાર, કે ઉઠયો માયાવિ જબરો, છાબ દેવા જવા સારૂઃ પ્રથમ તો પોતે ધર્યું ભાનુમતિનું રૂપ; એકસો છ બીજા દૈત્યનિ જાંદરણિ અદભુદ છાબ બનાવિ વસ્ત્ર બનાવ્યાં કૃત્રિમ માયા જાળ, બણી ઠણીને સખીયો સાથે નીકળી ઘરથી બહાર. માયાવિને કો નવ દેખે ઉડે તે આકાશ, પલકમાં પાતાળે પેસે એનો શો વીશ્વાસ. રમઝમ રમઝમ ઠમ ઠમ કરતિ સખીઓ સાથે જાય. મંડપમાં જઇ છાબ મુકી બેઠાં સર્વે ત્યાંય. ઘરમાંથી રેવંતી આવિ હલધરની જે નારી, છપ્પન કોટી જાદવ ઘરણી ગાયે ગીત રસાવી. વ્હેવાણે વ્હેવાણો ગાયે, ત્યાં સુરેખા આવી છાલ લઇ ઘરમાં જઇ તે પછી ખોળામાંજ બેસારી. અર કલડાના બોલજ બોલ્યા, ત્યાંતો થઇ ગઈ પ્રીતી, ઝાલ કાનની કાઢી પહેરાવી સુરેખા તો રીઝી. એટલે ઉઠયાં સર્વે સાથે ઘર જોવાને ચાલ્યાં, એક માલને બીજે ત્રીજે ચોથે પાંચમે ઘાલ્યાં. માયાવી કહે લાગજ સારો અહીંયાં દાવ સધાશે, અગાસી જોવા આવ્યા ધાબે કન્યા હરી આકાશે; ગયો ભોંયરે કન્યા મુકી ચેતાવ્યો અભિમન; તમે તમારે રહેજો સુખે હોશયારીથી મન. સુરેખા કલ્પાંત કરે છે તેને દીધો ત્રાસ, ચોકી પહેરે રાક્ષસ મુકયા સુણો અભિમન્યુ ખાસ. ઓ વીરા હું હવે જાઉં છું કન્યા હરી છે ખાસ, કન્યાની ત્યાં બુમો પડશે વર થાશે નિરાશ. માટે મારી ચિંતા તજજો હું નથી કાંઈ કાચો, આશા ભર્યો વર આવ્યો તે કન્યા વિણ વળે પાછો. સુરેખા કહે જેઠ મારા રાક્ષ-

સ લેતા જાવ, નહીંતો એ મુજને ખાઈ જાશે તે વાતે અટકાવ. ગેટારગછ કહે ભાભી મારિ ડાહ્યાં થઇને બેસો, આડું અવળું બોલ્યા વીના પતી પાસે રહેશો. એટલે એ તમને નહિં ખાયે આજ્ઞા મુજ નવ લોપે, વખત મળે કે આવીશ અહીંયાં કદિ ન થાશો કોપે. એવું કહીને બહાર નીકળીયો તે આકાશે ચઢીયો, શુદ્ધ સુરેખા રૂપ લઇને જઇ ધાબામાં પડીયો. પછી છાબનો લોપજ કીધી લોપ થઇ સૌ નારિ, તાલ મેલને તોડી નાખ્યો કીધું કૌતુક ભારી. બની બ્હાવરી જદુકુળ નારી વ્હેવાણો ક્યાં ગઇયો, છાબ ઘરમાં જોવા ગઈ તો ગાંડી જેવી થઈ યો. આપસમાં સૌ કહેવા લાગ્યું આનો સ્વપ્નુ આવ્યું, કહે રેવંતી શાનું સપનું ગાયું મોઢે ભાવ્યું. સુરેખા ગઇ સાસુ જોડ મહેલ આપણો જોવા; લાવ જઇને તેડી લાવું સંશય સર્વે ખોવા. ઓ લાડકડી ઓ સુરેખા! એમ કહીને દોડી; ઓમા! ઓ મા! કરતી આવી, ભયવંતી તે છોડી. ચોથે માળે ધયાં ભેગાં તેવી પડી તે બાઝી, હેઠે લાવી ગઈ સભામાં ત્યારે થઈ તે રાજી. પ્રભુ પ્રમદા સઉ પુછવા લાગી બહુ બાકળી છું કેમ? ગેટારગછ કહે કાળજુ મારૂં ધડકે છે બહુ નેમ. સહુ કહે તુજ આસુ ક્યાં ગઇ? કેવું બનીયું કામ. ગેટારગછ કહે ઉંચી ઉડી ચાલી ગઇ તે આમ. રૂપ જોઇને હુ ગભરાઇ, બ્હીક ઘણેરી લાગી, ભય લાગે મુજવે મરવાનો, હાડ જાય છે ભાગી. રેવંતિ તો રડવા લાગી આંસુ વહે ચોધાર, કરી પથારી સુરેખાને સુવાડી તે ઠાર. જોષ જોવા જોશી તેડાવ્યા ભુવા તેડાવ્યાં ત્યાંતો, દોરા ચીઠી દાન દીધાં દોષ ઉતરવા જયાં ત્યાં. જતિ બોલાવી કણ દેખાડયા, નજર ઉતારી બાંધી, દોડાદોડ ચાલી સઉ ઘરમાં કન્યા થાયે માંદિ. જાણી જોઇ ગોલિમટાં ખાયે, જાણ્યે, દારૂણ દુઃખ; બળદેવજી ત્યાં દોડી આવ્યા જોઇ પામ્યા અસુખ. કર કપાળે દઇને બેઠા, આવ્યું વિઘન લગન; જેમ નેમ કરીને કરો સાજી વૈદ જુગજીવન. એવામાં શ્રી કૃષ્ન આવ્યા, સહેજ સ્વભાવે ત્યાંય; કન્યા જોઇને પાછા વળિયા ના આવ્યા તે ન્હાંય. એવું જોઈ સુરેખા બોલી, હલધર સુ વચન; કૃષ્ન કાકા પાછા જાયે, મળવાનું છે મન. બળદેવજીએ હાક મારી, ભ્રાત પાછા વળજો; સુરેખાને ઉછંગ બેસારી, ટાઢી મીઠી કરજો. કૃષ્ન પ્રભુ કહે કામ અતી છે! તે હમણે નહીં આવું; રિસ ચઢાવી હલધર બોલ્યા, શું બોલે છે આવુ. તારાં છૈયાં મોટાં કીધાં, પહેલેથી અદયાપી; ખોળે ચઢાવી અમે રમાડયાં, ભુલી ગયો તે પાપી. મારી સુરેખા કાલી ઘેલી, નથી બેઠી તુજ ખોળે: આજ બેસવા મનડું કીધું, તુ ચઢયો ચકડોળે. અમે કર્યું તે છુટી પડીયું. નથી દીકરી સુખી તે દેખી તું ચાલ્યો જાયે, શું જાય ઉછંગ દુખી. એવું હલકુ વેણ સુણીને,

ભુવર પાછા વળીયા, આવ્ય સુરેખા કહિ બોલાવી ખોળે લઇ વાતે વળીયા. છાનું માનું કહ્યું કાનમાં, લઇશ ન મારૂં નામ; તારે કરવું હોય તે કરજે, બોલ્યા સુંદર શ્યામ. મ્હેર રાખવી મારા ઉપર, વચન ન મારૂં લોપે; કહે સુરેખા તમારી નારી, કેવા ચરણ ચાંપે. કૃષ્ન કહે તારો ઘેર દહાડો, જે ફાવે તે કરજે; લાડકડો લાડેથી આવ્યો; બહીક ઘણેરી ધરજે. સારૂં કહીને ઉઠી સુરેખા, ઉછંગથી જેમ તેમ; સારૂં થયું પીતાજી મુજને, નથી રહ્યો કાંઇ વ્હેમ. સૌ સૌને ઠામે સો જાઓ, લેશો નહિ મુજ નામ; થોડી વાર મને સુવાહયો, આવે મુજને હામ. રેવંતી કહે એ લાડકડી, શું ખાધાપર પ્રેમ; જરા કશું જો ખાવા માગે, લાગે મુજને ક્ષેમ. વલણ.—ક્ષેમ લાગે એ લાડકડી, જે જો ઇએ ને માગો; દાસ છગન કહે રેવંતી વિલપે, તોડી નાંખયો ધાગો.

કડવું ૪૮ મું.

વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણજનમે જયરાય; વિસ્તારી તુજને સંભળાવું, સુરેખાહરણ મહીમાય. પછી સુરેખા બોલી ત્યાંતો, ખાવાનું શું ખાઊં; લાવી કુંચી મુજને આપો, ઓરડા જોવા જાઊં. તવ માતાને ઉલટ વ્યાપી કુંચી હાથે દીધી; ભર્યા ઓરડા પકવાન્નકેરા, મહીં જઇ સાંકળ દીધી. ખુશી થયો તે જોઇ ગટોરગછ, રચી માયા તે ઠાર; દૈત પાંચસો બનાવીને, ભર્યા ટોપલા સાર. અદર્શ વિદ્યા ભણી ભણાવી, તેને કો નવ દેખે; હિડીંબાવન જઈને તેના ઢગલા કર્યા અલેખે. હેડંબા સુભદ્રા બેઠાં, તે તો પુછે એમ; આ સઘળું તું કયાંથી લાવ્યો, મુજને આવે વ્હેમ. કહે સેવક કે દ્વારીકાથી તુમ સુતે પઠાવ્યું; વ્હેવાઇ સઘળા ખાય ખાસડું, ઢાંકયું તમારે આવ્યું, તાળી દઇને હસ્યાં બેઉ, દેરાણી જેઠાણી; વાહ ! દીકરા ગટોરગછ તું, વાત ખરી મેં જાણી. હરખ આણી બેઉ ત્યાં તો, હરખ ઘેલાં થાતાં; બળિભદ્રના ભોવન માંહે, રૂડાં ગીત ગવાતાં બાર વાગ્યા દીવસ કેરા, દુર્યોધન તવ બોલ્યો; છાબ ભરી લઇ જઈને આપો, હાથ તમારે તે લ્યો. ભાનુમતિ સાથે સૌ રાણી, ઉઠયાં ઉલટ આણી, છાબ ભરી શણગાર સજીયા, ગાતાં હરખ ભરાણી. મંડપ માંહે ચાલી આવી, વ્હેવાણો બોલાવી; ભાનુમતિ મદમાતિ છાતી, ગાતાં રંગ રોળાવી, રેવંતી તવ ઘરમાં ગઈને, સુરેખાને કહે છે, જાવ બેટી સાસુ

પાસે, લાવો છાબ ધરે તે. સુરેખા કહે હું નહિં જાણું, થાય થયું તું તેવું; બી-
ક નથી મુજ ગૈ હૈયેથી, લાગે સંશય જેવું, રેવંતી કહે બહીશ ન બેટા, આતો
સાસુ સાચી; હરખ ધરી હેડંબો દોડયો, જોવા પાકી કાચી. છાબ હતી તે ઘ-
રમાં આપી, આવ્યો મંદપ માંહે; સાસુને ખોળે જઇ બેઠો, ભાનુ હરખે ત્યાં-
હે. રૂપાળી બહુ વહુને જાણી, હરખ ઘણેરો વ્યાપે; નથી જાણતી એ તો ક-
ન્યો, હ્રદયા શરસી ચાંપે. વ્હાલ આવ્યું ગટોરગંછને, સાસુ પ્રેમ બતાવું;
વ્હાલાં અંતી લાગોછો મુજને, કહીને અંગ દબાવ્યું. ભાણું તો માણુંવત બ-
ન ગઈ, બનગઈ રાણી જેવી; હાડ સવળાં ભાગી ગયાં તે, રીત લાડની હેવી.
તર્યા નેત્ર ને માથું ચઢીયું; બળ્યું કન્યાનું લાડ; ચીસ કારમી નાખી ભાણું,
વારે શકુની નાર. કન્યાએ કર્યું તુજને લાડ, તેમાં શું ભાગ્યાં તુજ હાડ; એ-
તો વહુ છે હલેતી, તેમાં કરી શી ફજેતી. કહીને ગોદો માર્યો ગાલ, વહુને ખો-
ળે લીધી હાલ; મામીજી કહે વહુ શાણાં બહુ, સાસુમાં બે દાણા ન કહું. એ-
મ કહીને આણી વહાલ; સુરેખા ચાંપી હ્રદયા સાથ; આવ્યું હેત ગટોરગંછ
હાથ મામીજીને ભીંડી બાથ. તમે સ્વભાવે છો સારાં, લાગો મને પ્રાણથી
પ્યારાં; કહી દબાવી દાખી રીસ, મામીજીએ પાડી ચીસ. લોચનતો એનાં તરી
ગયાં, હાડ ભાગીને ચુરો થયાં, સુરેખાએ મુકી મામી, હેતે દાબ્યામાં રાખી ન
ખામી. પછી ભાનુનો બોલી એમ, તમે બુમ તો પાડી કેમ; કહે મામીજી સુ-
ણો રાણી; એહ કન્યાની વાતજ જાણી. રાંક લક્ષમણો આપણો, તેનો વીચા-
ર કરવો ખરો ! મુખ મરડીને બોલી ભાનુ, મન ગમતું નથી ને માન્યું. પાછાં
જઇએ પરણાવ્યાં વિણ; થઇએ દુશમન હલધર પ્રવિણ; માટે પરણાવી રીઝી
ખીજી, ઘેર જઈને લાવીશું બીજી. બળ-તનયા તે બલ દાખે, મુજ પુત્રને
મારી નાંખે; એવી વાતો કરતી ચાલી, જાનીવાસે ગઈ કર ઝાલી. કહાવ્યું બ-
ળદેવે હવે આવ્યો, વાજતે ગાજતે વર ઘોડો લાવો. ત્યારે બોલ્યો અંધ કુમાર,
મામા વરને કરો તૈયાર; અંગ પીઠીને શ્રણગારો, કાઢો વરઘો[illegible]. આગા-
રો. વલણ.–અણ આ ગારો રંગ જામે, મામે દીધ અજ્ઞાયરે.

કડવું ૪૯ મું.

રાગ ધોળ.–પીઠીનો લેહેકણી. પીઠી ચોળો પીઠી ચોળો પીઠી ચોળો પ્રીત
આંણીરે. ખુશી થાઓ ખુશી થાઓ પીતરાંણીરે. કલેશ કંકાશ જીકયો સર્વ

મિટાવોરે, વંશ વદ્ધિ થાશે પીતરાઈ વાળોરે; હળી મળીને સર્વે આનંદ લઇએરે, વર રાજાને ગંગોદક દઇએરે. તેલ ફુલેલને અત્તર અંગે ચોળેરે, ગીત-ગાતી સુંદરી શરીયા ધોયેરે. વર રાજાને હરખ અંગ ન માયરે, પૈનો બનવા પ્રીતે પરણવા જાયરે. ઉતાવળતો કરવા આવ્યો રાયરે, ઝટપટ કાઢો વરને ઘોડા ખોટી થાયરે. ઓરે મામા ! સ્વભાવ ટાઢો તમારોરે, બાજઠપરથી વરને ચોકે ઉતારોરે; ઉના ટાઢા જળથી તો ઝટ ન્હવરાવોરે, ત્યારે મામે ભોંય ઉતારી ન્હવાડયોરે. વસ્ત્રાભુષણ દુર્યોધનનો લાવ્યોરે, ઝટ ઝટ પહેરાવિ મામા જાવાનો રાખો ખટકોરે. વર રાજાને ઝામો ચીરો ને પટકોરે પહેરાવ્યા છે આછા અછાબા રાખી ચટકોરે. હિરા મોતી સુવર્ણ શણગાર સારારે, મોર મુગટને પંઝા તે પુર રસાળારે. એવે આવ્યો અનુચર આંગણ ઘોડા લાવ્યોરે; શણગારેલો તુરી તેવો વેડાં ગમન ભાવ્યો. દુર્યોધને કહ્યું કે વરને ઉપાડોરે, વાર ન કરશો ઝટપટ જોરે બહાર કાઢોરે, આ આવ્યો તે તુરંગ ઉપર ચઢાવોરે, જાનૈયા આ સર્વને રસ્તે પાડોરે. મામાયેતો વર ઉપાડી તોરીપર પઢાવ્યોરે. વર રાજા તો પૈના બનવા બનિ બેઠા ઠીકા ઠીકરે. બેસતામાં સામી થઇ છે દશવીસ છીંકરે, દુર્યોધન કહે મામા શુકન કેવારે ! મામા કહે ઝટ પરણાવી દયો એવારે, અહો મામા તમારી બુદ્ધિ કુંડાળુરે. વર રાજાને ગાલે કરજો ટપકું કાળુરે. લાડે કોડે પરણી આવે દષ્ટિ ન લાગે વારૂરે. સુણી એવું મામો જાની વાસે દોડેરે, ફાનસમાંની મેશ લઈને વરને મોઢે ચોળેરે. વર રાજાને શ્રીફળ આપ્યું હાથરે. મોડ ઘાલી માથે પાસે ઉભી એની માજરે. છત્રપતી કહે વરને મુખવાસ આપોરે, સૌ જાનૈયા સરઘસ વર લઈ ચાલોરે. વલણ.—સૈ ચાલો વરરાયને કહે દુર્યોધન રાયરે, દાસ છગન કહે સાંભળો ઘોડલી રૂડી ગવાયરે.

કડવું ૫૦ મું.

રાગ—ઘોડલી લેહકણી. હાંની હોરે લક્ષમણજીની ગોડલી, એઢાય. દુર્યોધને દીધી આગન્યા કે ગડ ગડીયાં નીશાંન, છત્રીસ વાજાં વાગીયાં રે, ચતુર ચાલે કૈરવનિ જાન. લક્ષણ જુની ઘોડલી. ૧ જાનૈયા રૂડા શોભતારે, સાબેલા રૂપવાન; સાજન કૈરવ શોભતું રે, જાણે શોભા તે ઈંદ્રિ સમાન. લક્ષમણ૦ અ-

છકલો છત્રપતી હસ્તી અઢચોરે, ફુલી ફાળકો થાય નીચ જાત; જાંદરણી પાછળ શોભતીરે, ભાનુ વર રાજા કેરી માત. લક્ષમણ૦ મોડ મસ્તક પર લહેકતોરે, જેમાં મોતી ભર્યાં અતુલ; નામણ દીવો ગ્રહ્યો હાથમાંરે, ખભે ઘાટડી મોઘે મુલ. લક્ષમણ૦ નવાણું કૌરવનિ નારીયોરે, ચાલે ભાનુની સાથ; બાપ સરીખો બેટડોરે, કેવો શોભે લક્ષમણનો સાથ. લક્ષમણ૦ બાઘો ચકવો વર બન્યોરે, ડગડગ ડાફેર મારે; નગ્ર લોક જોઈ મુખજ મરડે, જાય પોતાને ઘેર. લક્ષમણ૦ જગતમાં મુજ જેવો નથીરે, એવું રાયજીને અભિમાન; સાજન સઘળું ચાલ્યું આવ્યું મન ધરતું ગુમાન. લક્ષમણ૦ વર તોરણ ઉતર્યોરે, પુખખવાની કરી પેર, રેવંતી આવી પુંખવારે, પહોચ્યા વરના કોડ. લક્ષમણ૦ નામણ દીવો હાથમાંરે, માથે બત્રી ભમરીનો મોડ; ગર્ગાચાર્ય પુખાવતારે ધરી થાળ સામગ્રી જોડ. લક્ષમણ૦ ધુશળ, મુશળ, રવૈયોરે, શરીયો, સંપુટ, ત્રાક; ઈંડી પીડી ઉતારીનેરે, તાર્ણ ટીલી લાંબે નાક. લક્ષમણ૦ ટીલુ કરી નાક આમળ્યુંરે, પાસે મામો રહ્યો જોઈ; અરે ! કર્યું શું રેવતીરે. અમે દીઠું ના કોઈ. લક્ષમણ૦ અમે તો દીઠું નહિ, ફરી આમળો નાક ! નફટ ભુંડા નાક મુકી, શું આવ્યો આ જાગ. લક્ષમણ૦ પછી વરને કેડ બેસાડી, સભામાં ઉતાર્યો; બાજઠપર બેસારીને, સંસાર લ્હાવ સંભાર્યો. લક્ષમણ૦ વલણ.—સંસાર સારો છે નહિ. સમજી ચાલો લોકરે; દાસ છગન વિવેકથી, તરી ગયા અથોકરે.

કડવું ૫૧ મું.

રાગ ચાલતો સાખી.—બાજઠ વીષે પધરાવીયો, વરને તેણી વારરે; સભા રચના સારી કીધિ, મધ્યે મંડપ ચારરે. સભા સ્થળ જે પુર્વ દીશા, બેઠા કૌરવ માત્ર; પશ્ચિમ દીશા સૌ જાંદરણીની બેઠક શોભા પાત્ર. ત્યાં બેઠી નારિ સહુ, ઉત્તર દક્ષિણ ભાગ, જાદવને સઉ જાદવાણી ગીતા ગાય અથાગ. ગર્ગ અને કૃપ મુનિ તે, બેઠા મંડપ માંય; કન્યા ચુડો મોજડી, પાનેતર પહેરાવ્યાં ત્યાંય. મોડ મુકયો શીરપરે, કન્યાને શોભાવિ, ગોત્રા ચારને સ્થાનથી; પ્રદુમને ઊંચકી આણી. પ્રદુમન બેઠો કન્યા પાસે, પ્રભુજી ભય મન લાવે; પુ-

ત્ર હશે પાસે તવલગ,"કન્યાને ના ફાવે. એમ વીચારિ પુરૂષ પુરાણી, સભામાં ધારો કાઢે; પ્રદુમનને બોલાવીને, નીજ પાસે બેસારે. કન્યા પાસે દાસી બેસારી, સામગ્રી સઉ આપી; પ્રદુમન બેઠો સભામાંને, પટકુળ ધરીયું માપી. હસ્ત મેળાપ સમો થયો, વિપ્ર વચન અદાપ; વર કન્યાનો હાથ મેળવ્યો. ત્યાંતો આપો આપ. કોમળ કર દેખી વર રાજા, ખુશી થયો તે વાર; મામો કહે છે હાથે નખ દેજે, કન્યાને આ ઠાર; કહે લક્ષમણો મામા મારા, કન્યા બહુ રૂપાળી; મારા બાપછે છત્રપતી પણ નથી એમની નારી. મિત્રોએ મને શીખવ્યો છે, નખ દેવાનો લાગ; કાચો તે કેમ હશે ભાણો, ચતુર ભાણેજ અથાગ. એમ કહિને પ્રેમ પ્રીતિ-અતી દાખવા લાગ્યો; કન્યાના કરપર નખ દીધો, કે સંશય તો ભાગ્યો. જાણ્યું કન્યાએ પ્રેમ કરે છે, તેતો આપણુ કરીએ; પહોંચો પકડી વરનો હાથે, સંશય સઘળો હરી. કર દબાવ્યો રીસ કરીને નાખ્યાં આંગળાં ભાગી; વર રાજા ચીસ પાડી ઉઠયો, ચીતમાં ચટપટ લાગી."વલણ.લાગી ચટપટ ચીત્તમાં, આંખેથી આંસુ વહે: દાસ છગન એ પ્રેમનો સ્વાદકો વીરલાલ હે.

કડવું ૫૨ મું.

રાગ ચોપાઈ.—પ્રેમ કાયા–પ્રેમ માયા–પ્રેમની તો પરિસીમા: પ્રેમ માટે વળું ઘેલા સંસાર કેરી નથી સીમા. કોણ કહેશે પ્રેમનું ભાઇ રૂપ કેવું કેટલું ! માપમાં આવે નહિ અણમાપ માયા તેટલું. પ્રેમ કરવો સહેલ છે પણ નિભાવવો મુશ્કેલ; પ્રેમ પ્યાલો જીરવેતે વીર ધીર કહેવ્યો. તેવું પ્રેમ કરતાં થયું લક્ષમણને આવાર; સાપ નિકળ્યો કોથળીથી–નખમાં મળીયો પાર. નખ દેતાં કન્યા કરે, પંજો દાબ્યો રીસ; હાડકાંના કકડા થયા, તેવી પાડી ચીસ. મુકાવો મામા મને, જીવ મારો જાય; મારે પરણવું છે નહિ, કન્યા મારી માય. કહે મામો કે બોલ કેવા, ગાંડા કાઢે મુખ; અક્કલ તારી કળી જાયે, મને ઉપજે દુઃખ. કન્યા કોમળ અંગનીરે, તેથી શું ડર ખાય; ક્ષત્રી થઈ ને રણમાં ઝુઝે, રૂધીર થકી ખરડાય. તે તું આમ ડરી જઈ કરે ઉઠવા મન, નખ દેતામાં પહોંચો દાબ્યો, કન્યાને ધન ધંન. એમ કહી બેસારીયો, સમજાવિ વરરાય; હાડ ભાગ્યાં આંગળીનાં, તે દુઃખે રોવાય. તેથી દુઃખ મટાડવા, પ્રેમ લાવવા ઊર;

ઘુંઘટ ઉઘાડી મુખ દેખાડયું, બેઠો લક્ષમણ શુર; ભાગી આંગળી ભુલ ગયો, પ્રેમ વધ્યો મનમાંય; કાન્તિ પુનમ ચંદ્રશી, જોઈ હરખ્યો તે ત્યાંય. મા નહી મારી એહતો—પરણું કરીને પ્યાર; મોજ ભોગવું મોકળી, એ મારી દીલદાર. સ્વાહા સ્વધા ચાલીરે, ગઇ મીનિટ બે ચાર; વળી ઉઘાડી મુખ દેખાડયું, ભય પેઠો તે ઠાર; થયો ઉભો પરણતો, કન્યા કાળી કલ્હાડી, મંજાર મુખી માંજરી, વળી દેખાયે બાડી. મામો ખીજયો મુરખને, કન્યા છે રૂપાળી; તેને બાડી કહે શું જોઇ બળદેવની છે લાડી. બિલાડીતો માતા તારી, નથી જેના ઢંગ; તું પણ તેનો છોકરો, માટે છું અડબંગ. વળી ત્રીજી વારનું, મુખ દેખે કન્યાય; ઝબકી ચોંકી બુમ મારે, કન્યા કુતરી કહાય. ખણી ચોંટી કુખમાં, તારી મા છે કુતરિ; ખેશ ફાડયા આ જગે, એતો કન્યા છે પરી. ચોથી વારનું મુખ ઉઘાડયું, ગધેડા શુ સાર; ઉઠી ભાગ્યો આસન પરથી, નથી પરણવી નાર. મામે હાથ ખેંચ્યોરે, ઠાંસો મારી તે ઘડી, તારીમા ગધાડીરે, કન્યા ઇન્દ્રની પરિ. પાંચમી વાર બેસાડયોરે, કન્યા તો દુઃખ દીયે; ઘુંઘટડો ખોલીરે, રાક્ષસ મુખ પ્રત્યક્ષ કીયે. લક્ષમણો ચોંકયોરે, મામા ભારે ભુંડું થશે, આતો રાંડ રાક્ષસણીરે, મને તને ખાઈ જશે. ભાનુમતી આવિરે, પુત્રનાં આંસુ લુએ; ઘડીએક કષ્ટ વેઠીરે, હવે લેવું જોઇએ. મને છે જે વિત્યુંરે, તે તો મારૂ મન જાણે; નથી જોવું મામાજીરે, કન્યાનો પક્ષ તાણે. ત્યારે શકુની કહેછેરે, ગોર ઉતાવળ કરો, કહો ના કહે પણ છોકરોરે, કાંઇક બીધો ખરો. વલણ.—ખરો બીધો છોકરો, કહો શી કરીએ ભુલ, દાસ છગન જો બહુ કરો તો, કરીએ સરાગ્યા તુલ.

કડવું ૫૩ મું.

રાગ સવૈયા—સરાવવું છે તે તો સહેલું, ખોબલે જળ ભરાય; કન્યા પરણે કોલ દે તે ખોટા કેમ થાય. ઓળો ગોળો ગોરે વળી, ઝટપટ પુરૂં કીધું; વર કન્યાને કર્યાં ઉભાં, મંગળ ફરવા સીધું. રડતો રડતો વરતો ફરતો, કન્યા આંખો મીચે; પહેલું મંગળ ફરી રહ્યાં તો કન્યા બહેતજ નીચે. બીજું મંગળ ફરવા માંડયાં, ગાજે મંગળ શ્લોક; ફરી રહીને આસન આવ્યા, દિસે બરાબર નોક. ત્રીજું મંગળ ફરતાં ફરતાં વધી ગઇ કન્યાય; કજોડું તો દિસવા લાગ્યું, જાનૈયા વહેમાય. ચોથુ મંગળનિ તૈયારી, કન્યા વધી એક હાથ;

મા દીકરો જાણે હોય બેઠા, એવા દીસે ઠાઠ. એવું દેખી હલધર કોપ્યા, ન હોય દીકરી મારી, કન્યા કેરૂં હર્ણું કીધું, આતો કપટી ભારી. હળ મુશળ લેવાને દોડયા, છેદું કન્યા શીષ; કૃષ્ન પ્રભુએ સાન કીધી, ગટોરગછને તે દીસ. વિદાય થઇ જા તું તો તારે, નહીં તો જાશે પ્રાણ; ગભરાતો ના હું છું પક્ષે, શું કરશે હેરાન. વા વંટોળની આંધી કીધી, વિજળીના ચમકારા; મંડપ સાથે વર લૈ ઉડયો, અંતરીક્ષે ધમકારા. જાતાં જાતાં વચનજ બોલ્યો, સાંભળ અંધના સુત; સુરેખાને પરણી બેઠો ને તો અરજુન સુત. ત્રણ દીવસ તમને વિતાડ્યું, તે તો મારૂં કામ; ભીમસેનનો દિકરો હું, ગટોરગછ મુજ નામ. કન્યા લૈનાશી નથી જાવું, છઇએ ક્ષત્રી તંન; લઢવું હોયતો સર્વે આવો, બાગ તણે મેદાન. તેવું જોઈ દુરયોધન ત્રાસ્યો, સુતનો જીવડો જાશે; શત્રુને વશ આપણ પડીયા, જોવા જેવું થાશે. કાલાવાલા કરીને લાગ્યો, કરગરવાને દીન; ભત્રીજા મુજ ઘર ના ભાગીશ, હું છું તારો દિન. ગટોરગછે બગલમાંથી, વરને ફેંકી દીધો; તારી માને તું પરણજે, ફરી આવજે સીધો. સેવકોએ અદ્ધર ઝીલ્યો થર થર કુંવર કંપ્યો, દુર્યોધ્રને ખોળે લઇને, હૃદયા સરસ્યો ચાંપ્યો. ઓ બેટા શું શું દુઃખ પડીયું, બોલ્યો લક્ષમણ એમ; વારે વારે કહું મામાને તોય ન આવે વહેમ. ચાર જાતનાં રૂપ બતાવ્યાં, મામે જુઠું જાણ્યું; રડી રડીને ઘણું કહ્યું પણ તે મનમાં નવ આણ્યું. દુર્યોધન કે ધીક્ક મામા, વરસ પડયાં સઉ છુટી; મરમ કશો એ જાણ્યો નહિ ને છોરો માર્યો કુટી. શકુનિ કહે મારે શું છે ? મુઓ વર બળી જાન; હું શું વાંકો વળીને જોઉં, મુખ કન્યાનું તાન.* એટલામાં ઘરમાં જઈ આવ્યા, હલધર લઈ હથીઆર; જુએ તો કન્યાએ છે નહી આભા બન્યા તે ઠાર. અંધસુત કહે સંશય શાનો, એતો ભીમનો સુત; સુરેખાને પરણી બેઠો, અરજુન કેરો પુત. કન્યા કેરૂં સ્વરૂપ લઈને ગટોરગછ તો બેઠો; હાથી ઘોડા ઘરેણું આપ્યું, લુટી ખુબ અખેટયો. નડે પાંડવ જયાં ત્યાં અમને, એતો તેની નેમ; બળદેવ બોલ્યા કૃષ્ન વીરા—એ કીધું છે તેમ ભગિનિ આપી પેધા પાડયા, સ્વાદ ચાખ્યો ભીમે, સહદેવ આવ્યો તોબા કરાવી, અભિમન્યુ શરણના નીમ. આજે આવ્યો પુત્ર ભીમનો, કર્યું કન્યા હરણ; હવે તેનું કેમ કરવું ? અહો અશરણા શરણ. કૃષ્ન કહે કે શું ક-

---

* નીમ—નીયમ શરણ રાખેલાને ન તજુ એવાં આશ્વાસન માટે લઢાઈ વહોરી ૩।। વજ ભેગાં કરાવ્યાં.

રવું' તું ! જેમ તમારી મરજી ! યુદ્ધે ચઢવા બળદેવે ત્યાં હુકમ આપ્યો ગર્જી. કહે દુર્યોધન ભીષ્મ દાદા ! વાળ્યો આડો આંક; કન્યા લીધી લક્ષમણાની, હ-વે કોનો વાંક ! તમારૂં એ માન ન રાખ્યું દ્રોણ દ્રોણવત દાખ્યા; સજ્જ એમ-ને કેમ ન કરવી ? વચન રાયે ભાખ્યાં દ્રોણ કહે કે વાંક એમનો, સર્વ તત્પર થાઓ; રણસંગ્રામ રચો આ વેળા, શુરા સજ સઉ થાઓ ! કૃષ્ન ગયા નિજ વસ્ત્ર પહેરવા, સઉ સઉને આવાસરે. દ્રોણ કૃપને અશ્વત્થામા, વિચારે તે પાસ-રે. વલણ—વિચાર કરતાં ચાર જણ, દ્રોણ કૃપને ભીષ્મરે; તથા અશ્વસ્થામા સાથે બેઠા, માન પાનના તૃષ્નરે.

કડવું ૫૪ મું.

માન પાનના ભુખ્યા, તે તો નિસ્પક્ષે બોલે, દ્રોણ કહે શું કરવું દાદા, છોરા ન્યાય ન તોળે. ભીષ્મ કહે કે ન્યાય જુઓ તો, નથી એમનો વાંક; પ્રથ-મ કન્યા અભિમન્યુની, એ બળદેવનો વાંક. બળદેવે તો ગાંડાઇ કીધી, પણ દુરયોધન ભુલ્યો: કુટુંબીનિ કન્યા લીધી, વડા વાંકમાં ડુલ્યો. આરતીયો તો હોય આંધળો; પણ કબુલનાર તે કેવો ! અભિમન્યુએ કન્યા લીધી બહાદુર તેને કહેવો. કૃપાચાર્ય કે' લોકો બોલે, પરણાવ્યા વિણ રહ્યા, જગત રીતી એ-લાજે જાનૈયા, શા ભાર તમારા રહ્યા કહેણી થાશે આપણે માથે, વિચારો તે આજ; ભીષ્મ કહે કે અભિમન્યુ પણ, આપણું છોકરૂં ખાસ. આપણું રહીને પરનું પરણે, તો જગતે ગઇ લાજ; પણ આતો છે માંહો માંહે, માટે ગઈ ન-હીં લાજ. ઠાલા પાછા નાથી જતા કે છે જાનને લાજ, પરણાવીને રંગેજઈ એ સત્ય કહોછો આજ. પણ અંધા હૈયાના ફુટા આવી આપણ વળગે, ત્યારે આપણે કેમ કરવું ? કહો ભીષ્મજી અળગે. ભીષ્મ કહે કેસઉની સાથે યુધમાં આપણ જાવું.સામા મોરચા બાંધ્યાં પછી, આપણે નીકળી જવું. વળી એક બીજુ કરવાનું, કૃષ્ન અને બળદેવ; જતા યુદ્ધમાં અટકાવીને પાસ રાખવા એમ. છોકરાંની લઢાઈ માંહે,આપણ વૃદ્ધ ન શોભું. કાંઠે બેઠા જુઓ તમાસા નહીં તો હું નવ થોભું. નાનાં છોરાં લઢે તેમાં, આપણું નહિ કામ; જાદવ કૌરવ નથી ઓછા કરવા ઘો સંગ્રામ. નથી છોકરાં હારે એવાં, લઢશે શુર-ભરી રીતે; જુઓ તમાસા આપણ બેઠા, વર્તવું એ રીતે. છતાં કૃષ્ન બળદેવ

જાયે, રહે નહીં તે ઝાલ્યા; તો પુત્રોની પક્ષે, આપણુ ચારે જણુતો ચાલ્યા. એ રીતે તે સતીયા કેરી, સત્ય સભા સતવેણ; એક નિશ્ચય કરી દેઇ બેઠા સર્વે નેણ. દુરયોધન લશકરમાં ઘુમે, યાદવ સજ્યાં શસ્ત્ર, હવે પાંડવો લૈને ઉડયો, ગટોરગછ વિણુ અસ્ત્ર.

કડવું ૫૫ મું.

ગીતી.—માયા વીને જાણી જાતાં, ઉડયો માંડવો લઈને અશોક બાગમાં વાવડી માથે રોપી દીધો જઈ ને. અંદર જઇ આવકાર દઈને, ભોજાઇને બોલાવ્યાં; ભોંયરા બાહેર મંડપ દેખી, ખુશ ઘણેરાં કહાવ્યાં. ગટોરગછે કૃત્રિમ માયા, વિસ્તારી તે ઠાર; પાંચસે જાંદરણી કીધી, પુરૂષ પાંચસે સાર. સભા કરીને તે બેઠા કે, નારદને બોલાવ્યા; ઘર વીશેથી ગીરધારીએ જે આપ્યું તે લાવ્યા. સામગ્રી સઉ પરણેતરની, કંકુ પડોને ચુડો, પાનેતર મીઢળ, નાડાછડીને પાન ચુનો છે રૂડો. શ્રીફળ ફોફળ કમળ કાકડી, આદી સઊ શોભાગ; તુરત નીકળ્યું ઝોળીમાંથી, જેહ કૃપા મહાભાગ. કૃષ્ન કહે કે મંગળ મંગળ હુંતો દાન દઉ છું. વર કન્યા પરણાવો સુખે; એવું તમને કહું છું. પછી નારદ ગયા બાગમાં, શોર કરે કન્યાય; નારદજીને નજરે દેખી, રડવા લાગી ત્યાંય. ઓરે મારા નારદ કાકા ! કહેજો જઈને કરણી; નવા વરતો રહી ગયો ને જુનો જાય છે પરણિ. તે જોઇને દૈત્યો કોપ્યા, હોકારો કીધ ત્યાંય; કરી કોળીઓ જઈએ તુને તોડયું વચન તે જયાંય. સુરેખા થર થરતિ બોલી, હવે ન બોલુ વેણ, આ વેળા જાવાદે મુજને પહોચે મારૂં કહેણ. નારદ કહે કે એ વર સારો, બેશ એની જોડ; પરણાવિ દઉ એક પલકમાં, કૃષ્ણ વચન કરૂં કોડે. વલણ.—કૃષ્ણ વચનથી વિવા મેળ, કારજ સર્વે એનું દાસ છગન કહે મારૂં તારૂં પરણાવીદે એવું.

કડવું ૫૬ મું.

રાગ સાહેલો.—ત્યાંતો સમે વરતે સઉ થાય, શોભા ઘણેરીરે; સારા સારા ઊદેશ અપાય. શોભા૦ એવે રાક્ષણીઓ ગીત થાય. શોભા૦ ત્યાંતો હસ્ત

મેળાપક થાય. શોભા૦ ત્યાંતો પહેલું મંગળ વરતાય. શોભા૦ ત્યાંતો ગાયો-નાં દાન અપાય. શોભા૦ દાન આપેછે શ્રી કૃષ્ન શોભા૦ દાનલેછે અભિમન્યુ તૃષ્ણુ શોભા૦ ત્યાંતો બીજુ મંગળ વરતાય. શોભા૦ ત્યાંતો દાસનાં દાન અપાય. શોભા૦ ત્યાંતો તીજુ મંગળ વરતાય. શોભા૦ ત્યાંતો ભુમીનાં દાન અપાય. શોભા૦ ચોરી ચોથુ મંગળ વરતાય શોભા૦ તેમાં ધન ભંડાર દાન અપાય. શોભા૦ પછી ગોત્રો ચારજ થાય. શોભા૦ ત્યાંતો આસા પાસાજ રમાય. શોભા૦ અભિમન્યુ રૂપિઆ જીતી જાય. શોભા૦ લાગ્યાં વરકન્યા ગોત્રજ પાય શોભા૦ વલણ—પાય લાગ્યાં ગોત્રજને, પરણી રહ્યાં વર કન્યાયરે. દાસ છગન પ્રભુ દાન દીધું, તેહ યુદ્ધ પળાયરે.

કડવું ૫૭ મું.

રાગ દેશાખ.—એણી રિતે કહે રૂષિવર, વૈશમ પાયન મુન્યરે; ભાવ ધરી સુણે જન્મેજય, *પાદે ત્રાધે પુન્યરે. સુરેખા હરણનો મહીમા, કૃષ્ન તણું કીરતન; ગાંડી ઘેલી ભકિત કરતાં, રાધે શ્યામ પ્રસન્ન. કૃશણ પ્રભુ તઇયાર થઇને, હાથ લીધાં હથિયાર; કૃતાંત સરીખો ક્રોધ જણવિ, નીકળ્યા ઘરથી બહાર. એક લાખને સાઠ સહસ્ત્ર વળી એકાશી પુત્ર; હલધર હલ મુશલ લઇ આવ્યા, કૌરવ શતનું સુત્ર. છપ્ન કોટી જાદવ સર્વે, કૌરવદળ અગીયાર ક્ષોણી, છકાર ભારી રતથે ત્યાંતો આયુધ લીધા કોળી. ઘાવ દદાળે દીધા ત્યાંતો, થઈ રહિ સોંરાસોર, પણે કન્યા પરણી રહી તે નારદ બોલ્યા બોલ. લાવો કુંવર હવે અમને આપો દક્ષીણા દાન; ગટોરગછ કહે હો રૂષીજી, લેવાય તેટલું લેજો. એકસો આઠ નારીનાં વસ્ત્રો, શણગારો છે ભોંયરે; નગદ નાણું ભરેલું તે અરપણ કરીએ તમને. નારદ આશીષ દઇને, થયાજ અંતર ધાન; પછી ગયા છે ભોંયરે, પાંડવના સંતાન. કન્યાને ત્યાં બેસારીને, રાક્ષસ ચોકી મુકી; યુદ્ધ જવા તૈયારી કીધી, કન્યા બોલી ઢુકી. જાવ તમે બે ભાઈ યુદ્ધ માંહે, મને ગમે નહીં અહિયાં, સરખા સરખી હોય સાહેલી, તો તો ગમત કરીએ. માયાવીને વારજ શાની, સાહેલી પણ કીધી; રમત ગમત કરતી મુકી, યુદ્ધનિ વાટજ લીધી. બંને ભાઇએ બહાર આવી, રથ કીધો ત્યાં એક; અભિમન્યુતો અંદર

* પાદે એક એક શ્લોકનું ચરણ સાંભળતાં પુન્ય વધે અને પાપ રૂપી બ્રહ્મહત્યા જાય.

બેઠો, ધરી નેકને ટેક. યુદ્ધ ભોમિમાં ચાલ્યા આવ્યા, દ્રઢ થઇને ઉભા, જાદવ કૈરવ લશ્કર આવ્યું, શોભ્યા જોઈ બે સુબા. યુદ્ધ તણો મનસુબો કીધો, જથે જથે જઇ ઊભા; ભીષ્મ કૃપને અશ્વસ્થામાં, દ્રોણ નહિ કો હુભ્યા. ચારે જણ અળગા જઇ ઊભા; બોલ્યા અંતરયામી; ચારણા અળગા જઇ ઉભા, શી આવી છે ખામી. ભીશ્મ કહે એ છોરાં સાથે, યુદ્ધ ન ઘટે આપણને, અળગા રહીને જુઓ તમાસા, ધરી કાંક ડહાપણને. જાદવ કૈરવ ભારે સેના, શું એને નહીં જીતે: ચરચા જોવા રહ્યા ઉભા, મોટા ને મોટા રીતે. તમારે પણ ચરચા જોવા, અળગા રહેવું જોઇએ, છેવટ આપણ સામા થઇશું, વાંક ન કાઢે કોઈ-એ. ત્યારે કૃશ્ન કહે હો બંધુ ! સમજણની એ વાત; ચાલો આપણ અહીં ર-હીને, ન્યાળો બનતી ખ્યાત. વાત ઉતરી બળદેવને તે. હઇયે પુરણ પેર; રથ પોતાનો રાખ્યો જોડે, ભીશ્મ કૃશ્ન બળદેવ. ભીશ્મ પીતાએ સાન કીધી, દ્રોણ ગુરૂને એવ: રથ હાંકી ભીંડાવો આગળ, ના ચસકે બળદેવ. દ્રોણ ગુરૂએ તેવું કીધું, બળદેવ પાસે આવ્યા; રથ ભીડાવ્યો રથની સાથે, હલધરને દબાવ્યા. એટલે રથ કૃપાચાર્યે રાખ્યો દ્રોણની જોડે,અશ્વસ્થામાને બોલાવ્યા ભીશ્મે પા-સે કોડે. ચક્રાકારે રથની શોભા. વચમાં છે બે બંધુ: જુએ તમાસા બેશી રથ-માં દેખાયે છે સંધુ. ભીશ્મે સાન કરી દ્રોણને, વઢવું ન આપણ કોઇ; બળદેવ ઉપરે છોરાં સામે. કે સામે આપણે હોઈ. વચમાં વાલી માર દેવો, બળ-કૃશ્ન શું કરશે: વાંકો વાળ ન થાય છોકરાં, કરશે એવું ભરશે. સમજોટી જાણ ચારે કીધી, પ્રભુના મનમાં કાંઇ. જાદવ કૈરવ શુર ઊભા-લઢવા રણની માં-હી. અળગાં ઊભાં બેઉ છોકરાં ત્યાં બોલ્યો નસ્તન: જુઓ ભાઇ બે જથે ઊ-ભા, શું કરવું ધરી મન. ગટોરગછ વદે હો વીરા; શા માટે ગભરાવ: જ્યાં ફાવે ત્યાં તમે જાઓ, બાકી મારૂં સાવ. લઢતો વઢતો પક્ષ તમારો, કરવા હું આવીશ; ગભરાશોના જરા હૃદયમાં, હું સઘળે ફાવીશ. અભિમન્યુ કહે જા-દવ સામે, જાવ તમોહે બંધુ; કૈરવ સામે અમો જાઉં છું, સમજો થોડે સંધુ. ગટોરગછનો ઉતર્યો હેઠો, અભિમન્યુ તો કહે છે; રથ તમારો માયાવી છે, બીક મને બહુ રહે છે. ગટોરગછ કહે મને ખબર છે, માટે તમને કહું છું: લઢતો વઢતો ખબર તમારી, લેવા હું સુચવું છું. એમ કહીને જાદવ સામે, પોતે લઢવા જાય. કૈરવ સામે અભિમન્યું, જઈને ઉભો ત્યાંય. જાદવ સામે ગટોરગછને, બંધ સુતસુ અભિમન્યું અડયોરે; દાસ છગન કહે યુદ્ધે કેવું, શુર બતાવી ભડ ભડયોરે.

કડવું ૫૮ મું.

રાગ અહોરાયજી—વૈશમ પાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વિસ્તારી તુજને સંભળાવું, સુરેખા હરણ મહીમાય. અહો૦ બંને ભાઇ યુદ્ધ કરવાને, રણમાં જઇને ઉભા; કૈરવ સામે અભિમન્યુને, ભીમ સુત જાદવ દુભ્યા. પ્રભુ પુત્ર જે પ્રદુમન તે, જાદવ સૌમાં મુખ્ય; ગટોરગછને દેખી બોલ્યો, જોઇ તને થાય દુઃખ. અમો ક્ષત્રીનાં કુળ કેવા છે, જો શોધિ તુજ પરીયાં; નાત બહારીયા શંતનુ રાજા, મછ ગંધાને વરીયા. તારો કાકો પરણી લાવ્યો, ગાંધારી બીજ કન્યા; નંદિ સાથે પ્રથમ વરેલી, એ છે મોટા અન્યા. કુંતલપુરના જાદવ રાયે, ફોઇ અમારી દીધી; કુંતા કુંવર પાંચ કુવારા, ભીમે હેડંબા લીધી. માટે સમજી સામો થાજે, હું નથી તું જેવો; મારે તોલે આવે નહિ તુ, જાને આવ્યો તેવો. પાંચ વરેલા એક નારને, તે તો ન મળે માટે; હરણ કરિ લીધું કન્યાનું, મરણ થાય તે સાટે. માયાવી કહે પુત્ર કૃષ્નના, સાંભળ કહેવું મારૂં; વસુદેવને કંસે દીધી, કાળાગ્રહ દુઃખ કાળું. પુછી જો તુજ તાતને તે, કારા ગ્રહ અવતરીયા; છાશ પાધી ગાયો ચારી, ગોકુળમાં ઉછરીયા, તારા બાપે રીંછડી આણી. નરકાસુરને મારી; સામે હાથે કોણે આપી તે તો કહે વીચારી. રૂકમીણી તારી માતાને, હરણ કરીને લાવ્યા; એક મુછ મામાની કાપી, ત્યારે તો તમ આવ્યા. જરાસંઘ ને માર્યો ભીમે, ત્યાંથી લાવ્યા નારી, સોળ હજાર એકસોને આઠજ. એ મુજ તાત બલીહારી; કુળ તારૂં શાખજ છાનું, મા આગળ મોશાળ; વળી કહેતો ઢગલા બંધી, હું આપુ દષ્ટાંત. એમ બોલતાં ચડસા ચડસી વધી પડી તો ભારે; રાતો તાતો થઇ ગયો છે, પ્રદુમન સુત કંસારે ! વલણ.—કંસ અરિ સુત થયો રાતો, ક્રોધે વદીયો વેગરે; દાસ છગન કહે સાંભળો, છીદ્ર યુદ્ધનું તેણરે.

કડવુ ૫૯ મું.

રાગ મનહર.—ક્રોધ ભયો પ્રદુમન, સુણ તું હેડંબા તન; મદ મહીં છાકી ગયો, છાક તે બેસારેગો. હાથ આવ્યો આજ મુજ, લેઇ નાખું તારી સુઝ; ચકરે ચડેલો આજ, કામમાં લાવેગો. પ્રપંચી પ્રપંચ તારો, તોફાન સુન્યો મેં

સારો; બળીયા સુ બાથ બીડી, તેહતો દેખાડેગો. જમ જેવા જાદવના ગામમાં તોફાન કરે, કાલ જેવા કૌરવ તુંજ સીરતોડ ડારેગો. ગટારગછ કહે સુણ પ્રભુ- કે નંદન તુહી, પાછી પડ મુજને તું દૈત લલકારેગો; તારા તાર તુજ કરે મા- યાવી ભયેગા જબ, તોબા તોબા કરી તારો પ્રાણુતો નિકારેગો. આપો આપ બલકર તબનો પીછો ન પરૂં, કર તુજ પકરકે, માર બહોત મારેગો. કીશનકે સુત દાસ છગન કે દાવ આયો કેસ તુજ પકરકે સમુદ્રમે ડારેગો. ચોપાઇ.—જી- ભા ભેરી એમ ત્યાં ચાલી ઘડી બે ચાર; પ્રદુમન કોપે ચઢયો, થનાર હોય તે થાય. એવે કૌરવ દળ વીશે, પહોંચ્યો અભિમન્ન, કરણ સામો આવિયો, સાથે લઈ બે તન. ગાજી બોલ્યો કરણ ત્યાં, આવ્યું તારૂં મોત; કન્યા હરી કપટે કરિ, થાકયો શું ખદ્યોત. સિંહ હોયનો ગાજી ઉઠે, શીયાળથી શું થાય; જામે- લુહું જીવનો, પડતું મારે પાય. અભિમન્યુ કહે હોય જીવવું, તો પડ તું મુજ પય; દયા આવે બે પુત્રની, જતો મુકું આ ઠાંમ. મગરૂબી શું તું કરે, કરૂં વાંઝીઓ આજ; પેટભરો તું પાકીયો, દાસી પુત્ર અભાગ. ક્રોધ ચઢયો ત્યાં કરણને, સંભાળ્યું ધનુષ, બે પુત્રે આગળ થઇ, પીતા કીધા તુપ. કહે પુત્રો અમ છતાં, તમો યુદ્ધમાં જાવ; અમે હણી શું એહને, બેઠા જુઓ દાવ. કરણ વિચારે પુત્ર કેવા, યુદ્ધ કરે છે આજ; વશ કેતુને ચંદ્ર કેતુ, કેવી રાખે લાજ. માટે જઈને દુર બેઠો, સામા થયા બે શુર; ટંકાર કીધો ધનુષના, શત્રુપર બ- ળપુર અભિમન્યુએ પણછ ખેંચી, તેવો થયો ટંકાર; બ્રહ્માંડ તો ભાગી પડે, લાગેછે ભેંકાર. વલણ.—પણ ખેંચી સામ સામે ચઢયા યુદ્ધમાં તેહરે, દાસ છગન કહે યુદ્ધે જામ્યું સમોવડીયા જોહરે.

કડવું ૬૦ મું.

ઝુલણા સાખી.—તડા તડ તીર કાઢી ધનુષ સંધાન કર્યાં, વિજળી શાં ઝળ હળે, જાણે જીવ તે લીયે; કહે વષ કેતુ એમ કન્યા દેઇ પાય પડ, અભિ- મન્યુ કહે વર વરે ભાનુમતિ તે. વીચારીને બોલ મંત્ર પુત્ર તણા પુત્ર તુજ, અભિમન્યુ કહે દાસ પુત્ર જાતું ખશીને. તડા૦ વશ કેતુ કહે એમ, કપટ કરી- ને જેમ; રાજ પાટ લીધું અમો, પીતા તુજ ઠગીને. કપટી કપટ કરે, તેનું ફળ મળે વ્હાણે; ઉંટ હાથી આપી [કેવા] ઠગી લીધા તમોને. તડા૦ કહે વષ તુ

એમ; સભામાં દ્રૌપદી આણી; નચાડવા નગ્ન કરી, સમશેર ધારીને; અભિમન્યુ કહે મુજ, બંધુએ શણગાર દઈ, નગન નચાવી માત, કાકી મામી તારીને. તડાં૦ વપ કેતુ કહે સુણ, તુજ તાત કાકા સહુ; દુઃખ દેવા કેવા કાઢયા, અઘોર વન મારીને. અભિમન્યુ કહે તેહ દાવ વાળ્યો કાલરોજ, શાક ભાજી ખવરાવી, કેવા માર્યા ઓકીને. તડાં૦ જીભા જોળી સુગ્રી કરણ પેટ પાસુ બળી જાય; મ્હેણું મારે સવાયુ તેથી હું થીન ખમાયરે. માટે મારા દીકરા તું મહેણાં ટેણાં મુકી દેય; ઉદ્યમ લઢાઈ કરો, એનો નહી થાકેય. તડાં૦ વલણ. થાકે નહી મ્હેણાં થકી એમાં નહિં કાંઈ માલરે; દાસ છગન લઢવા તણો ઉદ્યમ રચ્યો હાલરે.

કડવું ૬૧ મું.

રાગ સાખી.—વૈશંપાગન એગુણેર બોલ્યા, સુણ જનમેજય રાય; દાસ પુત્ર કુંવર ચઢાવ્યા, હવે તીહાં શું થાય. વપ કેતુને ચંદ્ર કેતુ, હાથ ગ્રહ્યાં હથીઆર; અભિમન્યુએ સામાં લીધાં, હીંમત ધરી અપાર. કૈરવ સઘળા આયુધ લઈને, તુટિ પડયા તે વીર; અભિમન્યુ નો નથી લખવનો, તૃણ માત્ર તે સાર. જાદવ દળે ગટોરગછે ઝાઝુ કીધું જોર; ગુપ્તી ગેડી ગદા મારે, થાયે શેર બકોર. ગભરાયો છે ગટોરગછને શીશ કેશ ઝટ કાર્યો; જુ જુ જેવા જીવ હજારો, પડી અરથ તે સાર્યો. પૃથવિ પાણી પવન અડતાં થયા દૈત તૈયાર; ગજ ગજના છે દાંત જેના, બુચા ઊંચાં અપાર. તેઓએ તો તુટી પડીને, જાદવપર કીધું જોર; જેને વળગે તેને ન મુકે કરતાં શેર બકાર. કૈરવ દળમાં યુદ્ધ ચાલ્યું, સઉને વ્યાપી રીસ; ચંદ્ર કેતુએ બાણ માર્યું, અભિમન્યુને શીષ. ગાંડિવ પુત્રે સામું મારી, તેનો કીધો ભંગ; ચંદ્ર કેતુએ મંત્ર ભણીને, માર્યા બાણ અલક્ષ્ય અભિમન્યુએ સામાં મારી, તેનો કીધો નાશ; મંત્ર ભણી નાગ પાસ મેલ્યું. અરજુન પુત્ર ખાસ; તેણે કરણના બે પુત્રોને, અવળે હાથે બાંધ્યા, તે દેખીને કરણ ઉઠયો, ગરૂડ મંત્રને સાંધ્યા. બાણ મારી હાથ છોડયા, પુત્રોને ધિક્કાર્યા નામ બોળુ બે નીકળીયા, કશા અરથ ના શાર્યા. એમ કહીને બાણ લીધું, અગણી તું તે વાર; સાઠ હજાર તે એકનાં થાયે, એવો સુર્ય કુમાર. અરજુન સુત પણ નથી કાચો, સામા મારે બાણ; ચાળીસ હજાર તેનાં થાયે, ના પામે

ઓસાણ. પણ બિચારો ગજુ કેટલું, કૌરવ દળ તર વરતું, અગીયાર ક્ષોણી સાથ એકલો, એથી કહો શું નરતું. તોપણ જુદ્ધે જોર કરીને, રહ્યો તેહ ટકાવિ, સુર્ય પુત્રની સામો તે તો જોર કરે ના ફાવી. કરણ આગળ ગજુ કેટલું, બહુ પડે છે માર, આશ પાશના યોદ્ધા કેરાં, બહુ વાગે હથીયાર. જાદવ દળમા જોર કરે છે, બળિયો પ્રદુમન, શીવ મંત્ર ભણી બાણ માર્યું, રાક્ષસ કરયાં પતંન. તે દેખી માયાવી કોપ્યો, ફરી શીષ ધુણાવ્યું; ચાળીસ હજાર રાક્ષસો ઝિળયા, જોઇ મનને ભાવ્યું. આજ્ઞાતો આપી તે સહુને, જાદવ દળમાં સોંઢો; તમે તમારૂં જોર દેખાડો, જાદવ નામે ત્રોડો. ગયા રાક્ષસો ઘોડ મુખા, ગર્દંતા મુખા જયાંહે, શ્વાન મુખાને શિયાળ મુખા પીડે જાદવ ત્યાંહે. કૈનાસે ને કૈતો ભાગે કે મુકુટ ઢળી જાય; બાણ તિરને ભાઠા મારે, કશુ ન રાક્ષસ થાય. વળી તાડ બે તાડ ઊંચા કૈના લાંબા કરણ, રૂપવંવિકો નારા થૈને, જાદવ ઇચ્છે મર્ણ બીહામણા બડ ભકતો ભુંડા, જેનું ઝાઝુ જોર, તાવ તરીયા એકાંતરીયા, ઝાડા ભારે ભોર. મુખ પહોળાં કે દૈયો કેરા, બદસ-વીસ ગળી જાય; જેના સામું મુખ ફેરવે. તે ઉભે ના ત્યાંય. કરતા નાસા નાસ જાદવ, પડી રહી બુમરાણ; ધુળકોટ થઇ ગયો પલકમાં સુધબુધ થૈ હેરાન. કે દૈયો તો પથ્થર લાવે, આકાશેથી નાખે; ઝાડ પહાડને વિંછી વાનર વરસાવે તે પાખે. ત્રાહે ત્રાહે સૌકો કરતા. સુઝે નહિં સમરથ્થ; અભિમન્યું શું કારવ દળમાં કરતો તો વડ હથ્થ. હતો એકિલો પણ ટેકિલો, ભલી ભીડાવી બાથ; સુર્ય પુત્રની સાથે પોતે, આજ મેળાવ્યો હાથ. કોપ કીધો કરણ રાયે, ભણ્યો શીવનો મંત્ર; બાણ છોડયું રણ વિશે, ભાગ્યો રથનો તંત્ર. રથ હીણો કુંવર થયો, પગ પાળો અભિમાન; ઓથ આશરો નવ રહયો, મારે ભુલ્યો ભાન. ભાલોડાં ભેદ્યાં હદકમાં ફાટયાં સઘળાં વસ્ત્ર, આભુષણ તુટી ગયાં, વહે રૂધિર દેહાસ્ત્ર વપુ ચારણી વત થયું, તરી ગયાં લોચન; ગેટારગેછ સંભારીયો, ભીંડ તણો ભજન.

કડવું ૬૨ મું.

રાગ ચાલતો.—દૃષ્ટિ ગઇ ગગંનથી, ગેટારગેછની સાર; કૌરવ દળમાંહે અભિમન્યુ, દીઠો નિરાધાર. દુઃખ દેખી બંધુ તણું ક્રોધ હળાહળ ચઢિયો; જયદ્રથ બનેવી દુરયોધનનો, તેના રથમાં પડિયો. ઘોલ મારી ગબડાવી દઇ, પોતે રથપર બેઠો; અભિમન્યુની પાસે જઇ બેસારી ઉતરયો હેઠો. પછી કર્ણું કે છે

કંઈ ઇચ્છા ? કહે અભિમન્યુ વીરા, ઘણી કરી ચિંતા મુજ લાગી, નથી રહ્યા અધીરા. તમે તમારૂં કારજ સાધી, વળી નજર તો કરજો, માયાવી કહે વીરા મારા, નિર્ભય થઈ વિચરજો. એમ કહીને વળ્યો સત્વર તે ચઢિયો આકાશે, પ્રદુમનના રથની હેઠે. અચાનક ભય ભાસે. રથ ઉપાડી માથે લીધો, ઉંચો ચઢયો ગગન; જીવ લેવા થયો ઉભો, ચેત્યો પ્રદુમન. ભાલો લીધો હાથમાં ને રથની તળીયે મારયો, રથ ઉછાળી નાખી ગામમાં, જાદવ દળમાં આવ્યો સરદાર તમારો છે નહિ, તો લઢવું કો સાથે; રાક્ષસ રાક્ષસણી કોપ કરે તે, સહ્યો જાય નહી માથે. આખર દળ ભંગાણુ પડયું ને, જાદવ નાઠા ઘેર; માયાવીની જીત થઇ ત્યાં, થઈ છે લીલાલહેર; સર્વ દૈત્યને કહે ગટોરગંછ, ભાઇની પક્ષજ કરવી; કૌરવ દળમાં જાવ સોંસરા, ભુખ થાક સૌ કરવી. પોતે જે આકાશે ઉભો, નીચી કીધી દ્રષ્ટ; ત્યાંનો જોર કરણ બહુ કરતો, અભિમન્યુ પામતો કષ્ટ જોઇ એવું ઝડપ મારી, કરણ રથ તળે પેઠો, રથ ઉપાડી ગગને ચઢિયો, કરણ કાકા હું હેઠો. રથ તારો દરિયામાં નાખી, કાકીને રંડાવું; છૈયાં છોકર કળકળે ને ભુંડી વાત ભેડાવું. વચન સાંભળી કરણ ધ્રુજ્યો, આ માયાવિ ભુંડો, ખરા રંગમાં ભંગ કર્યો તે, હા ! ઉતરાવે ચુડો. ધનુષ આણતો નીચે મુકી, કરમાં લીધો ભાલો; રથ જંગલમાં ફેંકી દીધો, હાડ કરણ ફુટાડયો. ત્યાંથી કુદ્યો દુરયોધનના, હાથી ઉપર આવ્યો; હથિઆરો સૌ છીનવી લઇને, છત્રપતી ગબડાવ્યો. હાથપરથી પડયો હેઠો, માથુતો કુટાયું; વહ્યું લોહિ રાજાને માથે, જગત થાય સૌ ડાહ્યું. ગંટારગંછતો હેઠો આવ્યો, છાતીપર ચઢી બેઠો; આજ કાકા ઠેર મારૂ, ભીમ પુત્ર જુવે તો. થયો નિશ્ચય દુરયોધનને, હવે મોતજ આવ્યું; જીવતદાન દે મુને ભાઈ, કશું કહું નહીં હાવું. નથી જોઇતિ કન્યા મારે લક્ષમણ રહે કુંવારો; પ્રતાપ તારો જીવું તે તો, કરૂં નહીં લવારો. દુરયોધનને પડયો દેખી, લશ્કર સર્વે નાઠુ, શકુની આગળથી નાઠો, ઊંદર બીલાડી સાટુ. દુરયોધન કળ કળવા લાગ્યો, છોડય ભાઇ તું મુજને, હવે દ્વારિકાં વાટ ન આવું, પાયે લાગુ તુજને નમ્ર વચન કાકાનાં સુણિ, દયા ગટોરગંછ આપી, છાતીપરથી ઉઠયો બળીયો, જય જય સઘળે કહાવિ. મુઠીવાળી દુરયોધન નાઠા; લોપ રાક્ષસો કીધા, અભિમન્યુનિ સાથે રથમાં, આનિ ધામા દીધા રાશ પરોણો ઝાલી બેઠા, થયો સારથી પોતે; દુરયોધન તે દેખી કહે છે, મામા સંશય ખોતે. ક્ષત્રી વટથી કન્યા લીધી, બે કુંવર છે બળિયા; આજ ઉતરયો એ પરતાપે, નહિ તો ભોગજ મળીયા જીત જોઇ બળદેવ કોપ્યા, હળ

મુશળ તો લીધું. રથ હાંકે ત્યાં ચક્ર ભીડણમાં,, કુડુ કારજ કીધું. ભીષ્મ કહે વીચારિ ધરજો, આયુધ તે ક્રો સામે; મારે તમારે લડાઇ થાશે, ભલુ વચન ક્રોધ ભામે. બલીભદ્ર કહે આશું બોલો ? અવળાં વેણુ અકારાં; ભીષ્મ કહે કે એ બેઉ પણ છે છેયાં અમારાં. એમ કહીને આયુધ લીધાં પુત્રનો કરવા નાશ; કૃષ્ન વિરા ચાર જણની, લેજે તું તપાસ. કૃષ્ન કહે કે ચક્ર મુકુ—જાદવ કરવા નાશ. હલધર કહે તું એમ શું બોલે, ગરીબ જાદવ ખાસ. કૃષ્ન કહે કે વીરા મારા, ન્યાયતણો પથ રહાવો, કયા વાંકે એને મારો, તેહ ન્યાય બતાવો. હલધર કહે કે નજરે જોયું, ઓરે અશરણા શરણ; આપણે વર તોફાન કીધું, કરયું કન્યાનું હર્ણ. પ્રભુ કહે કે હર્ણ કીધું, તેહ અનીતી શાની; પહેલો વીવા શીદ કરયો તો, લીધી કન્યા માની. હતી એમની એમણે લીધી, તેમાં શેનો વાંક; કેમ જવાદે કન્યા નીજની, હોયે સૌને નાક. ભીષ્મ કહેકે સુણો દ્રોણજી; વરમાં સળગ્યું ઠીક. આપણુ સરવે જોવા કરીયે, હવે રહી નહી બીક. કૃષ્ન વચન સુણીને હલધર, કોપ ચઢયો મ્હા ભારી; આ સહુ કરનારો તું તો, તારી વાત વધારિ. કૃષ્ન કહે કે હા મેં કીધું, નહી મરવા હઉ બાળ; કહે હલધર કપટ તારૂં, જાણ્યું મેં ગોપાળ.

કડવું ૬૩ મું.

રાગ ચાલતો.—હળ મુશળને હેઠું નાખી, રથમાંથી ઉતરિયા; અભિમન્યુને પુછવા લાગ્યા. બતાવ કન્યા અહો છોકરા નહીં દેઊં તુજ ઘેર, અભિમન્યુ કહે નથી જોઇતી, નિશ્ચે ધારીપેર. અમે અમારી કહેવરાવીને લીધા છે બહુ લ્હાવો, અશોક બાગના ભોંયરામાંહે, જઈ ને કન્યા લાવો. લાવો કન્યા ભોંયરે, અશોક બાગે સારરે; દાસ છગન કહે સુણી હલધર, લેવા ગયા તે ઠારરે.

કડવું ૬૪ મું.

રાગ રામકળી.—આવ્યા હલધર કોપ કરીને, અશોક બાગે સારરે; વાવડીમાંથી જોઇ કન્યા છે, ભોંયરામાં સારરે. ચારે બાજુ ચોકી મુકયા, મોટા મોટા દૈત્યરેશીવ સ્મરણ તે ઠામ કરી, લપડાકે ઉડાડયાં ચૈતરે. રક્ષણિઓ પ-

ણુ લોપ કીધી, કન્યા રહી એકીલી, નિજ પીતાને દેખી ત્યાંતો; ખાંઝી પડી ટેકીલી. ખંધોલે બેસારી પોતે, રૂપ બેઇ કળકળીયા, થો પાનેતર કંકણુ કંકુ ભરી કન્યા લૈ વળીયા. કૌરવ હારી નાઠેલા તે, એક જગાએ મળીયા, જોયું નજરે તેમણે હલધર, કન્યા લઇ ઘર પળિયા. દુરયોધન કહે મામા તમે ત્રીજો દુશાશન, કરણુ સાથે આપણુ જઇયે, હલધરને ભોવંન. સમજાવીને કન્યા લઇએ, થઇયે તરત વીદાય; સઉ નારીને રૂજા આપો; હસ્તિનાપુર જાય. તવ સઉ નારી વિદાય કીધી, સઉ કૌરવ તો ઉભા કન્યા લેવા ચાર જણાને, દ્વારામતિમાં થોભ્યા. જઇ દુરયોધન હલધર પાસે, થઇ ડાવકો બેઠા; ભંગ કર્યો આપણુના રંગે, પાંડવ તન મ્રા બેઠો. જ્યારે ત્યારે નડે અમને, ગણાય છે બહુ રાંક; બળદેવજી તમે નજરે જોયું, એમાં કોનો વાંક. કરમ એમનાં એ ભોગવશે, કરે અધર્મ અન્યાય; અમે અમારે લઇને જઇએ, સુરેખા કન્યાય. તવ હલધરને ક્રોધજ વ્યાપ્યો, બોલ્યો શું હરામી; પરણી ચુકી કન્યા તેને, કરૂં શું બીજો સ્વામી. વગર વિચારે શું લવે છે, શેવક લાવો ખડ્ગ, મસ્તક છેદુ એહનું હું, ચુકુ નહી અડગ. તવ ચારેજણુ મુઠી વાળી; નાઠા તેણીવાર; રથે બેશી ગયા નીકળી, દ્વારીકાની બ્હાર. ત્યાં જુએ તો ભીસમ દ્રોણુ કૃપ, અશ્વત્થામા કૃશ્ન પાંડવ સુતને પાસ બોલાવી, પુછવા લાગ્યા પ્રશ્ન ગટારગંછને અભિમન્યુ તો, પડયા પ્રેમથી પાય, આશીષ દઇને મસ્તક મુકયો, કર શ્રી ભીશમપીતાય. મંદ હસીને ભીશ્મ કહે છે, અહો ભીમના તન ! ક્રિયા તારી જોઇ થયો હું ખુશી મારે મન. ધન ધન તારી જનેતાને, ધન ધન તારો બાપ; ગટારગંછ કહે સવૌદાદા, તમારો પરતાપ. ભીશ્મ કહેકે વટ વહેવારે, ધરવી ન કોનિ ધાક; શાબાશી તો સવાઇ કાઢવા; જવા ન દેવું નાક. પછી કહે છે અભિમન્યુને; ઓ લાડકડા તન; તાત આવતા સુધી તું તો; રહેજે હેડંબા વન. કાંજે કપટી કૌરવ ઝાઝા; દગો કરે તુજ સાથ. અણુ ચિંતવ્યું વિઘન આવે; પડે ઘસવા હાથ. અહો ગટારગંછ અભિમન્યુને રાખે તારે ઘેર; ગટારગંછ કહે મા દીકરો બે; ભલે રહે મુજ ઘેર. વચન તમારૂં માન્ય કરૂં છું; એઓને નહિ છોડું. ગમે તેવાં વિઘન આવે; તે સર્વે નિવેડું. કુંતાજી છે વિદુર ઘેરે; તેને હોય જો ચિંતા, તોપણ તેઓ અહીં આવે; ભલે રહે નચિંતાં. ભીશ્મપીતા ત્યાં એમ કહે કે; તમે ન ધરશો ચિંતા. કુંતાજી ત્યાં ભલે રહેતાં તેની નથી અભિચ્છા. તમે તમારે નિર્ભય રહેજો; ઓરે મારા તન; વંશ વૃદ્ધિ તમથી થાશે; પાકયા છે બે રતન. બંને પુત્રો બે પાયે પડીયા, રીઝયા જુગજીવન; પાંચ જણે

કર મુસ્તક મુકયો; આશીષ દેતા મન. વલણ.–આશીષ પાંચે દઇને; પછી વધ્યા વચનરે. તમે જાવને અમે જઇએ; દાસ છગન ધન ધનરે.

કડવું ૬૫ મું.

રાગ ધનાશ્રી લેહકેણી.–વદે વૈશંપાયન વેણ; સુણ જનમેજય મુજ કેણ. તારો પીતા પરીક્ષતરાય; તેનો બાપ અભિમન્યુ થાય. તેનાં ચરિત્ર વંશ વિશેક; જેને વર્ણવતામાં વિવેક. દિધી આશીષ ચારે સત્ય; પળ્યાં પંથ પછીનિ ગત્ય. તે તો જઈ મળ્યા કૌરવ દળમાં; કૃશ્ન પ્રભુ ગયા નિજ ઘરમાં. બંને ભાઇ થયા વિદાય; આવ્યા એક જોજનની માંય. ત્યારે કહે ગટોરગછ સારઃ ભાઇ તમો રહો આ ઠાર. થોડી વારમાં જઇને આવું; નવું કૌતુક કાંઇ બનાયું. હું તો કરી આવું ખેલ લગારઃ કાકી આગળ ગઈ છે સાર. એમ કહેતામાં તત્પર થયો; જુથ કૌરવ જુવતી ત્યાં ગયો. પુરો માયાપી બળવંત બળિયો; ધરે રૂપ તે જાય ન કળિયો. જુથ જુવતિ જાય ત્યાં જઇને; શત કૌરવનાં રૂપ લઇને. બળિષટ કારભારી તેવા; આબેહુબ કળાય ન કેવા. પોતે દુરયોધન રૂપ બનિયો; દુઃશાસન દુરેખ દુઃમનિયો. દિઠા આવતા ભાનુમતિએ; થઇ તલ પાપડ તપતિએ. ભક્કા બોલો સ્હેજ સ્વભાવ; પુછે ભાનુમતિ લાવી હાવ. કહો કન્યાનું કીધું કેમ ? કહે કપટ દુર્યોધન એમ. તુ તો નિર્ભાગણી છે પુરી; બોલવામાં છે બહુ શુરી. રાંડા તમ પગને પરતાપ; અતિ ઉપજીયો સંતાપ. જીવ જાતાં મારો બચિયો; જુદ્ધ જામ્યું ને વાધ્યો કજીયો. સર્વ સ્ત્રી કહે બોલો સંભારિ, પુઠે નિર્ભાગી તમ ભારી. વાંક અમારો શાને કાઢો; જાન સીંદાડી પરણાવા લાડો. પહેલી અક્કલ કયાં બળિગઇતી; કન્યા તો પિત્રાઇની થઇતી. વાંક તમ તણો લોભે લેવાયાઃ શુરા પુરા શા રાંડના ડાહ્યા. સુણી વચનને વાધ્યો કોપ; કપટી દુરયોધનને કરી ચોંપ. હાથ ઉછાળી ચોટલો ઝાલ્યો; એક તંત્ર નબ્ઝાનું હાલ્યો. સર્વે હાથ ગ્રહીનીજ નારી; ખેંચી પાડે રથથી ન્યારી. ગ્રહિ કેશને દેછે માર; ગાળો ભાંડે નવગ્રી અપાર. પાટુ ગડદા દીચણ મારે; એકસો છ એકી હારે. કાળો કેહેર કર્યો માયાવી; વેર દ્રુપદીનું લીધું મન ભાવી. રદા રોળને ભાંડા ભાંડઃ બાપના બાપ સંભારે રાંડ. ત્યાંતો ઝાઝો કો-

લાહલ મચિયો; કાકી કચીયો તે થઇ પકિયો. એવે કૈરવ દળનો આવ્યું; સુ-ણી કોલાહલ હરસાવ્યું. કોઇ કરે સ્ત્રીઓને હેરાણ; ધાઇ પહોચ્યો લુટે છે કોણ. હડમલ દોડતા જોઈ, લોપ થયો માયાળી ત્યાંઈ; આવિ કૈરવ સર્વે પુછે, રડા રાંડો તે કારણ શું છે ? ત્યાંતો પુછેછે. ભુપાળ, રાણી કહે તમારૂં કપાળ ! મારી નાખીને થાવ અજાણ્યા, છો સપુત તે સર્વે જાણ્યા. જોયુ શત પુરૂષોએ દુઃખ, લાગ્યા હસવા દઇ વસ્ત્ર મુખ; એવે બોલ્યો દુર્યોધન, મામા કેવા આ શુકન; કોણે કીધું ને આ શું થયું, દુઃખ કહેવાય નહિ જે કહ્યું. બોલ્યો મામો શકુની એમ, કાકા વિદ્યા જાણી જેમ તેમ; એનો આવ્યું ગટોર ગચીઉ, જેણે કાકીને નચત્રીયું. કરી આશ્વાસન સહુ નારિ, વાત ગટોગંછ વિસ્તારી; તે તો ત્યાંથી થયો જે લોપ, હસ્તીનાપુર ગયો કરી કોપ. વલણ—કોપ કરી માયાવી પહોચ્યો, હસ્તીનાપુર માંયરે; દાસ છગન કહે. હવે તીહાં શું થાયરે.

કડવું ૬૬ મું.

રાગ આશા લેહેકણી.—હસ્તીનાપુર કોપ કરીને, પહોંચ્યો ભીમસેન તન; શકુની કેરૂં રૂપ લઇ ગયો, દરબાર ગઢ જયાં અંધ. ધૃત્રાષ્ટરની સભામાં આ-વ્યો, ત્યાં બોલ્યા છડીદાર; આવ્યા શકુની જુહાર લેજો, અંધ વદે તે ઠાર. કે-મ શકુનિ કયાંથી આવ્યા, જાન રહિ કો ઠામ; શું શું થયું તે દ્વારીકા વિષે, પ્રેમ કેવો બળરામ ! કપટી ગટોરગંછ શકુનિ રૂપે, બોલ્યો આંસુ પાડી; દ્વારી-કાની વાત કહું શું, જીભ ન ચાલે અગાડી. કર દેઈ લલાટે ત્યાંતો, માંડયુરે રૂદન; રડતાં રડતાં કહેવા માંડયું, આવ્યા પાંડવ તન. શું કહું તમને વાત તેહની, એક ગટોરગંછ બળિયો; ભીમ તણો સંતાન આવ્યો, બળમાં નવ જાય કળીયા. બીજો અરજુન તન અભિમન્યુ, એણે વાળ્યો ઘાણ; હરણ કીધું કન્યા કેરૂં, લીધા જાનના પ્રાણ. માયાવિ સુત ભીમતણો તે, સર્વેને સંહારે; બાળ બચ્ચાં નર ને નારી, કો જીવતું ના ધારે. હું એક નાઠો રહયો જીવતો તે તો તમ પ્રતાપ, વેર વાળી પીતા કેરૂં, અને બોલ્યો તે આપ. ચાલો ભાઇ અભિમન્યુ આપણુ, ચોથે દહાડે જઇશું; રાજ રિધને મહેલ કબજ કરી, મન માની સેલ કરીશું. સો ભાઇ નાસો મહેલ ભોગવિયે, થઇયે છત્રપતિ આપ; પાંડવને તો લાવી રાખીયે, મટે સર્વ સંતાપ. એવું સુણી જવાળા પ્રકટી, અં-

ધ તણે પગ શીશ; માથું કુટી અંધ બોલ્યો, મન જણાવી રીસ. અરેરે આતે શું નિપન્યું, ઉપન્યો પાંડવ વંશ; મહેલ મારા એ ભોગવશે, એતો મુજને ક્લેશ. આટલું થાતાં પાંડવનો વંશ, સુખ ભોગવે તે હાજે; આપી આજ્ઞા આંધળે કે, [શેવક] દૈવત દાખો આજે. મહેલ સઘળા તોડી નાખો, લક્ષ શેવક જાઓ; ઝટપટ સઘળું સાફ કરીને વાત મને જણાવો. લક્ષ શેવકો વીદાય થઈને ઝપાટે દૈવત દાખે; શત મહેલ તોડી નાખ્યા ઝટપટ, એકુ પણ નવ રાખે ખુશ થયો મન કપટી શકુની ભારે કીધું કામ; ઝાડે ફરવાનું નામ દઈને લોપ થયો તે ઠામ. એક સપાટે ચાલ્યો આવ્યો, અભિમન્યુને મળિયો; રાશ પરોણો હાથ લઈને, રથ હાંકતો તે બળીયો. વાતો કરતાં ચાલ્યા બંધવ હશે રંગે બે વિર; હિડિંબા વનમાં આવી ઉતર્યા ઘર ગય ગુણ ગંભીર. વલણ.— ગુણ ગંભીર ગુણવંત પહોંચ્યાં ઘરમાં તેણી વારેરે; શિશ નમાવ્યું માતને. વીતી કહી નીરધારેરે.

કડવું ૬૭ મું.

રાગ સામેરી.—ગેટારગેછને અભિમન્યુ, ગયા પોતાને ઘેર; વાતો કરતા માતશું, કૌરવ દળ શી પેર. હસ્તીનાપુર જાન પહોંચી, જોયું ત્યાં મેદાન; કેમ અન્યુને કોણે પાડયા. મહેલ શત નિદાન. ધૃત્રાષ્ટ તો વદયો મુખથી, મહેલ કયાંથી આવ્યા; દુરયોધન કહે આવા ખોટા સમાચાર કો કહાવ્યા. ધૃત્રાષ્ટ કહે તારે મામે, આવી કહી છે વાત; શકુની કહે કાંઈ ન જાણુ, આવ્યો જાનની સાથ. મારા જેવું રૂપ ધરીને, આવેલો માયાવી, ગેટારગછીયું છે મહા ભુંડું સોએને રોવરાવી. દુર્યોધન કહે પીતા મારા, પાંડવ તો બહુ સારા; પણ બે પુત્રો ભુંડા ઉઠયા, એ બે છે નઠારા. ભીમસુતની વાત કરવી, એની છે બહુ બીક; અરજુન સુત જે અભિમન્યું, એતો ઠીક ઠીક; એણે સત્યાનાશ વાળ્યું, રહેવાનું પણ ટાળ્યું. વળાય એટલું આપણી સાથે, પાંડવનું વેર વાળ્યું એમ કરેછે અંધ સુતને, અંધ પરસ્પર વાતો, કઢયા ધીકયા અઢળક થાતા, ખાધેલી છે લાતો. અભિમન્યુ જઈ નમ્યો સુભદ્રા, ચરણ મુકયું શીષ; ગેટારગછનાં વખાણ કીધાં, દીધી છે આશીષ. ગેટારગછ જો હોત નહિ તો, કન્યાનો રહેત અદાપ. ગેટારગછ કહે અભિમન્યુ પરણ્યો, પોતાને પ્રતાપ. અભિમન્યુ

કહે અધિક કીધું, કૌતુક ત્યાંતો ભાઇ; જાદવ કૌરવ દળ ઓળખાયા, વળી વધી વડાઈ. એહ સર્વ છે પ્રતાપ ભાઇનો, હું તો શું કશી જાણું; હું ને તું જો ગયાં હોત તો. કદી ન વાતજ વ્હાણું; અરસ પરસ એમ વખાણ કરીને, સૌ-કો શાન્તિ પામ્યા પ્રેમ હતો તે અધીક વાધ્યો, આનંદ ડુંગર જામ્યા. વળી કહી ત્યાં વાતજ એવી, ભીષ્મ પીતા જે બોલ્યા; સુત ન આવીશ હસ્તીનાપુર, કૌરવ મદના ડોલ્યા. દગો કરે કે કરે ખરાબી; રહો હેડંબા વન. હેડંબા કહે રહો. સુખે; એથી શું ધન ધન. અને ભાઇની રળી પહોંચે; વળી બેલ છે ભારી. સુભદ્રા શુ વાતો કરતાં; દીન જાય અવિકારી. ભીષ્મ પીતાએ હસ્તીનાપુરમાં; કહી કુંતાને પેર. અભીમન્યુ હેડંબા વનમાં; કરશે લીલા લ્હેર. દ્રીવીત વનમાં પાંડવ છે. તમે સુખેથી રહેજો. જુગજીવનને સહાય કીધી, કામ હોય કંઇ કહેજો. ભકત સુતને માટે ઝાઝી; ખટપટ કરી દયાળ. કરે ભકિત હરીતણી; હેત સુતને પણ કૃપાળ. બોડાણો રણછોડજી લાવ્યો; પછી વીત્યાં અતી વર્ષ. ત્રાંબેકટે દેરૂં બાંધ્યું; પ્રતિષ્ઠાના હર્ષ. પણ સુરતા હાસે નહિ કોથી; સ્વપ્નુ શામે દીધું. બોડાણાનો વંશજ લાવો, સર્વે કામજ સીધું. માટે હરિજન હરીને સેવો; ભજન તણો મહિમાય. આખર વખતે એહજ આવે; જન્મ સાર્થક થાય. સંવત ઓગણી સીત્તર વર્ષે; જેઠ સુદ પ્રથમાય. મંગળ વારે હર્ષે સુરેખા પ્રશ્ન પુરો થાય. ઉમરેઠવાસી વીપ્રવર્ણે; બાજ ખેડાવાળ. દ્વિવેદી દાસ સુત છગને ગુણ ગાયા ગોપાળ. ગુણ ગાયા ગોપાળના પુરા મનના કોડરે. દાસ છગન કહે બોલજો; જય જય શ્રી રણછોડરે.

સમાપ્ત.

જાહેર ખબર.

મહાભારત (વ્યાસ દુરગાશંકર કૃત)

મહાભારતની કથા કરવામાં પંકાયેલા વ્યાસ દુરગાશંકરની રસીક વ ણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમનું રચેલું ભારત અતિ રસીક અને બોધક છે. લગભગ ૬૦૦ પાના અને સુંદર ચીત્રો હોવા છતાં, દરેક માણસ એનો સહેલાઇથી લાભ મેળવી શકે એ હેતુથી કીંમત જુજ રાખી છે. કીંમ રૂ. ૧||| [પોષ્ટેજ આના ૪]

ભકત માળ (પાકુ સોનેરી પુઠું)

આ સંસારની માયામાં જેઓ ફકત મગ્ન રહે છે, તેઓએ આ પુસ્ત ખાસ કરીને વાંચવું. ઇશ્વર ભકિતને લીધે મન નિર્મળ થાય છે. અને આ જગતની ખોટી માયામાં મુકત થઇ ખરા સુખના ધામ ભણી જાય છે. આ પુસ્તકની અંદર એકસો તોતેર ભકતોની અનન્ય ભકિત ઇતિહાસીક દ્રષ્ટાંતો થી બનાવવામાં આવેલી છે. પાના ૨૮૮ પાકુ સોનેરી પુંઠું છતાં કીં. રૂ. ૧] પોષ્ટેજ ૪ આના.

બુકસેલર-સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.